અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૫ માર્ચ ૨૦૨૫, બુધવાર
વિક્રમ સંવત ૨૦૮૧, ફાગણ સુદ ૬
વર્ષ : ૧૬
અંક : ૨૪૨
તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ
કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


હાથીઓની હોસ્પિટલની પણ મુલાકાત લીધી | વનતારામાં દોઢ લાખથી વધુ પશુ-પક્ષીઓને બચાવીને તેનો કુદરતી વાતાવરણમાં ઉછેર કરાઈ રહ્યો છે અહીં વડાપ્રધાન મોદીએ જુદી જુદી પ્રજાતિના પશુ-ક્ષીઓને ખૂબ નજીકથી નિહાળ્યા

## PM મોદીએ વનતારાનું લોકાર્પણ કર્યું : સિંહ, વાઘ, જિરાફ વચ્ચે પસાર સમય કર્યો

| (એજન્સી) જામનગર, તા.૪ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદી હાલમાં જ ત્રણ દિવસના ગુજરાત પ્રવાસે હતા. ગુજરાત પ્રવાસ દરમિયાન તેમણે જામનગરના વનતારામાં વાઈલ્ડ લાઈફ રેસ્ક્યુ સેન્ટરનું લોકાર્પણ કર્યું હતું. વનતારામાં દોઢ લાખથી વધુ પ શુ-પક્ષીઓને બચાવીને તેનો કુદરતી વાતાવરણમાં ઉછેર કરાઈ રહ્યો છે. અહીં વડાપ્રધાન મોદીએ જુદી જુદી પ્રજાતિના પશુ-ક્ષીઓને ખૂબ નજીકથી નિહાળ્યા હતા. એટલું જ નહીં, વડાપ્રધાન મોદીએ એશિયાટિક સિંહબાળ, સફેદ સિંહબાળ, દુર્લભ દીપડાના બચ્ચાંને રમાડીને તેમને ભોજન પણ કરાવ્યું હતું. આ દરમિયાન તેમણે વાઈલ્ડલાઈફ હોસ્પિટલની પણ મુલાકાત લીધી હતી. આ હૉસ્પિટલમાં પ્રાણીઓને ઉત્તમ સારવાર મળી રહે તે માટે વાઈલ્ડલાઈફ કાર્ડિયોલૉજી, નેફ્રોલૉજી, એન્ડોસ્કોપી સહિતના વિભાગો બનાવાયા છે, જ્યાં MRI, CT સ્કેન, ICU સહિતની તમામ અત્યાધુનિક સુવિધા છે. વનતારા હૉસ્પિટલની મુલાકાત દરમિયાન વડાપ્રધાન મોદીએ MRIમાંથી પ સાર થઈ રહેલા એશિયાટિક સિંહને નિહાળ્યો હતો. આ ઉપરાંત પ્રાણીઓને કઈ રીતે સારવાર અપાય છે તેનું નિરીક્ષણ કર્યું હતું. તેમણે ઓપ રેશન થિયેટરની પણ મુલાકાત લીધી હતી, જ્યાં દીપડાને સારવાર અપ ાઈ રહી હતી. આ દીપડો હાઈવે પર કાર સાથે ટક્કર બાદ ઈજાગ્રસ્ત થયો



હતો, જેથી તેને રેસ્ક્યુ કરી વનતારામાં લવાયો હતો. વનતારામાં રેસ્ક્યુ કરીને લવાયેલા એશિયાટિક સિંહ, એકશિંગી ગેંડા સહિતના પ્રાણીઓને વનતારામાં અનુકૂળ પ્રાકૃતિક વાતાવરણ અપાય છે. અહીં વડાપ્રધાન મોદીએ ગોલ્ડન ટાઈગર, સફેદ સિંહ, દીપડાને ખૂબ નજીકથી નિહાળ્યા હતા. અહીં સર્કસમાંથી રેસ્ક્યુ કરાયેલા ચાર સ્નો ટાઈગર પણ તેમણે નિહાળ્યા હતા. અહીં વડાપ્રધાન મોદીએ હેણોતરો પણ જોયો હતો, જે હાલ ભારતમાં ખૂબ જ ઓછું જોવા મળે છે. આ પ્રાણી ગુજરાતમાં ગશ અને શિયાગશ નામે જાણીતું છે. વનતારામાં હેણોતરોની સંખ્યા વધારવા માટે તેમને ખાસ બ્રીડિંગ પ્રોગ્રામ હેઠળ રખાય છે અને બાદમાં જંગલમાં છોડી મૂકાય છે. આ અનોખી મુલાકાતમાં વડાપ્રધાન મોદીએ ઓકાપી(આફ્રિકન પ્રાણી)ને થપથપાવી વ્હાલ કર્યું હતું. ચિમ્પાન્ઝી નિહાળ્યા તથા ઉરાંગઉટાંગને ગળે લગાવ્યા હતા. તેમણે ખૂબ નજીકથી પાણીની અંદર તરતાં હિપ્પોપોટેમસ અને મગર નિહાળ્યા હતા. જિરાફ, ઝિબ્રાના ઝૂંડ વચ્ચેથી પસાર થયા હતા અને ગેંડાના બચ્ચાને પણ ભોજન ખવડાવ્યું હતું. આ ગેંડાનું બચ્ચું તેની માતાના નિધન બાદ અનાથ થઈ ગયું હતું. અહીં વડાપ્રધાન મોદીએ મોટો અજગર, બે માથાવાળો સાપ, બે માથાવાળો કાચબો પણ જોયો હતો, જેમને ખેતરોમાંથી રેસ્ક્યૂ કરાયા હતા. આ ઉપરાંત તેમણે અહીં રેસ્ક્યૂ કરાયેલી જળબિલાડી, સીલ અને કાળિયાર પણ નિહાળ્યા હતા, તો ખાસ જકૂઝીમાં સ્નાન લઈ રહેલા હાથીઓ પણ જોયા. વડાપ્રધાન મોદીએ વનતારામાં આવેલી દુનિયાની સૌથી મોટી હાથીઓની હૉસ્પિટલની પણ મુલાકાત લીધી હતી. સમગ્ર વાઈલ્ડલાઈફ સેન્ટરમાં કામ કરતાં તબીબો, સપોર્ટિંગ સ્ટાફ તથા વર્કર્સ સાથે PM મોદીએ સંવાદ કર્યો હતો તથા રેસ્ક્યૂ કરીને લવાયેલા પોપટોને પણ ખુલ્લા વાતાવરણમાં મુક્ત કર્યા હતા.

## હવે કર્મચારીઓના પગાર AI ટેક્નોલોજીની મદદથી નક્કી કરાશે

| નવી દિલ્હી, તા.૪ |

ભારતમાં સેલેરી અને કર્મચારીઓના સેલેરી સ્ટ્રક્ચરમાં બદલાવ આવવાનો છે. હવેથી સેલેરી નક્કી કરવા માટે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ શરૂ થવાનો છે. મોટી કંપનીઓ આવનાર ૩-૪ વર્ષમાં એઆઈ બેસ્ટ પ્રિડિક્ટર મોડલ અપનાવીને સેલેરી પેકેજ નક્કી કરશે. જાણીતી કંપનીના રિપોર્ટ અનુસાર, ૧૦માંથી ૯ કંપનીઓ કર્મચારીઓની સેલેરી અને ઈન્સેન્ટિવ વિશે નિર્ણય લેવા માટે એઆઈનો ઉપયોગ કરવા ઈચ્છુક છે. પગાર નક્કી કરવાની સાથે જ રિયલ-ટાઈમ પે ઈક્વિટી એનાલિસિસ અને કસ્ટમાઈઝ્ડ બેનિફિટ્સ માટે એઆઈનો ઉપયોગ કરવામાં આવશે. આ સાથે જ આવનારા સમયમાં કંપનીઓ ફિક્સ્ડ સેલેરી સ્ટ્રક્ચરથી હટીને એઆઈ આધારિત પૂર્વાનુમાન અને રિયલ ટાઈમ સેલેરી રિવિઝનની તરફ આગળ વધશે. ઘણી વખત આરોપ લાગતા હોય છે કે, એચઆર મેનેજરો દ્વારા વ્હાલાદવલાની નીતિના આધારે અમુક કર્મચારીઓને પગારમાં વધારો મળે છે.

## અમેરિકાએ યુક્રેનને મળતી તમામ સૈન્ય મદદ પર રોક લગાવી

| (એજન્સી) વોશિંગ્ટન, તા.૪ |

વ્હાઈટ હાઉસમાં યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી અને ટ્રમ્પ વચ્ચે વિખવાદ બાદ અમેરિકા એક્શન મોડમાં આવ્યું છે. ટ્રમ્પે યુક્રેનને અપાતી તમામ સૈન્ય મદદ પર તાત્કાલિક રોક લગાવી છે. વ્હાઈટ હાઉસના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું છે કે ટ્રમ્પને ખાતરી થાય કે ઝેલેન્સ્કી પણ શાંતિના પક્ષમાં છે પછી જ યુક્રેનને કોઈ મદદ કરવામાં આવશે. ટ્રમ્પના આ નિર્ણયથી એક અબજ ડોલરના હથિયાર સંબંધિત મદદ પર સીધી અસર થશે. બીજી તરફ ઝેલેન્સ્કી યુક્રેનને સુરક્ષાની ગેરંટી માંગી રહ્યા છે. ઝેલેન્સ્કી અગાઉ પણ કહી ચૂક્યા છે કે તેમને નથી લાગતું કે યુદ્ધ વહેલા સમાપ્ત થશે, જે



બાદ ટ્રમ્પે તેમની ટીકા કરી હતી. હવે ટ્રમ્પના મોટા નિર્ણય બાદ યુક્રેનને ઝટકો લાગ્યો છે. હવે ઝેલેન્સ્કીની નજર યુરોપ પર રહેશે. રશિયા સામેના યુદ્ધમાં યુરોપ ના મોટા ભાગના દેશો દ્વારા યુક્રેનને મદદનું આશ્વાસન આપવામાં આવ્યું હતું. હાલમાં જ લંડનમાં યુરોપના દેશોની ઈમરજન્સી બેઠકમાં પણ તમામ દેશો યુક્રેનની મદદ માટે સહમત થયા હતા. નોંધનીય છે કે થોડા દિવસ અગાઉ યુક્રેનના રાષ્ટ્રપતિ અમેરિકાના પ્રવાસ પર પહોંચ્યા હતા. જોકે વ્હાઈટ હાઉસમાં મીડિયાની સામે જ ઝેલેન્સ્કી અને ટ્રમ્પ વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ ગઈ હતી. જે બાદ ઝેલેન્સ્કી બ્રિટન પહોંચ્યા, જ્યાં યુરોપિયન દેશોએ યુક્રેનને ટેકો જાહેર કર્યો હતો. યુરોપના અનેક દેશોના વડા સાથે યુક્રેનના રાષ્ટ્રપતિએ બેઠક કરી હતી. યુરોપિયન દેશો દ્વારા યુદ્ધ રોકવા માટે એક 'પીસ પ્લાન' પણ બનાવવામાં આવ્યો છે, જે ટ્રમ્પ સમક્ષ રજૂ કરવામાં આવશે.

## કેન્દ્રીય મંત્રીની પુત્રીની છેડતી મુદ્દે ભડક્યા કોંગ્રેસ નેતા

| (એજન્સી) નવીદિલ્હી, તા.૪ |

અલકા લાંબાએ પત્રકાર પરિષદ યોજી કહ્યું કે, 'મહારાષ્ટ્રમાં કેન્દ્રીય મંત્રી રક્ષા ખડસેની પુત્રી અને તેની મિત્રની છેડતીનો મામલો સામે આવ્યો છે. પ્રાથમિક તપાસમાં એવી માહિતી સામે આવી છે કે, આ કરતુત ભાજપના પૂર્વ કોર્પોરેટર પીયૂષ મોરેએ કરી છે.' તેમણે દાવો કર્યો છે કે, મહારાષ્ટ્રના મુખ્યમંત્રી સહિત અનેક મોટા નેતાઓ સાથે મોરેની તસવીરો છે. ભારતીય મહિલા કોંગ્રેસના અધ્યક્ષાએ કહ્યું કે, 'જો કેન્દ્રીય મંત્રીને ન્યાય ન મળે તો તેમણે પોતાના પદ પરથી રાજીનામું આપી દેવું જોઈએ અને તેમણે પોતાની પુત્રી સહિત આવી સ્થિતિનો સામનો કરનારી અનેક દિકરી માટે લડવું જોઈએ. ૮ માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ઉજવવામાં આવશે, પરંતુ દિકરી સાથે જે ગુનાઓ થઈ રહ્યા છે, તેનું શું ? પુણેમાં ૧૯ વર્ષિય યુવતી પર સામૂહિક દુષ્કર્મ થયું, તેનો વીડિયો પણ બનાવવામાં આવ્યો, પરંતુ આ કેસમાં કોઈ કાયર્વાહી ન થઈ.' કોંગ્રેસ નેતાએ ગુજરાત-રાજસ્થાન સહિતના રાજ્યોનો પણ ઉલ્લેખ કર્યો છે. તેમણે દાવો કર્યો કે, 'ગુજરાતમાં છેલ્લા ૯ વષર્મા દિકરીઓ વિરુદ્ધના ૧૭૦૦૦ ગુનાના મામલા નોંધાયા છે. ગુજરાત દર મહિને લગભગ ૨૦૦ દિકરીઓ ન્યાય મેળવવા માટે પોલીસ સ્ટેશન પહોંચે છે.' તેમણે કેટલીક અન્ય ઘટનાઓનો ઉલ્લેખ કરીને આક્ષેપ કર્યો છે કે, 'ભાજપની ડબલ એન્જીન સરકારો દિકરીઓ માટે અભિશાપ સાબિત થઈ રહી છે.'અલકા લાંબાએ કહ્યું કે, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, રાજધાની દિલ્હી, ઉત્તરાખંડ અને હરિયાણાનો પણ ઉલ્લેખ કરી ભાજપની ડબલ એન્જીન સરકારો પર નિશાન સાધ્યું છે.રાજસ્થાનમાં છેલ્લા ૬ મહિનામાં મહિલાઓની સતામણીના ૨૦,૦૦૦ કેસ નોંધાયા છે, જે ભાજપ સરકારની નિષ્ફળતા દર્શાવે છે. સરકાર ગુનેગારો વિરુદ્ધ ડર ઉભો કરી શકી નથી. અહીં એક ચાર વર્ષની બાળકી પર દુષ્કર્મ કરાયું, તેણીને બ્લેડ મારવામાં આવી. મધ્યપ્રદેશમાં ભાજપ નેતાઓ સગીર બાળકી પર દુષ્કર્મ કર્યું, પરંતુ તેના વિરુદ્ધ ફ્રૈંઈ ન નોંધાઈ. ટીકમગઢના ભાજપ નેતા સંજુ યાદવની સગીરા પર દુષ્કમર્ના કેસમાં પકડવામાં આવ્યો. આ નેતાએ દુષ્કમીર્ઓને હોટલમાં આશરો આપ્યો હતો. ટીકમગઢમાં ત્રણ સગીર દિકરીઓ પર દુષ્કર્મ આચરાયું અને એક ૧૪ વર્ષની બાળકીએ આત્મહત્યા કરી લીધી. આવી સ્થિતિ સવાલ થાય છે કે, શું તે બાળકીને આત્મહત્યા કરવા માટે મજબૂત કરવામાં આવી? કારણ કે અહીં થયેલા તમામ ગુનાઓના તાર ભાજપના લોકો સાથે જોડાયેલા છે. રાજધાની દિલ્હીમાં એક મહિનામાં ૧૦૧ નિર્દયતાની ઘટના બની. દર દિવસે ત્રણ સગીરાઓ-મહિલાઓ પર દુષ્કર્મ થઈ રહ્યા છે, છતાં સરકાર ચુપ છે. આવી અનેક ઘટનાઓ છતાં સરકાર આવા હવસખોરો વિરુદ્ધ ડર ઉભો કરવામાં નિષ્ફળ ગઈ છે.

## ઉત્તર પ્રદેશના ધારાસભ્યનું શરમજનક કૃત્ય, પાન-મસાલા ખાઈને વિધાનસભામાં જ પિચકારી મારી



| (એજન્સી) ઉત્તર પ્રદેશ ,તા.૪ |

ઉત્તર પ્રદેશ વિધાનસભામાં મંગળવારે એક એવી ઘટના બની, જેનાથી ગૃહની ગરિમા અને સ્વચ્છતાને લઈને ગંભીર સવાલ ઊભા થઈ રહ્યા છે. ગૃહની કાયર્વાહી શરૂ થતાં પહેલાં એક ધારાસભ્યએ પાન મસાલો ખાઈને ગૃહના હૉલમાં થૂંક્યું હતું. જેના પર વિધાનસભા અધ્યક્ષે નારાજગી વ્યક્ત કરી અને આ ઘટનાને શિસ્તભંગ કરાર કરી હતી. તેમણે સ્પષ્ટ રૂપે કહ્યું કે, 'મેં વીડિયોમાં જોઈ લીધું છે કે, આ કોણે કર્યું પરંતુ, હું કોઈ સભ્યનું નામ નહીં લઉં.'વિધાનસભા અધ્યક્ષ સતીશ મહાનાએ મંગળવારની (ચોથી માર્ચી) કાયર્વાહી શરૂ થતાં સૌથી પહેલાં આ મામલે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. વિધાનસભા અધ્યક્ષે ખૂબ જ ગંભીરતાથી કહ્યું કે, ગૃહમાં આ પ્રકારની કોઈ હરકત જરાય સ્વીકાર્ય નથી. આજે સવારે મને સૂચના મળી કે, આપણી વિધાનસભામાં હાલ કોઈ માનનીય સભ્યએ પાન મસાલો ખાઈને થૂંકી દીધું. હું આવ્યો અને મેં સાફ કરાવ્યું. મેં વીડિયો જોઈ લીધો છે કે, આ કોણે કર્યું પ રંતુ, હું કોઈનું અપમાન કરવા નથી ઈચ્છતો. વિધાનસભા કોઈ વ્યક્તિની નથી પરંતુ, ૪૦૩ ધારાસભ્ય અને ઉત્તર પ્રદેશની ૨૫ કરોડની જનતાની છે. તેને સ્વચ્છ અને ગરિમામય બનાવી રાખવું તમામ સભ્યોની જવાબદારી છે.'આ મુદ્દે વિધાનસભા અધ્યક્ષે પોતાની નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, 'જેણે પણ આ કૃત્ય કર્યું છે, તેની ઓળખ થઈ ગઈ છે. જો આ સ્વયં આગળ આવીને પોતાની ભૂલ સ્વીકારે છે તો ઠીક છે નહીંતર મારે તેને બોલાવવું પડશે. આ સિવાય હું તમામ સભ્યોને અપીલ કરૂ છું કે, જો કોઈ ધારાસભ્ય આ પ ોતાના સાથીને આ પ્રકારનું કૃત્ય કરતા જુએ છે તો તેને તુરંત આવું કરતા રોકે, આ ગૃહ આપણાં બધાંની મયાર્દા અને ઉત્તર પ્રદેશની જનતાની આસ્થાનું કેન્દ્ર છે. તેને સ્વચ્છ અને સન્માનજનક બનાવી રાખવું આપણી જવાબદારી છે.'

## સપા નેતા અબૂ આઝમી પર પોલીસમાં ફરિયાદ નોંધાઈ

| (એજન્સી) મુંબઈ, તા.૪ |

મહારાષ્ટ્રમાં સમાજવાદી પાટીર્ના અધ્યક્ષ અબૂ આઝમીને ઔરંગઝેબના વખાણ કરવા ભારે પડશે. શિવસેનાએ અબૂ આઝમી વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. અહીં ઉલ્લેખનિય છે કે, આ અગાઉ શિવસેના પ્રમુખ અને રાજયના ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેએ પણ અબૂ આઝમી પર દેશદ્રોહનો કેસ નોંધવાની માગ કરી હતી. આવો જાણીએ અબૂ આઝમીએ શું કહ્યું હતું અને પોલીસે તેમના પર કઈ કલમો અંતર્ગત કેસ નોંધ્યો છે.

ઔરંગઝેબના વખાણ કરવાને કારણે મહારાષ્ટ્ર સપા પ્રમુખ અબુ આઝમીની મુશ્કેલીઓ વધી ગઈ છે. શિવસેના (શિંદે) એ મુંબઈના મરીન ડ્રાઈવ પ ોલીસ સ્ટેશનમાં અબુ આઝમી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. શિવસેનાના પ્રવક્તા અને ભૂતપૂર્વ ધારાસભ્ય કિરણ પાવસ્કર કાર્યકરો સાથે પોલીસ સ્ટેશન પહોંચ્યા અને ફરિયાદ નોંધાવી હતી. અબુ આઝમી સામે રાજદ્રોહનો કેસ નોંધવાની માંગ કરવામાં આવી છે.

આ ઉપરાંત, શિવસેના સાંસદ નરેશ મ્હસ્કેની ફરિયાદના આધારે થાણેના વાગલે એસ્ટેટ પોલીસ સ્ટેશનમાં અબુ આઝમી વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. એવું માનવામાં આવી રહ્યું છે કે સપા ધારાસભ્ય અબુ આઝમીની મુશ્કેલીઓ વધવાની છે. પોલીસે આઝમી વિરુદ્ધ ભારતીય દંડ સંહિતા ની કલમ ૨૯૯, ૩૦૨ અને ૩૫૬ હેઠળ કેસ નોંધ્યો છે.

અહીં ઉલ્લેખનિય છે કે અબુ આઝમી મહારાષ્ટ્રમાં સમાજવાદી પાટીર્ના પ્રમુખ છે. સોમવારે તેમણે કહ્યું, ''ખોટો ઈતિહાસ બતાવવામાં આવી રહ્યો છે. ઔરંગઝેબે ઘણા મંદિરો બનાવ્યા છે. ઔરંગઝેબ ક્રૂર શાસક નહોતા. તેમણે એવો પણ દાવો કર્યો હતો કે જ્યારે તેમના સેનાપતિએ બનારસમાં એક પંડિતની પ ુત્રી સાથે દુર્વ્યવહાર કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે ઔરંગઝેબે તેને બે હાથીઓ વચ્ચે બાંધી દીધો અને તેને મારી નાખ્યો હતો.

બાદમાં, તે પંડિતોએ ઔરંગઝેબ માટે એક મસ્જિદ બનાવી અને તેમને ભેટ આપી. તે એક સારા વહીવટકર્તા હતા, તેમણે જે કંઈ કર્યું તે સાચું હતું.

જો તે કોઈ અન્ય રાજા હોત, તો તેમણે પણ એવું જ કર્યું હોત.'' અબુ આઝમીએ એમ પણ કહ્યું હતું કે- ''ઔરંગઝેબના શાસનકાળ દરમિયાન, ભારતનો જીડીપી ૨૪% હતો અને દેશ ''સોને કી ચિડીયા'' હતો. ઔરંગઝેબ તેમના માટે ખોટા નહોતો. તેમણે ઘણા મંદિરો પણ બનાવ્યા. ઈતિહાસમાં ઘણી ખોટી વાતો કહેવામાં આવી છે.''




### રોકડ રકમ મળી કુલ કિ.રૂ. ૫૨૧૫૦૦ની ચોરી કરી લઈ ગયા હોવાની ફરિયાદ સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવાઈ હતી

# જામનગરમાં મકાનોમાં થયેલી લાખો રૂપિયાની ચોરીનો ભેદ ઉકેલાયો

। (એજન્સી) જામનગર,તા.૪ ।

જામનગર શહેરમાં જુદા જુદા વિસ્તારોમાં ત્રણ મકાનોમાં થયેલી લાખો રૂપિયાની માલમત્તાની ચોરીનો ભેદ ઉકેલવામાં ન્ઝમ્ની ટુકડીને મહત્વની સફળતા સાંપડી છે, અને ચોરાઉ માલમતા સાથે એક તસ્કરને અટકાયતમાં લઈ લીધો છે. જ્યારે તેના ફરાર થઈ ગયેલા અન્ય એક સાગરીતની શોધખોળ ચલાવાઈ રહી છે. આ બનાવની હકીકત એવી છે કે, ગત તા.૨૦.૦૨.૨૦૨૫ ના રાત્રી દરમ્યાન પ્રફુલભાઈ રમણીકભાઈ ચૌહાણ (રહે. દિવ્યમપાર્ક, ખોડીયાર કોલોની જામનગર) ના બંધ રહેણાક મકાનના કોઈ અજાણયા ચોર ઈસમોએ દરવાજાનો નકુચો તોડી મકાન માથી સોના ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ કિ.રૂ. ૫૨૧૫૦૦ની ચોરી કરી લઈ ગયા હોવાની ફરિયાદ સીટી સી. ડિવિઝન પ ોલીસ મથકમાં નોંધાવાઈ હતી. તેમજ તા.૨૪.૧૦.૨૦૨૪ ના રાત્રી દરમ્યાન માયાબેન રામજીભાઈ ચંદ્રા (રહે, હીયડા રોડ,સેનાનગર જામનગર) ના બંધ મકાનના કોઈ અજાણયા ચોર ઈસમોએ દરવાજો તોડી મકાન માથી, સોના ચાંદીના દાગીના મળી કુલ કિ.રૂ ૩,૯૨,૫૦૦ ની ચોરી કરી લઈ ગયાની ફરિયાદ નોંધાવાઈ હતી. રાત્રી દરમ્યાન રાકેશભાઈ રામાશંકરભાઈ સિંધ (રહે.ઢીચડા રોડ,સેનાનગર જામનગર) ના બંધ રહેણાક મકાનમાં કોઈ અજાણયા ચોર ઈસમોએ દરવાજો તોડી મકાનમાંથી સોના ચાંદીના દાગીના મળી કુલ કિ.રૂ ૩૦,૫૦૦ ની ચોરી કરી લઈ જતાં ફરિયાદ નોંધાવી હતી. જેથી જિલ્લા પોલીસ અધિક્ષક પ્રેમસુખ ડેલૂ ના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી.ના પોલીસ ઈન્સ. વી.એમ. લગારીયા તેમજ પો.સ.ઈ..પી.એન.મોરી અને પ ો.સ.ઈ. સી.એમ.કોટેલીયાની શાહવાડી હેઠળ એલસીબી ની ટુકડીએ ઊંડાણપ ૂર્વકની તપાસ હાથ ધરીને ઉપરોક્ત ત્રણેય ચોરીનો ઉકેલી નાખ્યા છે અને એક તસ્કરની અટકાયત કરી લીધી છે. એલ.સી.બી.ની ટીમ ધ્વારા બનાવ સ્થળની વિઝીટ કરવામાં આવી હતી, અને સી.સી ટીવી ફુટેજ ચેક કરી જરૂરી વર્ક આઉટ કરી ઉપરોક્ત ત્રણેય ઘરફોડ ચોરીમા સંડોવાયેલા મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ સેના નગરમાં રહેતા જ્ઞાનેન્દ્રસીંગ જગદીશસીંગ જાટની અટકાયત કરી લીધી છે, અને તેની પાસેથી ચોરીમાં ગયેલો તમામ મુદ્દા માલ કબજે કરી લેવામાં આવ્યો છે. આ ઉપરાંત તેની સાથે ચોરીમાં સંડોવાયેલો મૂળ ઉત્તર પ્રદેશનો વતની અને હાલ ડિફેન્સ કોલોનીમાં રહેતો સંદિપ મોતીલાલ રાઠોડ કે જે ભાગી છુટ્યો હોવાથી તેને ફરારી જાહેર કરી પોલીસ દ્વારા શોધખોળ ચલાવવા આવી રહી છે એલસીબીની ટીમની કુનેહ પૂર્વકની કામગીરીને લઈને ઉપરોક્ત ત્રણેય ચોરીઓનો ભેદ ઉકેલાઈ ગયો છે. બંને તસ્કરો દિવસ દરમિયાન બંધ મકાનની રેકી કરીને રાત્રે ચોરીને અંજામ આપતા હતા. પોલીસે પકડેલા એક આરોપી કે જેણે પૂછપરછ દરમિયાન એવો ખુલાસો કર્યો છે કે બંને તસ્કરો સાથે મળીને દિવસ દરમિયાન રેકી કરતા અને ત્યારબાદ રાત્રિના સમયે બંધ મકાનને નિશાન બનાવતા હતા. જે આરોપીઓએ દિવસ દરમ્યાન ઉપરોક્ત ત્રણેય બંધ રહેણાક મકાન ની રેકી કરી, ત્યારબાદ રાત્રીના સમયે બંધ મકાનના તાળા તોડી, તેમજ દરવાજા તોડી અંદર પ્રવેશી ચોરીને અંજામ આપ્યો હતો.

**ન્યૂઝ બ્રિફ**

## ડીસા તાલુકામાં એક જ દિવસમાં વિવિધ અકસ્માતમાં ત્રણ લોકોના મોત

। (એજન્સી) બનાસકાંઠા,તા.૪ ।

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકામાં એક જ દિવસમાં વિવિધ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થતાં સમગ્ર પંથકમાં અરેરાટી પ્રસરી હતી. ડીસામાં રવિવારે (બીજી માર્ચ) જુદા-જુદા સ્થળોએ એક જ દિવસમાં ત્રણ અકસ્માતની ઘટના બની છે. ત્રણેય અકસ્માતમાં કુલ ત્રણ લોકોના મોત નિપજ્યા છે. એક જ દિવસમાં ત્રણ અકસ્માતની ઘટના બનતાં પોલીસ તંત્ર પણ દોડતું થયું હતું. ડીસા તાલુકામાં ઝેરડા હાઈવે પર એક્ટિવા અને કાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ભયાનક હતો કે, એક્ટિવાનો ભુક્કો બોલાઈ ગયો અને કારની બોનેટનો પણ ઘણો ભાગ તૂટી ગયો હતો. આ અકસ્માતમાં એક્ટિવા ચાલક યુવાનનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. બીજી બાજું ડીસાના સમૌમા વિસ્તારમાં પણ બાઈક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. બાઈક સવાર સાઈડમાંથી નીકળવાનો પ્રયાસ કરતો હતો, ત્યારે અચાનક કાર ચાલકે ગાડીમાં બાજુમાં લેતા અકસ્માત સર્જાયો હતો. કારની સ્પીડ વધારે હોવાના કારણે બાઈકનો ભુક્કો બોલાઈ ગયો હતો, તેમજ બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. આ સિવાય ડીસાના કુચાવાડ વિરોણા રોડ પર પણ બે ટ્રેલર વચ્ચેના અકસ્માતમાં એક વ્યક્તિનું મોત નિપ જ્યું હતું. ડીસામાં એક જ દિવસમાં અકસ્માતની ત્રણ ઘટના બનતાં પોલીસ તંત્ર દોડતું થયું હતું. ત્રણેય ઘટનામાં પોલીસે મૃતદેહોને પોસ્ટ મોર્ટમ ખાતે મોકલી અકસ્માતનો ગુનો દાખલ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગુજરાતમાં છેલ્લા બે વર્ષથી ફિક્સ પગારમાં કોઈ વધારો નહીં

। (એજન્સી) અમદાવાદ,તા.૪ ।

ગુજરાત વિધાનસભા સત્ર દરમિયાનની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરવાની માંગ ઊઠી રહી છે, ત્યારે ગુજરાત વિધાનસભામાં આજે સોમવારે તારાંકીત પ્રશ્નોતરીમાં કોંગ્રેસના ધારાસભ્ય શૈલેષ પરમારે સરકારની ફિક્સ પગારની નીતિ મુદ્દે સવાલો કર્યા હતા. જેને લઈને નાણાં મંત્રી કનુ દેસાઈએ જવાબમાં ફિક્સ પ ગારના કર્મચારીઓના પગાર વધારા અને સરકારને મળેલી અરજીઓ મામલે જણાવ્યું હતું.

ગુજરાત વિધાનસભામાં ધારાસભ્ય શૈલેષ પરમારે ફિક્સ પગારની નીતિ મામલે સરકારને સવાલો કર્યા હતા. જેમા તેમણે કહ્યું હતું કે, 'રાજ્યમાં ફિક્સ પગારની નીતિ ક્યારથી અમલમાં છે? ફિક્સ પગાર હેઠળના કર્મચારીઓના ફિક્સ પગારમાં છેલ્લે ક્યારે વધારો કરવામાં આવ્યો? અને છેલ્લા બે વર્ષમાં ફિક્સ પગારમાં વધારો કરવાને લઈને કેટલી રજૂઆત આવી છે?'

ધારાસભ્યના સવાલો સામે નાણાં મંત્રીએ જવાબ આપતા કહ્યું કે, 'રાજ્યમાં ૧૫ ફેબ્રુઆરી ૨૦૦૫ની સ્થિતિથી ફિક્સ પગારની નીતિ અમલમાં છે. નાણાં વિભાગના ૧૮ ઓક્ટોબર, ૨૦૨૩ના ઠરાવથી ૦૧ ઓક્ટોબર ૨૦૨૩ની અસરથી ફિક્સ પગારના કર્મચારીઓના પગારમાં વધારો કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં ફિક્સ પગારમાં વધારો કરવા ૫૨૨૮ અરજીઓ સરકારને મળી છે.

# એકબીજાના ખભે હાથ રાખી ડાન્સ કરતા જોવા મળ્યા, ધારાસભ્ય ચૈતર વસાવાએ બુટલેગર સાથે માર્યા ઠુમકા

। સુરત, તા. ૪ ।

સોશિયલ મીડિયામાં અત્યારે એક વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જેને લઈને રાજકારણ ગરમાયું હોવાનું સામે આવ્યું છે. વીડિયોમાં એવું છે કે, આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવા એક વ્યક્તિ સાથે ટિમલી ડાન્સ કરી રહ્યાં છે. જો કે, પ્રશ્ન એ નથી તે તેઓ ટિમલી ડાન્સ કરી રહ્યાં છે, પ રંતુ વીડિયો વાયરલ થવાનું કારણે એવું સામે આવ્યું છે કે, તેઓ બુટલેગર સાથે ડાન્સ કરીને રહ્યાં છે. વીડિયો સોશિયલ મીડિયામાં પર વાયરલ થતાં ચૈતર વસાવા એ સ્પષ્ટતા પણ કરવી પડી હતી. સુરતમાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાના સાથી મિત્રના બહેનના લગ્ન હતા, તેમાં ધારાસભ્ય ચૈતર વસાવાએ હાજરી આપી હતી. અને જમણવાર કર્યા બાદ દુલ્હને ધારાસભ્ય ચૈતર વસાવાને સાથે નાચવા માટે બોલાવ્યા અને ધારાસભ્ય ચૈતર વસાવા તમામ પોતાના મિત્રો સાથે લગ્નમાં નાચી રહ્યા હતા. આ દરમિયાન ચૈતર વસાવાની બાજુમાં ખભે હાથ મૂકી નાચી રહેલ બુટલેગર સુરતના કામરેજ પ ંથકનો બુટલેગર બુધો ઉર્ફે બુધિયો હોવાનું જાણવા મળ્યું હતું. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય અને બુટલેગર નાચી રહેલ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. જેના પગલે ચૈતર વસાવા એ સ્પ ષ્ટતા પણ કરવી પડી હતી. આમ આદમી પાર્ટીના ધારાસભ્ય સાથે ડાન્સ કરતો કોસંબાનો બુધો ઉર્ફે બુધિયો હોવાનું સામે આવ્યું છે. એક બુટલેગર સાથે ડાન્સને લઈ ધારાસભ્ય ચૈતર વસાવા સામે અનેક સવાલો થઈ રહ્યાં છે. ચૈતર વસાવાના બુટલેગર સાથેના વાયરલ વીડિયો અંગે સ્પષ્ટતા સામે આવી છે. જેમાં ચૈતર વસાવાએ જણાવ્યું છે કે દારુના વ્યવસાયમાં જોડાયેલા લોકોનું સમર્થન નથી કરતો. અનેક લોકો સાથે નાચવા આવતા હતા, દરેકથી પ રિચય નથી. અને અગાઉ અમે ક્યારેય મળ્યા પણ નથી. લગ્નમાં મોટી સંખ્યામાં લોકો હોવાથી આવા કોઈ વ્યક્તિ અમારી સાથે નાચવા લાગ્યા પરંતુ એ વ્યક્તિ કોણ છે તેનાથી અમે તદનના અજાણ હતા.

## અંજારમાં સગી માતા પર પુત્રનો બળાત્કાર : માતાનું મોત

। (એજન્સી) અંજાર,તા.૪ ।

ગુજરાતના અંજારમાંથી માતા-દીકરાના સંબંધને લજવતી ઘટના સામે આવી છે. વાત એમ છે કે, અહીં ૨૭ ફેબ્રુઆરીએ ૫૦ વર્ષના દીકરાએ દારૂના નશામાં ૮૦ વર્ષની માતા પર દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટના બાદ વૃદ્ધાને બ્રેઈન સ્ટ્રોક આવ્યો હતો. બાદમાં તેને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ સારવાર દરમિયાન ત્રીજી માર્ચે તેમનું મૃત્યુ નિપજ્યું છે. આ મામલે આરોપીના નાના ભાઈની પત્નીએ હવે અંજાર પોલીસ સ્ટેશનમાં સગી માતા સામે દુષ્કર્મ આચરી હત્યાનો ગુનો નોંધાવ્યો હતો. પોલીસે આ નરાધમ દીકરાની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જો કે, હવે માતાનું મૃત્યુ થતા આ કેસમાં હત્યાની કલમ પણ ઉમેરાશે. મળતી માહિતી અનુસાર, અંજાર તાલુકાના સતાપર ગામે ૨૭મી ફેબ્રુઆરી માનવ જાતને હચમચાવી દેનારી ઘટના સામે આવી હતી.

### ગુજરાતની પ્રજાના ટેક્સના પૈસાથી વિધાનસભા સત્રની સમગ્ર કાર્યવાહીનો ખર્ચ કરવામાં આવે છે

# ગુજરાત વિધાનસભા સત્રનું જીવંત પ્રસારણ કરવા કોંગ્રેસની રજૂઆત

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

ગુજરાત વિધાનસભા સત્ર દરમિયાનની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરવા માંગ ઊઠી છે. આ મામલે વિધાનસભાના વિપક્ષ નેતા અમિત ચાવડાએ વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરીને પત્ર લખીને રજૂઆત કરી છે. આ પત્રમાં લખ્યું છે કે,'ગુજરાતની પ્રજા પોતાના સવાલો, સમસ્યાઓ, સૂચનો, સુવિધાઓ અને સુશાસન માટે પોતાનો અવાજ રજુ કરવા ૧૮૨ વિધાનસભા વિસ્તારોમાંથી પોતાના પ્રતિનિધિને ચૂંટીને લોકશાહીના મંદિર સમા ગુજરાતની વિધાનસભામાં ચૂંટીને મોકલે છે. ત્યારે પોતાના વિસ્તારના લોકો અને ગુજરાતની જનતાનો અવાજ, લાગણી અને માગણીઓ વિધાનસભામાં રજૂ કરે અને સરકારના ધ્યાન પર લાવે છે જે જાણવા, જોવાનો પ્રજાનો હક છીનવી લેવામાં આવ્યો છે.' કોંગ્રેસ નેતા અમિત ચાવડાએ પત્રમાં લખ્યું કે, 'સંસદની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરવામાં આવે છે. ૨૮ રાજ્યોની વિધાનસભા સત્રની કાર્યવાહીનું પણ જીવંત પ્રસારણ કરવામાં આવે છે. ગુજરાતની પ્રજાના ટેક્સના પૈસાથી વિધાનસભા સત્રની સમગ્ર કાર્યવાહીનો ખર્ચ કરવામાં આવે છે, પગાર અને સુવિધાઓ પણ પ્રજાના પૈસા ભોગવે છે તે જોવાનો અને જાણવાનો પ્રજાનો પણ અધિકાર બને છે.' વિધાનસભા સત્રની કાર્યવાહીના એક એકતરફી પ્રસારણ અંગે અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, 'સમાચાર માધ્યમોમાં માહિતી વિભાગ દ્વારા જે વિધાનસભાની કાર્યવાહીના અંશો લોકશાહીના ધબકારના સ્વરૂપે મોકલવામાં આવે છે. જે અધૂરા-એકતરફી અને પક્ષપાત પૂર્વકના હોય છે.

### નેશનલ હાઈવે નંબર ૪૮ પર એક ભયાનક અકસ્માત સર્જાયો

# અંકલેશ્વરમાં રોંગ સાઈડે આવતા ટેમ્પો ચાલકે બાઈક સવારને અડફેટે લીધો

। (એજન્સી) અંકલેશ્વર,તા.૪ ।

અંકલેશ્વરના સારંગપુર પાટિયા પાસે ગત ૨૮ ફેબ્રુઆરીના રોજ બપોરના અરસામાં રોંગ સાઈડથી આવતા ટેમ્પાના ચાલકે બાઈકને અડફેટમાં લેતા બાઈક ચાલકને ઈજા પહોંચતા સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો. આ અકસ્માત નજીકમાં લગાવેલા CCTV કેમેરામાં કેદ થયો હતો. બનાવની વિગતો અનુસાર ગત ૨૮મી ફેબ્રુઆરીના રોજ બપોરના અરસામાં ભરૂચના અંકલેશ્વરના સારંગપુર પાટિયા પાસેથી બાઈક ચાલક પસાર થઈ રહ્યો હતો તે દરમ્યાન રોંગ સાઈડ પુરપાટ ઝડપે આવતા ટેમ્પાના ચાલકે બાઈકને અડફેટમાં લેતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક ચાલકને ઈજા પહોંચતા નજીકની હોસ્પિટલ ખાતે સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો હતો. આ અકસ્માતની જાણ પોલીસને થતા પોલીસ દોડી આવી હતી. જોકે, આ અકસ્માતની ઘટના નજીકમાં લગાવેલ CCTV કેમેરામાં કેદ થઈ હતી. અગાઉ ભરૂચના અંકલેશ્વરમાં નેશનલ હાઈવે નંબર ૪૮ પર એક ભયાનક અકસ્માત સર્જાયો હતો. જ્યાં પૂરપાટ ઝડપે આવતી કાર ટ્રકની પાછળ ધડાકાભેર અથડાતાં જોરદાર ટક્કર થઈ હતી. આ અકસ્માતમાં કારમાં સવાર ૭માંથી ૩ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા હતા, જેના કારણે વાતાવરણ ગમગીન બની ગયું હતું. ગમખ્વાર ઘટના અંકલેશ્વરના બાકરોલ પાસે બની હતી. જણાવવામાં આવી રહ્યું છે કે કારમાં સવાર અન્ય ૪ લોકોની હાલત પણ ગંભીર છે. જેમને એમ્બ્યુલન્સની મદદથી સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. પોલીસ કાફલો પણ ઘટના સ્થળે પહોંચી ગયો હતો.

# અમદાવાદમાં કેડીલા બ્રિજ પાસે એક યુવકની લાશ મળી આવી, પરિણીતાને પામવાની જીદ જુનૂન બની

### હત્યા કરનાર અન્ય કોઈ નહિ પરંતુ મૃતકની પત્નીનો પ્રેમી જ હોવાનું સામે આવતા તેની ધરપકડ કરાઈ છે

। અમદાવાદ,તા.૪ ।

અમદાવાદ શહેરના કેડીલા બ્રિજ પાસે ત્રણ સંતાનોના પિતાની ફિલ્મીઢબે હત્યા કરી દેવાતા સનસનાટી મચી જવા પામી છે. અજાણ્યા શખ્સે યુવકનું અડધું ગળું કાપીને કરપીણ હત્યા કરી નાખી હતી. ઈસનપુર પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે રમજાન માસ શરૂ થયો હોવાથી મૃતક યુવક તેના બાળકો માટે નવા કપડાં અને પત્નીને ઘરખર્ચના રૂપિયા આપીને નરોડા પરત ફરી રહ્યો હતો. ત્યારે રસ્તામાં અજાણ્યા શખ્સોએ તેનું અડધું ગળું કાપીને હત્યા કરી નાખી હતી. વધુ તપાસ કરતા હત્યા કરનાર અન્ય કોઈ નહિ પરંતુ મૃતકની પત્નીનો પ્રેમી જ હોવાનું સામે આવતા તેની ધરપકડ કરાઈ છે. મૃતક યુવક અને તેની પત્ની વચ્ચે સમાધાન થતાં બંને રમજાન બાદ ફરી ઘર વસાવવાના હતા. જેથી પ્રેમિકાથી વિખૂટા પડવાની ચિંતામાં આરોપીએ હત્યા કરી હોવાની કબૂલાત કરી છે. નરોડા પાટિયા પાસે આવેલી નુરાની મસ્જિદ નજીક રહેતા ૩૪ વર્ષીય અજીજખાન પઠાણના વર્ષ ૨૦૦૯માં લગ્ન થયા હતા. લગ્ન બાદ અજીજખાન નરોડા પાટિયા પાસે ભાડાના રૂમમાં પત્ની અને ત્રણ બાળકો સાથે રહેતો હતો.

ત્રણેક વર્ષ અગાઉ અજીજખાનને પત્ની સાથે મનમેળ નહીં આવતા છૂટાછેડા લીધા હતા. અજીજખાનની પત્ની ત્રણ સંતાનો સાથે વટવામાં ભાડેથી રહેવા જતી રહી હતી. પરંતુ બે મહિના પહેલા અજીજખાનની માતાના મૃત્યુ બાદથી દંપતી વચ્ચે ફરી સંબંધો કેળવાયા હતા. રમજાન બાદ અજીજખાન પત્ની સાથે ફરીથી નિકાહ કરવાનો હતો. રવિવારે રાત્રે અજીજખાન નરોડાથી પત્ની અને બાળકો માટે નવા કપડાં લઈને વટવા આપવા ગયો હતો. બાદમાં વટવાથી નરોડા ઘરે જતો હતો,

જોકે રસ્તામાં કેડીલા બ્રિજ પાસે અવાવરુ જગ્યાએ અજીજખાનનું અડધું ગળું કાપીને હત્યા કરી દેવામાં આવી હતી. આ મામલે ઈસનપુર પોલીસે મૃ તકના ભાઈ સાબીરખાન પઠાણની ફરિયાદ નોંધી હત્યા કરનાર આરોપી રાજુ સિંધીને ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યો છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી રાજુ સિંધીને મૃતક અજીજખાનની પત્ની સાથે પ્રેમ સંબંધ હતો. પ્રેમિકાને પતિ સાથે સમાધાન થઈ જતા પતિ સાથે જતી રહેવાની હતી. જેથી પ્રેમિકાથી વિખૂટા પડી જવાની ચિંતામાં આરોપી રાજુ સિંધીએ પ્રેમિકાના પૂર્વ પતિ અજીજખાનનું અડધું ગળું કાપીને કાસળ કાઢી નાખ્યું હતું.-

ઉલ્લેખનીય છે કે, મૃતક અજીજખાન સવારે તેની પૂર્વ પત્નીને વટવા ખાતે મળવા ગયો હતો. ત્યારે જ આરોપી રાજુ સિંધીએ આજીજખાનનું કાસળ કાઢી નાખવાનો પ્લાન ઘડ્યો હતો. બાદમાં સાંજે અજીજખાન ઘરે જવા નીકળ્યો હતો. ત્યારે ઘોડાસર કેડીલા બ્રિજ પાસે રાજુ સિંધી હથિયાર લઈને ઉભો હતો. અજીજખાનને આવતો જોઈને તેને ઉભો રાખ્યો અને આરોપીએ ''સોલાર ફીટીંગનું કામ મળ્યું છે ચાલ તને સાઈટ બતાવી દઉં'' તેમ કહીને અજીજખાનના બાઈક પાછળ બેસીને કેડીલા બ્રિજની નીચે અવાવરું જગ્યાએ લઈ ગયો હતો. ''સાઈટ આવી ગઈ છે'' તેમ કહીને બાઈક ઉભુ રખાવીને રાજુ સિંધીએ ચાકુ કાઢીને અજીજખાનના ગળા પર ફેરવી દઈ અડધું ગળું કાપીને અજીજખાનની હત્યા કરી નાખી હતી.

# પાટણમાં કોલેજના વિદ્યાર્થીએ ચાલુ પરીક્ષાએ રીલ બનાવી

। (એજન્સી) પાટણ,તા.૪ ।

પાટણ જિલ્લાના સમી તાલુકાની મહર્ષી દયાનંદ આર્ટસ એન્ડ કોર્મસ કોલેજમાં આજે સોમવારે સમાજશાસ્ત્રનું પેપર લેવામાં આવ્યું હતું. કોલેજની ચાલુ પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીએ વીડિયો ઉતાર્યો હતો અને પછી પોતાના સોશિયલ મીડિયા માધ્યમ પર અપલોડ કર્યો હોવાનું સામે આવ્યું છે. સમગ્ર ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતાં સત્તાધીશો સામે અનેક સવાલો ઉઠ્યા હતા.

મળતી માહિતી મુજબ, પાટણ જિલ્લામાં આવેલી મહર્ષી દયાનંદ આર્ટસ એન્ડ કોર્મસ કોલેજની પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીએ ઈન્સ્ટાગ્રામમાં રીલ બનાવી હતી અને પછી તેને બિન્દાસ રીતે અપલોડ પણ કરી હતી. આ મામલે વિદ્યાર્થી નેતા યુવરાજસિંહ જાડેજાએ પોતાના સોશિયલ મીડિયા માધ્યમ 'ઠ' પર પોસ્ટ શેર કરીને જાણકારી આપી હતી. યુવરાજસિંહે પોસ્ટમાં જણાવ્યું હતું કે, 'કોલેજની ચાલુ પરીક્ષામાં વિદ્યાર્થી વીડિયો બનાવે છે. આ કોઈ કોલેજની બેદરકારી કે લાપરવાહી નથી. પરંતુ વિદ્યાર્થીઓનું સારું રિઝલ્ટ આવે અને આવનાર વર્ષમાં વધારે વિદ્યાર્થીઓના એડમિશનના ધંધા ચાલે તે માટે દરેક જગ્યાએ આવું જ ચાલે છે. ચાલુ પરીક્ષામાં બેફામ ચોરી અને ગેરરીતિ ચાલે છે.

# રાજ્યની ચાર વીજ કંપનીને A+ રેટિંગ આપવામાં આવ્યું

। (એજન્સી) અમદાવાદ,તા.૪ ।

રાજ્ય વિધાનસભાના બજેટ સત્ર દરમિયાન પૂછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં ઊર્જામંત્રી કનુ દેસાઈએ જણાવ્યું કે રાજ્યમાં સરકારી વીજ કંપનીઓ દ્વારા વીજ ઉત્પાદન અને વીજ વિતરણની સુચારુ કામગીરી અને સુદઢ વીજમાળખાને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા દેશની ૪૨ સરકારી વીજ વિતરણ કંપનીઓમાંથી ગુજરાતની ચારેય વીજ વિતરણ કંપનીને છ+ રેટિંગ મળ્યું છે. જેમાં દક્ષિણ ગુજરાત વીજ કંપની, મધ્ય ગુજરાત વીજ કંપની અને ઉત્તર ગુજરાત વીજ કંપનીને અનુક્રમે પ્રથમ, દ્વિતીય અને તૃતીય જ્યારે પશ્ચિમ ગુજરાત વીજ કંપની પાંચમા ક્રમે આવે છે. રાજ્યમાં ઝૂંપડા વીજળીકરણ યોજના હેઠળ આપ વામાં આવેલાં વીજ જોડાણો અંગેની વિગતો આપતાં મંત્રીએ જણાવ્યું કે વર્ષ ૧૯૯૭થી અમલી થયેલી આ યોજના હેઠળ ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં રાજ્યમાં આશરે રૂ. ૫૮૩.૩૪ કરોડના ખર્ચે કુલ ૧૦,૯૬,૫૮૧ જેટલા પરિવારોને ઘર વપરાશનાં વીજજોડાણો આપવામાં આવ્યા છે.જે અંતર્ગત કચ્છ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણની માહિતી આપતાં ઊર્જામંત્રીશ્રીએ જણાવ્યું કે તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૪ની સ્થિતિએ છેલ્લાં ૨ વર્ષમાં જિલ્લાના વિવિધ તાલુકાના ૧૪૧૯ લાભાર્થીઓને કુલ રૂ.૬૫.૪૩ લાખના ખર્ચે વીજજોડાણ આપવામાં આવ્યાં છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે ભારતીય મહેસૂલ સેવા (૭૮મી બેચ)ના અધિકારી તાલીમાર્થીઓએ ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી.

### રોહિત શર્મા પર વિવાદિત ટિપ્પણી

# BCCIએ કહ્યું આવા અપમાનથી ટીમ પર નકારાત્મક અસર થશે

## કોંગ્રેસ નેતા શમા મોહમ્મદે ભારતીય કેપ્ટન રોહિત શર્માની ફિટનેસ પર સવાલ ઉઠાવતાં સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ભારતીય કેપ્ટન રોહિત શર્માને જાડિયો કહીને કોંગ્રેસ નેતા શમા મોહમ્મદ વિવાદોમાં ફસાઈ ગઈ છે. શમા મોહમ્મદે ભારતીય કેપ્ટનની ફિટનેસ પર સવાલ ઉઠાવતાં સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી અને ભારતીય કેપ્ટનને વજન ઘટાડવાની સલાહ આપી દીધી હતી. એટલું જ નહીં, શમા મોહમ્મદે તો એટલે સુધી કહી દીધું હતું કે 'રોહિત ભારતીય ક્રિકેટના ઈતિહાસનો સૌથી અપ્રભાવી કેપ્ટન પણ છે.' ખૂબ ટ્રોલ થયા બાદ તેમણે પોતાની પોસ્ટને ભલે ડિલીટ કરી દીધી પરંતુ તેને લઈને હોબાળો મચી ગયો છે અને હવે તો બીસીસીઆઈએ પણ શમા મોહમ્મદને જડબાતોડ જવાબ આપ્યો છે. બીસીસીઆઈ સેક્રેટરી દેવજીત સૈકિયાએ શમા મોહમ્મદને જવાબ આપતાં કહ્યું કે 'આ પ્રકારના નિવેદનથી ખોટો પ્રભાવ પણ પડી શકે છે. આ ખૂબ દુર્ભાગ્યપૂર્ણ છે કે એક જવાબદાર



વ્યક્તિએ આ પ્રકારની કમેન્ટ કરી છે, જે એક આવા ખેલાડી માટે ખૂબ અપમાનજનક અને નુકસાનકારક છે, જે એક મહત્ત્વની આઈસીસી ટુર્નામેન્ટ રમી રહ્યો છે. ટીમના તમામ ખેલાડી ખૂબ શાનદાર પ્રદર્શન કરી રહ્યાં છે અને આ પ્રકારના બિનજવાબદાર નિવેદનોનો ખોટો પ્રભાવ પડી શકે છે. મને આશા છે કે કોઈ પણ મહત્ત્વના સંગઠનની કોઈ પણ જવાબદાર વ્યક્તિ પોતાની અંગત લોકપ્રિયતા માટે ટુર્નામેન્ટ દરમિયાન આ પ્રકારની ટિપ્પણી કરશે નહીં, જે ટીમના પ્રદર્શનને નુકસાન પહોંચાડે.'

## ન્યૂઝ બ્રિફ

### દુલ્હન સાસરિયે પહોંચે તે પહેલા થઈ જાય છે ગાયબ



। (એજન્સી) ભોપાલ, તા.૪ ।

મધ્ય પ્રદેશના અશોકનગરમાં એક દુલ્હન ત્રીજી વાર અપહરણ થઈ ગઈ. આ ઘટના NH-46 પર બની હતી. દુલ્હન પોતાના લગ્ન બાદ રાજસ્થાન જઈ રહી હતી પોલીસે પાંચ આરોપીઓની ધરપકડ પણ કરી છે અને દુલ્હનને પકડી લીધી છે. આ ઘટના પ્રેમ પ્રસંગ સાથે જોડાયેલી હોવાનું લાગી રહ્યું છે. દુલ્હનના પરિવારના લોકો પણ આઘાતમાં છે અને દુલ્હનની માતાની તબિયત ખરાબ થઈ ગઈ છે. હકીકતમાં જોઈએ તો, અશોકનગરના છૈહરા વિસ્તારમાં રહેતી એક ૧૯ વર્ષિય છોકરીના લગ્ન રવિવારે રાજસ્થાનના સવાઈ માધોપુરના વિક્રમ સિંહ નાયક સાથે થયા હતા. જાન મોડી રાતે ત્રણ વાગે પહોંચી અને તમામ વિધિઓ પુરી કરી. સવારે સાડા આઠ વાગ્યે વિદાય બાદ જાન ગુના જિલ્લાના દેહરી ગામ નજીક NH-46 પર પહોંચી. ત્યારે અમુક બદમાશોએ વરરાજાની ગાડી પર હુમલો કરી દુલ્હનનું અપહરણ કરીને લઈ ગયા. આ ઘટના કોઈ ફિલ્મી દ્રશ્ય જેવી લાગે છે. ગુના પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરતા પાંચ આરોપીઓની ધરપકડ કરી લીધી છે અને દુલ્હન પણ મુક્ત કરાવી છે. નવાઈની વાત એ છે કે, આ દુલ્હન છેલ્લા બે વર્ષમાં આવી જ રીતે ત્રીજી વાર અપહરણ થઈ છે. પહેલી વાર માર્ચમાં અપહરણ થઈ હતી, તેમાં ત્રણ લોકો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી.

### યુવા સ્પિન ઓલરાઉન્ડર કૂપર કોનોલીનો સમાવેશ કરાયો



। (એજન્સી) દુબઈ, તા.૪ ।

ICC ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ની સેમી ફાઈનલ મેચ ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે આવતીકાલે એટલે કે મંગળવારે દુબઈ ઈન્ટરનેશનલ સ્ટેડિયમમાં રમાશે. સેમિફાઈનલ પહેલા ઓસ્ટ્રેલિયાની ટીમમાં અચાનક મોટો ફેરફાર થયો છે. ઓસ્ટ્રેલિયન ટીમમાં ઘાતક ઓલરાઉન્ડરનો પ્રવેશ થયો છે, જે ઈજાગ્રસ્ત મેથ્યુ શોર્ટનું સ્થાન લેશે. ચેમ્પિયન્સ ટ્રોફીની નોકઆઉટ મેચ માટે ઓસ્ટ્રેલિયાની ટીમમાં ઈજાગ્રસ્ત મેથ્યુ શોર્ટના સ્થાને યુવા સ્પિન ઓલરાઉન્ડર કૂપર કોનોલીનો સમાવેશ કરવામાં આવ્યો છે. મેથ્યુ શોર્ટને અફઘાનિસ્તાન સામેની મેચ દરમિયાન ઈજા પહોંચી હતી. ગયા વર્ષે ઈંગ્લેન્ડ સામે વનડે ક્રિકેટમાં ડેબ્યૂ કરનાર ૨૧ વર્ષીય કૂપર કોનોલીને ટૂર્નામેન્ટમાં ટ્રાવેલ રિઝર્વમાં રાખવામાં આવ્યો હતો. ICC ટૂર્નામેન્ટની ટેકનિકલ કમિટીએ આ ફેરફારને સોમવારે મંજૂરી આપી હતી. કોનોલીએ અત્યાર સુધી ઓસ્ટ્રેલિયા માટે ૬ ઈન્ટરનેશનલ મેચ રમી છે, જેમાંથી ત્રણ વનડે છે. ઓસ્ટ્રેલિયાએ મંગળવારે પ્રથમ સેમીફાઈનલમાં ભારત સામે રમવાનું છે. ભારતીય ટીમ ચેમ્પિયન્સ ટ્રોફીની સેમીફાઈનલમાં મંગળવારે ઓસ્ટ્રેલિયા સામે ટકરાશે ત્યારે તેનો ઈરાદો ICC ટુર્નામેન્ટની નોકઆઉટ મેચોમાં લાગેલા તમામ ઘાને રુઝાવવાનો હશે.

# રાહુલને કુંભના મામલે ઘેરવા જતાં ભાજપ ખુદ ફસાયો

## ભાજપ દ્વારા પાછલા કેટલાક દિવસોમાં કુંભ મેળા તથા રામ મંદિર સહિત મુદ્દે સોશિયલ મીડિયા પોસ્ટ થઈ રહી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

પ્રયાગરાજ ખાતેનો કુંભ મેળો હવે સમાપ્ત થઈ ચૂક્યો છે પરંતુ આ બાબતે રાજકીય વાગ્યુદ્ધ ચાલુ છે. ભાજપે રાહુલ, પ્રિયંકા કે સોનિયા ગાંધી પણ કુંભ મેળામાં સ્નાન માટે ગયાં નથી અને આ રીતે તેમનો હિંદુ ચહેરો સામે આવ્યો છે તેવી સોશિયલ મીડિયા પોસ્ટ મૂકી હતી. હવે વિપક્ષો એવો સવાલ કરી રહ્યા છે કે એમ તો આરએસએસના વડા મોહન ભાગવત પણ કુંભ સ્નાન માટે ક્યાં ગયા છે ? ખુદ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ આ પહેલાંના વર્ષોમાં કુંભ સ્નાન માટે પહોંચ્યા હોય તેવી તસવીરો કેમ નથી. ભાજપ દ્વારા પાછલા કેટલાક દિવસોમાં કોંગ્રેસને હિંદુ વિરોધી દર્શાવવા માટે કુંભ મેળા તથા રામ મંદિર સહિતના મુદ્દે સોશિયલ મીડિયા પોસ્ટ થઈ રહી છે. ભાજપના નેતાઓ પણ જાહેરમાં આ વિશે ઉચ્ચારણો કરી રહ્યા છે. જોકે, આ નિવેદનો કરવા જતાં ભાજપ વાળા માટે આવ પાણા પગ પર જેવી સ્થિતિ થઈ છે. વિપક્ષી નેતાઓ ઉપરાંત સોશિયલ મીડિયા પર અન્ય લોકો પણ ભાજપના કયા કયા નેતાઓ કુંભ



સ્નાન માટે પહોંચ્યા નથી તેની યાદી ફેરવી રહ્યા છે. મહારાષ્ટ્રના નાયબ મુખ્યપ્રધાન એકનાથ શિંદેએ પોતે કુંભ સ્નાન માટે પહોંચ્યા પછી એવું નિવેદન કર્યું હતું કે ઉદ્ધવ ઠાકરે પોતાને હિંદુત્વવાદી નેતા કહેડાવે છે પરંતુ તેઓ કુંભ સ્નાન માટે આવ્યા નથી. તેઓ પોતાને હિંદુ કહેડાવતાં ડરે છે. આ નિવેદનનો જવાબ આપતાં ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે શિંદે ભલે કુંભ સ્નાન કરી આવ્યા પરંતુ તેનાથી ૫૦ ખોખા લઈને મહારાષ્ટ્રને દગો આપવાનું પાપ ધોવાશે નહિ. હવે સંજય રાઉતે પણ આ વિવાદમાં ઝંપલાવતાં કહ્યું છે કે શિંદેએ વાસ્તવમાં કુંભમાં સ્નાન માટે કેમ ન આવ્યા તે સવાલ ઉદ્ધવને બદલે મોહન ભાગવતને પૂછવો જોઈએ. શું તેમનામાં એવી હિંમત છે? રાઉતે એમ પણ કહ્યું હતું કે ભાગવત પહેલાં પણ આરએસએસના સ્થાપક કે બી હેગડેવાર, અગાઉના સંઘના વડાઓ સુદર્શન, ગોલવલકર, બાળા સાહેબ દેવરસ વગેરે પણ કુંભ સ્નાન માટે પહોંચ્યા હોય તેવું જાણવા મળતું નથી. હિંદુત્વના સિદ્ધાતં આપનારા વીર સાવરકર પણ ક્યારેય કુંભ સ્નાન માટે ગયા હોય તેવું જોવાયું નથી. રાઉતે એમ પણ કહ્યું હતું કે પીએમ મોદી આ વખતે કુંભ સ્નાન માટે પહોંચ્યા હતા પરંતુ તેઓ વડાપ્રધાન બન્યા પહેલાં ક્યારેય કુંભ સ્નાન માટે પહોંચ્યા હોય તેવો કોઈ ઉલ્લેખ નથી. તો શું આ વખતે તેઓ માત્ર પબ્લિસિટી સ્ટંટ માટે જ ત્યાં ગયા હતા ? સોશિયલ મીડિયા પર પણ અન્ય લોકો એવી ટીકાટિપ્પણ કરી રહ્યા છે કે કુંભમાં હાજરીને જ હિંદુ ધર્મમાં આસ્થાના પુરાવા તરીકે ગણવી જોઈએ નહીં. ભાજપના અનેક નેતાઓ, કેન્દ્રીય મંત્રીઓ, અનેક ધર્મ ગુરુઓ કુંભ સ્નાન માટે ગયા નથી.

### પાકિસ્તાનથી આવેલી સીમા હૈદર પાંચમા બાળકની માતા બનશે

। (એજન્સી) નોઈડા, તા.૪ ।

પાકિસ્તાનથી ભારતમાં આવેલી સીમા હૈદર ટૂંક સમયમાં પાંચમા બાળકની માતા બનવા જઈ રહી છે. રવિવારે ગ્રેટર નોઈડાના રબૂપુરામાં તેમની સીમંત વિધિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. આ ખાસ અવસર પર સીમાએ ભાઈ માનેલા વકીલ એપી સિંહ પોતાની માતા સાથે ખાસ હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં મહિલાઓએ પરંપરાગત ગીત ગાઈને આ કાર્યક્રમને ખાસ બનાવ્યો હતો. આ ખાસ અવસર પર પાડોશની મહિલાઓ પણ આ કાર્યક્રમમાં આવીને ગીતો ગાઈ કાર્યક્રમમાં ચાર ચાંદ લગાવ્યા હતા. આપને જણાવી દઈએ કે, સીમા હૈદર કોઈને કોઈ કારણસર ચર્ચામાં બની રહે છે. પછી તે કોઈ તહેવાર હોય કે ખાસ અવસર. તે પોતાનો વીડિયો શેર કરવાનું ભૂલતી નથી. હવે સીમા હેદર બાળકની માતા બનવા જઈ રહી છે અને નવા મહિનામાં પ્રવેશ કરી ચૂકી છે. આ જ કારણે રવિવારે સીમા હૈદરના માનેલા ભાઈ અને સુપ્રીમ કોર્ટના વકીલ ડો. એપી સિંહે સીમા હૈદરના ઘરે પહોંચી ખોળો ભરાવવાની રસમ પૂરી કરી હતી.

### આ યંગ જનરેશન પોતાને બહુ ઓવરસ્માર્ટ સમજે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ઈન્ડિયાઝ ગોટ લેટેન્ટ શોમાં અભદ્ર ટિપ્પણીઓ બદલ ચાલી રહેલા કેસ પર સુનાવણી કરતાં સુપ્રીમ કોર્ટે યુ-ટ્યૂબર રણવીર અલ્લાહાબાદિયા, આશિષ ચંચલાની તેમજ સમય રૈનાને ખખડાવ્યા હતાં. તેમજ સમય રૈના કેનેડા ભાગી જતાં તે પોતાની જાતને ઓવર સ્માર્ટ સમજતો હોવાનું નિવેદન આપ્યું હતું. સુપ્રીમ કોર્ટે કહ્યું કે, આ વિવાદ સાથે જોડાયેલા ચાર લોકોમાંથી એક કેનેડા ભાગી ગયો છે, આ યંગ જનરેશન પોતાની જાતને ઓવર સ્માર્ટ સમજે છે. બાર એન્ડ બેન્ચના રિપોર્ટ અનુસાર, જસ્ટિસ સૂર્યકાંતે સમય રૈનાનો ઉલ્લેખ કરતાં કહ્યું કે, 'તે કેનેડા ભાગી ગયો છે, અને ત્યાં જઈને આ મામલે વાતો કરી રહ્યો છે. આ યંગ જનરેશન ઓવરસ્માર્ટ છે. કદાચ તેમને કોર્ટના અધિકારોની ખબર નથી. તેઓ કોર્ટની તાકાતને પણ ઓળખતા નથી. જસ્ટિસની આ વાત પર સોલિસિટર જનરલ તુષાર મહેતાએ પણ સહમતિ દર્શાવતા કહ્યું કે, 'હા, તે વિદેશ ભાગી ગયો છે અને ત્યાં જઈ કોર્ટની કાર્યવાહીની મજાક ઉડાવી રહ્યો છે.' આ દરમિયાન સુપ્રીમ કોર્ટે કોર્ટે રણવીર અલ્લાહાબાદિયાને પોતાનો શો પ્રસારિત કરવા મંજૂરી આપી છે. તેમજ સલાહ આપી છે કે, શોમાં કોર્ટની વિચારાધીન બાબતોની ટિપ્પણી કરી શકશે નહીં.

### પરિવારે હોબાળો કર્યો

# આરોપીના ઘરે દરોડા પાડવા ગયેલી પોલીસે નવજાત બાળકને કચડી નાખ્યું

। (એજન્સી) અલવર, તા.૪ ।

રાજસ્થાનના અલવર જિલ્લામાં પોલીસ રેડ દરમ્યાન એક નવજાત શિશૂનું દર્દનાક મૃત્યુ થયું છે. પોલીસે અહીં દરોડા સાઈબર ફ્રોડના કેસમાં આરોપીને પકડવા માટે ગઈ હતી. જો કે, પરિવારનો આરોપ છે કે, આ દરમ્યાન પોલીસકર્મીની લાપરવાહીના કારણે શિશૂનું મૃત્યુ થઈ ગયું. આ ઘટના શનિવારના રોજ અલવર જિલ્લાના નૌગાંવા વિસ્તારમાં આવેલા એક ઘરમાં થઈ હતી. જે બાદ પરિવારે બે પોલીસકર્મી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. અધિક પોલીસ અધિક્ષક તેજપાલ સિંહના જણાવ્યા અનુસાર, પોલીસ ટીમ આરોપીની ધરપકડ કરવા માટે પરિવારના ઘરે પહોંચી હતી. આ સમય દરમિયાન, બાળકી અલીસ્બા તેની માતાની બાજુમાં ખાટલા પર સૂતી હતી. પરિવારનો આરોપ છે કે



પોલીસે બાળકને કચડી નાખ્યું હતું, જેના કારણે તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. જ્યારે બાળકીની માતાએ વાંધો ઉઠાવ્યો, ત્યારે પોલીસે કથિત રીતે તેને ઘરમાંથી બહાર કાઢી મૂકી. પરિવારનું એમ પણ કહેવું છે કે દરોડા દરમિયાન કોઈ મહિલા પોલીસ અધિકારી હાજર નહોતી. આ ઘટના બાદ, સ્થાનિક ગ્રામજનોએ રવિવારે અલવર પોલીસ અધિક્ષકના નિવાસસ્થાનની બહાર પોલીસની કથિત બેદરકારી સામે ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું.

### ઘરે બોલાવી સંબંધ બનાવ્યા-પછી વીડિયો : આરોપી

# હિમાની નરવાલના હત્યા કેસમાં એક આરોપીની ધરપકડ કરાઈ

। (એજન્સી) ચંદીગઢ, તા.૪ ।

હરિયાણામાં કોંગ્રેસ નેતા હિમાની નરવાલના હત્યા કેસમાં એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. એવા અહેવાલો છે કે આરોપીએ ગુનો કબૂલી લીધો છે. તેમજ આરોપીએ દાવો કર્યો છે કે શારીરિક સંબંધો બાંધ્યા બાદ તેને વીડિયો દ્વારા બ્લેકમેલ કરવામાં આવતો હતો. જોકે પોલીસે આ અંગે સત્તાવાર રીતે કંઈ કહ્યું નથી. શનિવારે રોહતકમાં હિમાનીનો મૃતદેહ એક સૂટકેસમાંથી મળી આવ્યો હતો. અત્યાર સુધીની પૂછપરછમાં સચિને આ હત્યા અંગે ઘણા સનસનીખેજ દાવા કર્યા છે. તેણે પોલીસને જણાવ્યું કે, હું અને હિમાની એક વર્ષ પહેલા સોશિયલ મીડિયાના માધ્યમથી મિત્ર બન્યા હતા. આ પછી હિમાનીએ મને ઘરે બોલાવ્યો. બંનેએ સેસંબંધ બાંધ્યો, તેનો હિમાનીએ વીડિયો



બનાવી લીધો અને તેના આધારે જ મને બ્લેકમેલ કરવાનું શરૂ કર્યું. હિમાનીએ મારી પાસેથી લાખો રૂપિયા વસૂલ્યા તેમ છતાં વધુ પૈસાની ડિમાન્ડ કરતા કંટાળીને મેં હત્યા કરી નાખી. બહાદુરગઢનો સચિન કનોડા ગામમાં મોબાઈલ એસેસરીઝની દુકાન ચલાવે છે. સચિન પરિણીત છે અને તેને બે બાળકો છે. એક વર્ષ પહેલા તેની હિમાની સાથે સોશિયલ મીડિયા પર મિત્રતા થઈ હતી. આ પછી હિમાનીએ સચિનને ઘરે બોલાવ્યો.




નવી દિલ્હીમાં DRDO ભવન ખાતે કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ આંતરિક સુરક્ષા અને આપત્તિ રાહત કામગીરી માટે અદ્યતન તકનીકો પર MHA અને DRDO સહયોગ પરિષદ-કમ-પ્રદર્શનનાં ઉદ્ઘાટનમાં હાજર રહ્યા હતા.

### IPL પહેલા કોલકાતા નાઈટ રાઈડર્સની મોટી જાહેરાત

# ટીમની કમાન અનુભવી બેટ્સમેન અજિંક્ય રહાણેને સોંપવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

કોલકાતા નાઈટ રાઈડર્સ દ્વારા IPLની આગામી સીઝન માટે ટીમના નવા કેપ્ટનની જાહેરાત કરવામાં આવી છે. ટીમની કમાન અનુભવી બેટ્સમેન અજિંક્ય રહાણેને સોંપવામાં આવી છે. રહાણેને IPLમાં કેપ્ટનશિપનો લાંબો અનુભવ છે. તે અગાઉ રાજસ્થાન રોયલ્સનો કેપ્ટન રહી ચૂક્યો છે. ડિફેન્ડિંગ ચેમ્પિયન કોલકાતાએ વેંકટેશ અય્યરને વાઈસ કેપ્ટન જાહેર કર્યો છે. કેપ્ટન બન્યા બાદ અજિંક્ય રહાણેએ કહ્યું કે KKRનું નેતૃત્વ કરવું એ મારા માટે સન્માનની વાત છે, KKR IPLની સૌથી સફળ ફ્રેન્ચાઈઝીઓમાંની એક



રહી છે. મને લાગે છે કે અમારી પાસે એક ઉત્તમ અને સંતુલિત ટીમ છે. હું દરેક સાથે કામ કરવા અને ટાઈટલ બચાવી રાખવાનો પડકાર ઝીલવા આતુર છું. KKR તેના IPL ૨૦૨૫ અભિયાનની શરૂઆત ૨૨ માર્ચના રોજ ઈડન ગાર્ડન્સ ખાતે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામેની મેચથી કરશે. KKRના CEO વેંકી મૈસૂરે કહ્યું કે, અમને અજિંક્ય રહાણે જેવી વ્યક્તિ મળવાથી આનંદ છે.

# તંત્રી લેખ...

## હિમ દુર્ઘટના : ભયાનક હિમસ્ખલન દુઃખદ-ચિંતાજનક

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં માણા પાસે ભયાનક હિમસ્ખલન દુઃખદ અને ચિંતાજનક છે. ૫૪ મજૂરો અચાનક હિમસ્ખલનની ઝપટમાં આવી ગયા, પરંતુ સૌભાગ્યે મોટાભાગના મજૂરોને બચાવી લેવામાં આવ્યા. ભારત-ચીન સીમા પર નિર્માણ કાર્ય કરતા આ મજૂરોને બચાવવા માટે કરાતી દરેક કોશિશની પ્રશંસા થવી જોઈએ. ગ્લેશિયરવાળા વિસ્તારોમાં કોઈપણ પ્રકારનું નિર્માણ કરતાં બહુ સાવધાન રહેવાની જરૂર છે. આટલી મોટી સંખ્યામાં મજૂરોની ત્યાં હાજરી પર પણ સવાલ ઉઠાવવામાં આવશે. તેથી સડક નિર્માણમાં લાગેલા લોકોને સુરક્ષાની નવી વ્યવસ્થાઓ રાખવી પડશે. સીમા પર જ પ્રકારનો તણાવ છે, તેમાં સડક નિર્માણ જરૂરી છે, પરંતુ તેના માટે કોઈ સુરિક્ષત સમય કે હવામાન હોઈ શકે? આ દુર્ઘટના સંવેદનશીલ નિર્માણ સાથે જોડાયેલા લોકો માટે ગંભીર ચેતવણી છે. હિમસ્ખલનના મિજાજને સમજવો પડશે. ઉત્તરાખંડના સ્થાનિક લોકો તો તેમ છતાં હિમસ્ખલનને સમજે છે, પરંતુ હંમેશાં બહારથી આવનારા ગ્લેશિયરની પ્રવૃત્તિ સમજવામાં નિષ્ફળ રહે છે. હિમસ્ખલન દરમ્યાન બરફ, ખડક, માટી અને અન્ય સામગ્રીના ઢગલા ઝડપથી પહાડના ઢોળાવ પરથી નીચે તરફ સરકવા લાગે છે. હિમસ્ખલનમાં હંમેશાં ભૂસ્ખલન પણ સામેલ હોય છે. હિમસ્ખલન ત્યારે શરૂ થાય છે જ્યારે બરફનો એક અસ્થિર ખંડ ઢાળથી તૂટીને અલગ થઈ જાય છે. ૫૪ મજૂરો જ નહીં, એક મજૂર પણ હિમસ્ખલનનું કારણ બની શકે છે.

## પ્રધાનમંત્રીએ બજેટ બાદના વેબિનારને સંબોધન કર્યું

### આજે વિશ્વનો દરેક દેશ ભારત સાથે પોતાની આર્થિક ભાગીદારીને મજબૂત કરવા માંગે છેઃ પ્રધાનમંત્રી

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા બજેટ પછીના વેબિનારને સંબોધિત કર્યું. આ વેબિનારો MSMEsને વૃદ્ધિનું એન્જિન બનાવવા, ઉત્પાદન, નિકાસ અને પરમાણુ ઉર્જા મિશન, નિયમન, રોકાણ અને વ્યવસાય કરવામાં સરળતા જેવા વિષયો પર યોજવામાં આવ્યા હતા. આ પ્રસંગે સભાને સંબોધતા તેમણે કહ્યું કે ઉત્પાદન અને નિકાસ પર બજેટ પછીના વેબિનાર ખૂબ જ મહત્વપૂર્ણ છે. આ બજેટને સરકારના ત્રીજા કાયર્કાળનું પ્રથમ પૂર્ણ બજેટ ગણાવતા તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ બજેટનું સૌથી નોંધપાત્ર પાસું તેના અપેક્ષિત પરિણામો છે. શ્રી મોદીએ કહ્યું કે ઘણા ક્ષેત્રોમાં સરકારે નિષ્ણાતોની અપેક્ષાઓ કરતાં વધુ પગલાં લીધાં છે. તેમણે એ પણ પ્રકાશિત કર્યું કે આ બજેટમાં ઉત્પાદન અને નિકાસ અંગે મહત્વપૂર્ણ નિણર્યો લેવામાં આવ્યા છે. દેશમાં એક દાયકાથી વધારે સમયથી સતત સરકારી નીતિઓ જોવા મળી રહી છે, એ બાબત તરફ ધ્યાન દોરતા પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, છેલ્લાં ૧૦ વષર્માં ભારતે સુધારા, નાણાકીય શિસ્ત, પારદર્શકતા અને સર્વસમાવેશક વૃદ્ધિ માટે કટિબદ્ધતા દર્શાવી છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, સાતત્યતા અને સુધારાની ખાતરીથી ઉદ્યોગમાં નવો વિશ્વાસ પેદા થયો છે. તેમણે ઉત્પાદન અને નિકાસમાં દરેક હિતધારકને ખાતરી આપી હતી કે, આ સાતત્યતા આગામી વષોર્માં પણ જળવાઈ રહેશે. હિતધારકોને સાહસિક પગલાં લેવા અને દેશના ઉત્પાદન અને નિકાસ માટે નવા માર્ગો ખોલવા પ્રોત્સાહિત કરતાં શ્રી મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, દુનિયાનો દરેક દેશ ભારત સાથે તેની આર્થિક ભાગીદારીને મજબૂત કરવા ઈચ્છે છે. તેમણે ઉત્પાદન ક્ષેત્રને આ ભાગીદારીનો સંપૂર્ણ લાભ લેવા અપીલ કરી હતી. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે, "સ્થિર નીતિ અને કોઈ પણ દેશનાં વિકાસ માટે વેપારનું વધુ સારું વાતાવરણ મહત્ત્વપૂર્ણ છે. થોડાં વર્ષો અગાઉ સરકારે જન વિશ્વાસ કાયદો રજૂ કર્યો હતો અને તેનું પાલન ઘટાડવા પ્રયાસો હાથ ધર્યા હતા. કેન્દ્ર અને રાજ્ય એમ બંને સ્તરે ૪૦,૦૦૦થી વધારે અનુપાલનને નાબૂદ કરવામાં આવ્યાં હતાં. જેનાથી વેપાર-વાણિજ્યમાં સરળતાને પ્રોત્સાહન મળ્યું હતું." આ કવાયત ચાલુ રહેવી જોઈએ એ બાબત પર ભાર મૂકીને શ્રી મોદીએ ઉલ્લેખ કર્યો હતો કે, સરકારે આવકવેરાની સરળ જોગવાઈઓ રજૂ કરી છે અને તે જન વિશ્વાસ ૨.૦ બિલ પર કામ કરી રહી છે. બિન-નાણાકીય ક્ષેત્રના નિયમનોની સમીક્ષા કરવા માટે એક સમિતિની રચના કરવામાં આવી છે, જેનો ઉદ્દેશ તેને આધુનિક, લવચીક, લોકોને અનુકૂળ અને વિશ્વાસ-આધારિત બનાવવાનો છે. અને આ કવાયતમાં ઉદ્યોગની નોંધપાત્ર ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે હિતધારકોને એવી સમસ્યાઓને ઓળખવા માટે પ્રોત્સાહિત કર્યા હતા, જેમને ઉકેલવામાં લાંબો સમય લાગે છે, પ્રક્રિયાઓને સરળ બનાવવાના માર્ગો સૂચવે છે અને ઝડપી અને વધુ સારા પરિણામો હાંસલ કરવા ટેકનોલોજીનો ઉપયોગ ક્યાં થઈ શકે છે તે અંગે માર્ગદર્શન આપે છે. મોદીએ જણાવ્યું હતું કે, "વિશ્વ હાલમાં રાજકીય અનિશ્ચિતતાનો અનુભવ કરી રહ્યું છે અને સમગ્ર વિશ્વ ભારતને વૃદ્ધિ કેન્દ્ર તરીકે જુએ છે. કોવિડ કટોકટી દરમિયાન, જ્યારે વૈશ્વિક અર્થતંત્ર ધીમું પડ્યું હતું, ત્યારે ભારતે વૈશ્વિક વિકાસને વેગ આપ્યો હતો." તેમણે વધુમાં કહ્યું હતું કે, અખંડ ભારતનાં વિઝનને આગળ વધારીને અને સુધારાઓને વેગ આપીને આ લક્ષ્યાંક હાંસલ કરવામાં આવ્યો છે. આ પ્રયાસોથી અર્થતંત્ર પર કોવિડની અસર ઓછી થઈ છે, જે ભારતને સૌથી ઝડપથી વિકસતાં અર્થતંત્રોમાંનું એક બનવામાં મદદ કરે છે. તેમણે કહ્યું હતું કે, "ભારત વૈશ્વિક અર્થતંત્ર માટે વૃદ્ધિનું એન્જિન રહ્યું છે અને પડકારજનક પરિસ્થિતિઓમાં પોતાની સ્થિતિસ્થાપકતાને સાબિત કરી છે. પુરવઠા શૃંખલામાં અવરોધો વૈશ્વિક અર્થતંત્રને અસર કરે છે અને વિશ્વને વિશ્વસનીય ભાગીદારોની જરૂર છે, જે ઉચ્ચ ગુણવત્તાયુક્ત ઉત્પાદનોનું ઉત્પાદન કરે અને વિશ્વસનીય પુરવઠો સુનિશ્ચિત કરે. ભારત આ જરૂરિયાત પૂર્ણ કરવા સક્ષમ છે અને દેશ માટે નોંધપાત્ર તક પ્રસ્તુત કરે છે." તેમણે ઉદ્યોગને માત્ર પ્રેક્ષકો જ નહીં, પરંતુ સક્રિયપણે તેમની ભૂમિકા શોધવા અને તકો બનાવવાનો આગ્રહ કર્યો. તેમણે ધ્યાન દોર્યું હતું કે, ભૂતકાળની સરખામણીમાં અત્યારે આ કામ વધારે સરળ છે, કારણ કે દેશમાં મૈત્રીપૂર્ણ નીતિઓ છે અને સરકાર આ ઉદ્યોગ સાથે ખભેખભો મિલાવીને સાથસહકાર આપી રહી છે. પ્રધાનમંત્રીએ દ્રઢ નિશ્ચય, વૈશ્વિક પુરવઠા શૃંખલામાં તકો શોધવા માટે ઉદ્દેશ્યપૂણર્તા અને પડકારોનો સ્વીકાર કરવા માટે અપીલ કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, જો દરેક ઉદ્યોગ સામૂહિકપણે એક ડગલું આગળ વધે, તો તેઓ નોંધપાત્ર પ્રગતિ હાંસલ કરી શકે છે. હાલમાં પીએલઆઈ યોજનાનો લાભ ૧૪ ક્ષેત્રોને મળી રહ્યો છે એ બાબત પર પ્રકાશ પાડતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ યોજના હેઠળ ૭૫૦થી વધારે એકમોને મંજૂરી આપવામાં આવી છે. જેના પરિણામે રૂ. ૧.૫ લાખ કરોડનું રોકાણ થયું છે.

---

**સુલક્ષણા બેન વિચારતાં હતાં, કે આ વખતે મહિલા દિવસ અંતર્ગત શું બોલવું? કેમ કે છેલ્લા પાંચ કે ચાર દાયકામાં સ્ત્રીએ સમાજમાં ઘણી સફળતા મેળવી**

## દરેક સ્ત્રી સરખા સન્માનની અધિકારી નથી હોતી! કારણ કે દરેક સ્ત્રી સુલક્ષણા નથી હોતી



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**નિયત સમયે સુલક્ષણા બેન પાટનગર ખાતે પહોંચી ગયા, બહુ મોટા હોલમાં કાર્યક્રમ યોજાયો હતો, અને સમાજના બહું મોટાં મોટાં અગ્રણીઓ કાર્યક્રમની શોભા બની ત્યાં ઉપસ્થિત હતાં, સુલક્ષણા બેન પણ સ્ટેજ પર પોતાની સીટ પર બેઠા હતાં, અતિથી વિશેષ હોવાથી સૌ કોઈ એ તેમનું સન્માન કર્યું,અને કાર્યક્રમની શરૂઆત થઈ, દરેક જણા એ સ્ત્રીને માન સન્માન આપવું જોઈએ.**

સુલક્ષણા બેન પોતાનાં પરિવાર તેમજ સમાજમાં ખૂબ જ પ્રિય હતા, અને તેમના નામ પ્રમાણે જ તેના ગુણ હતાં. એટલે કે સૌ કોઈની સાથે તેનો મધુર વ્યવહાર રહેતો, પછી તે શાકવાળી હોય, ઘરકામ કરવા વાળી,કે પછી ઓફિસર, ડોક્ટર ,એન્જિનિયર, પ્રોફેસર હોય, બધા જ પ્રત્યે તેને સમભાવ હતો, અને કોઈનું પણ શોષણ કે મનદુઃખ થાય નહીં તેનો ખ્યાલ રાખતાં. ઘણાં સંઘર્ષો વેઠ્યા બાદ, આજે પરિસ્થિતિ હવે ઘણી સારી થઈ ગઈ હતી. તેથી સમાજમાં સ્ત્રીઓ માટે કામ કરતી એનજીઓની સ્થાપના કરી.એમને રાજ્ય કક્ષાએ બે ત્રણવાર એવોર્ડ પણ પ્રાપ્ત થયાં. મહિલા દિવસ અંતર્ગત રાજ્યના પાટનગરમાં એક કાર્યક્રમ થવાનો હતો, અને તેમાં અતિથિ વિશેષ તરીકે સુલક્ષણા બેનને જવાનું હતું. સુલક્ષણા બેન વિચારતાં હતાં, કે આ વખતે મહિલા દિવસ અંતર્ગત શું બોલવું? કારણ કે છેલ્લા પાંચ કે ચાર દાયકામાં સ્ત્રીએ સમાજમાં ઘણી સફળતા મેળવી લીધી છે, અને સમાજ અમુક બાબતે ઉદાર પણ થઈ ગયો છે. એટલે કે સમાજનાં અમુક વર્ગને બાદ કરતાં, હવે સ્ત્રીઓનું એટલું શોષણ થતું નથી. તેમ જ ઘણાં સારાં કાયદાઓ પણ થઈ ગયાં છે, એટલે એ રીતે પણ સારું થતું જાય છે.હા અમુક લોકો સ્ત્રીને સાધન સમજે છે, પરંતુ એકદંરે પહેલા જેવી સ્થિતિ હવે નથી. જ્યારે સમાજમાં દીકરીને દૂધપીતી કરતાં, લગ્ન પછી દહેજ માટે જીવતી સળગાવી દેતાં, કે જીવનભર શારિરીક અને માનસિક ત્રાસ આપતાં, પરંતુ એવું હવે રહ્યું નથી, શિક્ષણનાં બહોળા પ્રચારથી આજે હવે ભૃણ હત્યા પણ થતી નથી. લગભગ દરેક ક્ષેત્રમાં સ્ત્રીએ સિદ્ધિ પ્રાપ્ત કરી લીધી છે, એ અમુક નિણર્યો લેવા પણ સ્વતંત્ર બની ગઈ છે. તો પછી એવું શું છે કે જે મહિલા દિવસ અંતર્ગત કહી શકાય? એ વિચારતાં હતાં ત્યાં જ પોતાના દિયરના ઘરમાંથી વાક્યુદ્ધ શરું થયું. એમના ઘરે પણ પોતાના ઘરની જેમ પૂત્રવધુ હતી. કામીની દેખાવે સુંદર હતી, અને સારું એવું ભણેલી હતી. પરંતુ માતાપિતા લાડ કરવામાં સંસ્કાર દેવાનું ચૂકી ગયા. નાની બાબતમાં પણ કોઈ કહે તો મહાભારતનું યુદ્ધ શરુ કરે, અને ઘર આખું માથે લે!! અને સુલક્ષણા બેનને મહિલા દિવસ અંતર્ગત શું બોલવું એ વિષય મળી ગયો, એણે નક્કી કર્યું કે એ સ્ત્રી સુલક્ષણા કે કુલક્ષણા?? એ વિષય પર બોલશે,કારણ કે દરેક સ્ત્રી પૂજા કરવા યોગ્ય નથી હોતી. સુલક્ષણા બેન અને સુનયના બેન બંને દેરાણી જેઠાણી હતાં, અને બાજુબાજુમાં જ બંનેના ઘર હતાં. બંને વચ્ચે બહુ જ સંપ હતો, પરણ્યા ત્યારથી બંને બહેનોની જેમ સાથે રહેતા હતાં. પરંતુ એમના નસીબે કામીની પુત્રવધુ તરીકે લખાણી હશે, કે તેના આવતાં જ ઘર જાણે કુરુક્ષેત્રનું મેદાન બની ગયું હોય, તેમ નાનીમોટી વાતમાં રોજ ઝઘડા ચાલતાં હોય. બંને નાગર ગૃહસ્થ હોવાં છતાં કામીની ગમે તેમ બોલતી હતી, કારણ કે આવડતની બાબતમાં કામીની સાવ મીંડું હતી, જ્યારે નાગરોના ઘરમાં તો સવાર બપોર સાંજ જુદા જુદા વ્યંજન બને,અને એ પણ ઓછી વસ્તુ વાપરીને અને છતાં સ્વાદિષ્ટ અને પૌષ્ટિક.એને સુજકો નહોતો,અને સુઘડ પણ નહીં, ક્યાં શું બોલવુંને ક્યાં શું પહેરવું! એની કોઈ ગતાગમ નહીં. જ્યારે સુલક્ષણા બેનને ઘરે ધારિણી એના નામ પ્રમાણે જ ઠાવકી અને સહનશીલતા વાળી હતી. નાનકડા ઘરને તેણે આવ્યા બાદ સ્વર્ગ બનાવી દીધું હતું. બધાને વધુમાં વધુ સંતોષ થાય તેમ બધા કાર્ય કરતી રહેતી,અને કાયમ હસતાં મોઢે સૌની સાથે આત્મીયતાથી વર્તન કરતી. બંને ઘર નજીક હોય એટલે બહુ સ્વાભાવિક રીતે જ સરખામણી થાય, કોઈ કંઈ કહે એટલે તો ઉલટાની ભડકે તો ગાળાગાળી અને મારામારી પણ પર ઉતરી આવે. બિચારા સુનયના બહેન ઘણી વખત એમના જેઠાણીને કહેતા કે મારી સાથે કેવું કેવું વર્તન કરે છે, કામકાજ કરવું નહીં, અને છતાં ઘરમાં ને ઘરમાં કાવાદાવા રમે, એટલે મને પાડવા કોશિશ કરે, મારા કપડાંને કાતર મારી દે, પેટમાં પાટું મારે! પોતે જમ્યા પછી દાળ શાકમાં મીઠું વધારે નાખી દે, ઘરમાં જાણે એની કોઈ જવાબદારી ન્હોય તેમ જ વર્તે. નિયત સમયે સુલક્ષણા બેન પાટનગર ખાતે પહોંચી ગયા. બહુ મોટા હોલમાં કાર્યક્રમ યોજાયો હતો,અને સમાજના બહું મોટાં મોટાં અગ્રણીઓ કાર્યક્રમની શોભા બની ત્યાં ઉપસ્થિત હતાં. સુલક્ષણા બેન પણ સ્ટેજ પર પોતાની સીટ પર બેઠા હતાં,અતિથી વિશેષ હોવાથી સૌ કોઈ એ તેમનું સન્માન કર્યું,અને કાર્યક્રમની શરૂઆત થઈ,દરેક જણા એ સ્ત્રીને માન સન્માન આપવું જોઈએ,અને સ્ત્રીની સાથે ઘટતી અઘટિત ઘટના ન ઘટવી જોઈએ, સ્ત્રીનું શારિરીક કે માનસિક શોષણ થવું જોઈએ નહીં, એકવીસમી સદીમાં પહોંચી ગયા છતાં આજે પણ ઘણા પ્રાંતમાં દહેજ, ભ્રુણ હત્યા, યૌન શોષણ, બલાત્કાર, ઘરેલુ હિંસા,જાતિય સતામણી, ડીલીવરીમાં ધ્યાન ન રખાતા કુપોષણ અને બાળ મજૂરી જેવા દૂષણોથી સમાજ બહાર નથી આવ્યો, તો સૌએ સ્ત્રીને મહત્વ અને માન બંને આપવું જોઈએ, એવી વિવિધ વાત પોતાના વક્તવ્યમાં રાખીને પોતાનું પ્રવચન પૂર્ણ કર્યું. સુલક્ષણા બેને ઉભા થઈને માઈક હાથમાં લીધું, અને બોલવાની શરૂઆત કરે એ પહેલાં જ હોલમાંથી તાળીઓનો ગડગડાટ શરૂ થયો. સુલક્ષણા બેને પોતાનું વક્તવ્ય શરૂ કરતાં પહેલાં ઉપસ્થિત સૌ મહાનુભાવોનો આભાર માન્યો,તેમજ પ્રેક્ષક ગણનો પણ આભાર માન્યો, અને અતિથિ વિશેષ બનાવવા બદલ આભાર વ્યક્ત કર્યો. એમણે કહ્યું કે આજે ૨૦૨૫ ની ૮ માર્ચ છે, ૨૦૨૪ ઉપરછલ્લી રીતે જોઈએ તો આ એક વષર્માં ઘણી ઘટનાઓ ઘટી,અને ખાસ કરીને મહિલાઓની સાથે થતી, અસભ્ય ઘટના તો ગણી ગણાય નહીં એટલી ઘટી! એ ખરેખર શરમજનક છે. ૨૦૨૩ કરતા ૨૦૨૪ માં છૂટાછેડા પણ ઘણા થયાં, વૃદ્ધાશ્રમમાં પણ સ્ત્રી ઉમેદવાર વધ્યા, કેટલીય યુવતીઓની છેડતી થઈ, બલાત્કાર થયાં આ બંધુ વધ્યું છે, જે બતાવે છે કે સ્ત્રી સફળ છે, પણ પ્રમાણમાં સુરક્ષિત નથી,અને એ અણદેખ્યુ કરી શકાય નહીં. પરંતુ મૂળમાં એક વાત એવી છે કે, આ બધું થાય છે, તેની માટે શું માત્ર પુરુષોને જ દોષ દેવાથી આ ઘટના ઘટવાનું બંધ થઈ જશે?? જરા વિચારો શું સામાજિક અશાંતિ માટે પુરુષ કે સમાજને ખોટો ઠેરવવો જરુરી છે? શુ સ્ત્રીનું આદર્શ રુપ હવે રહ્યું છે ખરું? એ પણ હવે સમાજમાં સ્ત્રીનાં સ્થાનને મહત્વનુ બનાવવા માટે વિચારવું પડશે. એટલે કહેવાનું તાત્પર્ય એ છે કે દરેક સ્ત્રી સરખા માન સન્માનની હક્કદાર નથી હોતી, સમાજિક અશાંતિ માટે એ પણ કારણભૂત છે, એટલે કે ક્યાંક મમતાની મૂરત કહેવાતી સ્ત્રી વેર ભાવ વધારવા માટે કારણભૂત હોય છે.તો ક્યાંક કોઈનાં હસતાં રમતાં ઘર પરિવાર સળગાવવા માટે સ્ત્રી જ જવાબદાર હોય છે.તો ક્યાંક તો કોઈ મજબૂરને દેહ વ્યાપાર પણ આવાં કોઈ કારણસર જ કરવો પડે છે. એટલે કે ક્યાંક સાસુ કુલક્ષણા છે, તો ક્યાંક ક્યાંક વહું કુલક્ષણા હોય છે, તો ક્યાંક સ્ત્રીનુ અન્ય સ્વરૂપ બહેન, નણંદ, કાકી, ફઈ, દેરાણી જેઠાણી કુલક્ષણા હોય તો આખાં ઘર પરિવારને તહેસનહેસ કરી નાખે છે. આજે મહિલા દિવસે બધી જ મહિલા ઓને આયર્નારીનું માન સન્માન જોઈએ છે,પણ એની માટે આયર્નારી બનવું પણ પડે, એ સત્ય ઘણે અંશે સમાજમાંથી ભૂલાતૂ જાય છે, જેને અણદેખ્યું કરવાથી સમાજ વધુ પતન તરફ જશે. આપ સૌને એમ થશે કે બહેન પોતે એક મહિલા છે, છતાં આવું નિવેદન કેમ કરે છે? પણ સમાજમાં એવા કેટલાય ઘર પરિવાર છે, જ્યાં આજે સ્ત્રી દ્વારા એને પ્રતાડિત કરવામાં આવે છે, અને એનું શારિરીક તેમજ માનસિક શોષણ થાય છે. જ્યારે સ્ત્રી આવું વર્તન કરે છે, ત્યારે પુરુષને કે પરિવારને આખી જિંદગી નર્ક જેવું જીવન જીવવું પડે છે. સદીઓથી સ્ત્રીનાં બે રુપ છે,એક સુલક્ષણા અને બીજું કુલક્ષણા! ત્રેતા કે દ્વાપરમાં એકાદ બે હતી જ્યારે આજે તો...તો શું દરેક મહિલા માટે સન્માનની આશા કંઇ રીતે રાખી શકીએ??? અને જો રાખવી હોય તો સર્વ પ્રથમ તો આપણે પહેલાં સાચી મહિલા કે જેને સમાજે મમતાની મૂરતનું ઉપનામ આપ્યું છે, એવાં લાગણીશીલ અને સંવેદનશીલ બનવું પડશે, અને ઈતિહાસની તવારીખમાં જો સૂર્વણ અક્ષરે સ્ત્રી એ પોતાનું નામ લખવું હોય, આ કાળને શ્રેષ્ઠ બનાવવો હોય તો આપણે પણ માત્ર આપણાં રુપને નહીં સ્વરૂપને પણ બહેતર બનાવવું પડશે,અને એવા બનીએ પછી જ માન સન્માનનાં સાચાં અધિકારી બની શકીશું. બે પાંચ મિનીટના સન્નાટા બાદ હોલ તાળીઓના ગડગડાટથી ગાજી ઊઠ્યો, અને ડાયસ પર બેઠેલાં મહાનુભાવો એ પણ એમનાં વક્તવ્યને બિરદાવ્યું અને કહ્યું એકદમ સાચી વાત છે, દરેક સ્ત્રી સરખા સન્માનની અધિકારી નથી હોતી!; કારણ કે દરેક સ્ત્રી સુલક્ષણા નથી હોતી.

---

**લાકડી એ અભિમાન છે, પુષ્ટિ-સંપ્રદાયમાં બાલકૃષ્ણની સેવા કરવાની છે એમાં લાકડી એટલે કે અભિમાનનું સ્થાન નથી**

## જન્મ પહેલા જે મારી સાથે નહોતું તે માર્યા પછી મારી સાથે કેવી રીતે આવી શકે છે?



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**ભક્તિ ધર્માનુકૂલ હોવી જોઇએ, ભક્તિમાં અધર્મ આવે તો ભક્તિ બગડે, જેની જે ફરજ પરમાત્મા એ નક્કી કરી છે તે બરાબર બજાવો તમારો ધર્મ પાળ્યા વગર તમે ભક્તિ કરો તો તે સફળ થશે નહીં, બ્રાહ્મણ સંધ્યા છોડે અને શ્રીકૃષ્ણની સેવા કરવા જાય, તો ભગવાન તેની સેવા ગ્રહણ કરતા નથી, માંદા પતિને છોડી તેમની આજ્ઞા વગર સ્ત્રી મંદિરમાં દર્શન કરવા જશે તો આવી સ્ત્રીની એકેએક મયાર્દા પાળીને કરવી એક મહાત્મા કહે છે કે, મને કારણ જુદું લાગે છે.**



આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરવા સૌ પહેલાં આ વાત વિચારીએ કે જન્મ પહેલા જે મારી સાથે નહોતું તે મર્યા પછી મારી સાથે કેવી રીતે આવી શકે છે..? આટલા શબ્દો તમારા જીવનનું પરિવર્તન કરવા માટે પૂરતા છે!! ભક્તિ ધર્માનુકૂલ હોવી જોઈએ. ભક્તિમાં અધર્મ આવે તો ભક્તિ બગડે.જેની જે ફરજ પરમાત્મા એ નક્કી કરી છે તે બરાબર બજાવો તમારો ધર્મ પાળ્યા વગર તમે ભક્તિ કરો તો તે સફળ થશે નહીં. બ્રાહ્મણ સંધ્યા છોડે અને શ્રીકૃષ્ણની સેવા કરવા જાય, તો ભગવાન તેની સેવા ગ્રહણ કરતા નથી.માંદા પતિને છોડી તેમની આજ્ઞા વગર સ્ત્રી મંદિરમાં દર્શન કરવા જશે તો આવી સ્ત્રીની એકેએક મયાર્દા પાળીને કરવી એક મહાત્મા કહે છે કે,મને કારણ જુદું લાગે છે. યશોદાના હાથમાં લાકડી હતી. લાલો કો- છે કે, લાકડી લઈ કોઈ મને પકડવા આવે તે મને ગમતું નથી.લાકડી એ અભિમાન છે. પુષ્ટિ-સંપ્રદાયમાં બાલકૃષ્ણની સેવા કરવાની છે એમાં લાકડી એટલે કે અભિમાનનું સ્થાન નથી. તેથી યશોદામા લાકડી લઈને શ્રી કૃષ્ણને પકડવા જાય તો શ્રીકૃષ્ણ કેમ કરી પકડાય! યશોદાજી લાકડી લઈને એટલે કે અભિમાનથી કનૈયાને પકડવા જાય છે, એટલે શ્રીકૃષ્ણ પકડાતા નથી. સત્કર્મ કર્યા પછી અંદરનું અભિમાન વધતું હોય તો એ સત્કર્મ શા કામનું''ભગવાન સર્વ દોષની, અપરાધની ક્ષમા કરે છે, પણ અભિમાનની ક્ષમા કરતાનથી અભિમાન થાય તો ભગવાન ઉપેક્ષા કરે છે. અભિમાન કરવા જેવું આપણી પાસે કશું નથી, છતાં માણસ અભિમાન કરે છે. અલ્યા, તું શાનું અભિમાન કરે છે?રાય રંક બને છે અને રંક રાય બને છે.લાખની રાખ થતાં વાર લાગતી નથી. આમાં તું શાનું અભિમાન કરે છે? યશોદા દોડતાં થાકી ગયાં. કનૈયો હાથમાં આવતો નથી. ખૂબ થાકી ગયાં એટલે લાકડી ભારરૂપ બની ગઈ. હવે યશોદાએ લાકડી ફેંકી દીધી. લાલાને એટલું જ જોઈતું હતું.માએ લાકડી ફેંકી દીધી એટલે કનૈયો ઊભો રહી ગયો અને સામો દોડતો આવ્યો. યશોદા શ્રીકૃષ્ણ સન્મુખ જુએ છે એટલે લાલો પકડાય છે. લાલાનું મુખ જોઈને દોડે તો જ લાલો પકડાય. કારણ કે લાલાના મુખમાં ધર્મ છે. યશોદાજીએ લાકડી ફેંકી દીધી. અભિમાન દૂર કર્યું.નિઃસાધન બન્યાં એટલે શ્રીકૃષ્ણ ભણી અન પકડાયા.તે બતાવે છે કે, ભક્તિમાં દૈન્યભાવ જોઈએ.જીવ અહંતા-મમતા ન છોડે ત્યાં સૂરિ મરણ મળતું નથી.જ્યાં સુધી'હું' છે ત્યાં સુધી ભગવાન મળતા નથી જ્યાં 'હું' છે ત્યાં હરિન જાણું ને જ્યાં હરિ છે ત્યાં 'હું' નથી.કનૈયો રડવા લાગે છે. માતાએ કહ્યું,તું ખોટું રડે છે. લાલાને રડતો જોઈ બધાં બાળકો યશોદા પાસે આવે છે અને કરગરે છે,મા,લાલાને મારશો નહીં. લાલાએ ચોરી કરી પોતે કાંઈખાધું નથી.બધું માખણ અમને જ ખવડાવ્યું છે. લાલાને મારશો નહીં યશોદાજી મનમાં કહે છે, શું કરું! લાલાને ચોરી કરવાની આદત પડી છે તે આદત છોડાવવી છે. એટલે યશોદાએ નિશ્ચય કર્યો, આજે તો લાલાને બાંધીશ. યશોદા કનૈયાને ખાંડણિયા પાસે લાવ્યાં. બાળકોએ ઘરે જઈ ગોપી ઓને ખબર આપી. ગોપીઓ દોડતી આવી. બોલી, મા, છોકરો ન હતો ત્યારે તું રડતી હતી અને આજે લાલાને બાંધવા-પીટવા તૈયાર થઈ છે?લાલો રોજ અમારા ઘરમાં ઘૂસી જાય છે, માખણ ખાય છે, ગોળી ફોડે છે અને અમે કંઈ તારા જેવાપૈસાદાર નથી,તોયે અમે એને કાંઈ બાંધતાં પીટતાં નથી! અને તું આ શું કરે છે? એક ગોળી માટે તું એને બાંધે પીટે છે? જોઈએ તો અમે એવી દસ ગોળી તને આપીએ લાખ સાહ્યબી મળી તો યે છેવટે ગોવાલણ જ રહી. યશોદાએ ગોપી ઓને ઠપકો આપ્યો કે, છોકરો મારો છે.હું ગમે તે કરું!શ્રીકૃષ્ણ થરથર કંપે છે. યશોદાજી બાલકૃષ્ણને ખાંડણિયા સાથે દોરડાથી બાંધે છે. દોરી બે આંગળ ઓછી પડી. બીજી દોરી જોડી, તો તે પણ બે આંગળ ટૂંકી પડી, પછી ત્રીજી જોડી તો તે પણ બે આંગળ ટૂંકી પડી. આ પ્રમાણે જેમ દોરી લાવે અને જોડે તેમ ટૂંકી પડે. મહાત્માઓ કહે છે કે, દોરીને શ્રીકૃષ્ણનો સ્પર્શ થયો એટલે દોરીનો સ્વભાવ બદલાયો. ભાગવદ્સ્પર્શ વગર સ્વભાવ બદલાતો નથી તેનું આ દૃષ્ટાંત છે. યજ્ઞ કરવાથી સ્વભાવ સુધરતો નથી તીથર્યાત્રા કરવાથી સ્વભાવ સુધરતો નથી, બ્રાહ્મણોને જમાડવાથી સ્વભાવ સુધરતો નથી.જે મન થી પ્રભુનું ધ્યાન કરે છે,જે મનથી પરમાત્માને મળે છે તેનો સ્વભાવ સુધરે છે.ભાગવદ્ સ્પર્શ વગર સ્વભાવ બદલાતો નથી.બ્રહ્મસ્પર્શ થયા પછી બંધન શાનું? દોરીએ બીજાને બાંધવાનો પોતાનો સ્વભાવ છોડી દીધો, એ જોઈ ગોપીઓ યશોદાજીને કહે છે, મા, ગમે તેમ કર. આ લાલાનાભાગ્યમાં બંધન લખ્યું નથી! લાલો તો સંસારના બંધનમાંથી આપણને સૌને છોડાવવા આવ્યો છે. ઐશ્વર્યશક્તિ પરમાત્માને સ્વામી માને છે પણ વાત્સલ્ય શક્તિ કહે છે કે, હું પરમાત્માને બાંધીશ. ઐશ્વર્યશક્તિ કહે છે કે, હું મારા પતિને બાંધવા નહીં દઉં. ઐશ્વર્યશક્તિ અને વાત્સલ્ય શક્તિ વચ્ચે આ મધર ઝઘડો છે. છેવટે પ્રભુએ ઐશ્વર્ય શક્તિને હુકમ કર્યો કે,ગોકુળમાં હું ઈશ્વર નથી,ગોકુળમાં હું યશોદાનો બાળ છું હું દ્વારકા આવીશ ત્યારે તારો ઘણી થઈને આવીશ.માટે તું જા અહીંથી!મને બાંધવાની ઈચ્છા છેતો ભલે બાંધે વ્રજમાં તારે આવવાની જરૂર નથી ગોકુળ લીલામાં વાત્સલ્ય ભાવ પ્રધાન છે.પૌગંડલીલામાં સંખ્ય ભાવ પ્રધાન છે. ગોપીઓ સાથેની લીલામાં માધુયર્ભાવ પ્રધાન છે. શ્રીકૃષ્ણની આજ્ઞા થતાં ઐશ્વર્ય શક્તિએ દોરડામાંથી વિદાય લીધી, ભગવાન કહે છે,મારા અને તમારા વચ્ચે બે જ આંગળનું અંતર છે. અહંતા અને મમતારૂપી બેઆંગળ નું અંતર છે. જેનામાં અહંતા અને મમતા હોય તે મને કદીપણ બાંધી શકે નહીં. ભક્તમાં જો અહંતા- મમતા હોય તો ભગવાન કહે છે કે,તારા અને મારા વચ્ચે બે આંગણ અંતર રહેશે મને તું બાંધી નહીં શકે. ત્રિગુણાત્મક માયાદોરી પરમાત્મા ને બાંધી શકતી નથી. ભગવાન તો પ્રેમલક્ષણા ભક્તિ રૂપી દોરીથી બંધાય છે. જાતે -પોતાની મરજીથી બંધાય છેજ્ઞાન કે યોગ પણ એમને બાંધી શકતા નથી.શ્રીકૃષ્ણે જોયું કે, માતાજી પરિશ્રમ થી ખૂબ જ થાકી ગયાં છે અને પરસેવાથી રેબઝેબ થઈ ગયાં છે. એટલે પછી તો પોતે જાતે માતા નાં બંધનમાં ફસાઈ ગયાં.ભગવાન કહે છે કે,હું કૃપા કરું તો જ સંધાઉં ભક્તનો પ્રેમ જ મને બાંધી શકે,બીજું કોઈ નહીં. લૌકિક દોરીથી હું બંધાતો નથી, કેવળ પ્રેમની દોરીથી જ બંધાઉં છું.પુષ્ટિ ભક્તિ નું આ રહસ્ય છે.ઈશ્વર કૃપા ન કરે ત્યાં સુધી જીવ ઈશ્વરને બાંધી શકે નહીં. જીવ તો સ્વાર્થને લીધે બંધનનો સ્વીકાર કરે છે. આજે પરમાત્મા નિઃસ્પૃહી હોવા છતાં બંધનનો સ્વીકાર કરે છે. ભગવાન જ્યારે બંધાય ત્યારે જીવ બંધનમાં છૂટે અને તેનો ઉદ્ધાર થાય દોરડા વડે ઉદર આગળથી બંધાયા એટલે શ્રીકૃષ્ણનું નામ પડ્યું દામોદર. બોલો,દામોદર ભગવાનની જય. આને દામોદર લીલા કહે છે. ઈશ્વરને બાંધશો તો તમે જન્મ મરણનાં બંધનમાંથી છૂટી જશો. ઈશ્વરને બાંધેએ બંધનમાંથી છૂટે. ઈશ્વર હઠાગ્રહી નથી.જીવ દુરા ગ્રહી છે.એ પોતાનો કક્કો છોડતો નથી, પણ ભગવાન તો અનાગ્રહી છે.નથી બંધાવું એમ કહે અને પ્રેમ જુએ તો બંધાઈ જાય ભગવાન ભક્તોના આગ્રહ આગળ પોતાનો આગ્રહ છોડે છે.ભક્તના આગ્રહ ને માન આપે છે,ત્યારે જીવ કદાપિ પોતાનો આગ્રહ છોડતો નથી. માતાનો પરિશ્રમ જોઈ કનૈયો જાતે બંધાયો આ રીતે શ્રીકૃષ્ણ પોતે ભક્તાધીન છે એમ સ્પષ્ટ બતાવ્યું.ભીષ્મપિતામહની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા શ્રીકૃષ્ણે પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરી શસ્ત્ર ધારણ કર્યું હતું. આમ ભગવાન અનાગ્રહી છે અને એ જ એમનું ઐશ્વર્ય છે.પણ પૂર્ણ પ્રેમ વગર પરમાત્મા બંધાય નહીં. મનુષ્યનો પ્રેમ ઘર, ધન, પત્ની, સંતાન વગેરેમાં વહેંચાયેલો છે.એ ભેગો કરી, એક કરી,જો એ ઠાકોરજીને અર્પણ કરે તો ઠાકોરજી બંધાય છે.બાકી ઠાકોરજી બે આંગળનું અંતર રાખશે અંતર બે આંગળનું, પણ લાખ જોજન ગયે પણ નહીં પુરાય.પરમાત્માને કોણ બાંધી શકે? જ્ઞાની પુરુષો અને ભક્તો ભગવાનને પ્રેમના બંધનમાં બાંધી શકે છે. બિલ્વમંગળ જેવા તેમને હૃદયમાં બાંધે છે. વાચક ચાહક મિત્રો, આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરી રહ્યા છીએ. જેમાં ક્યાંક સારી વાત હૃદયને ઢંઢોળે બસ અહીં અટકીએ અસ્તુ.

# પરેશ રાવલે રણવીર સિંઘની મેથડ એક્ટિંગની રીતને ખોટી ગણાવી

## સંજય લીલા ભણસાલીની 'પદ્માવત'માં રણવીર સિંઘે અલ્લાઉદ્દિન ખિલજીનો રોલ કર્યો હતો

રણવીર સિંઘે સંજય લીલા ભણસાલીની 'પદ્માવત'માં અલ્લાઉદ્દિન ખિલજીનો રોલ કર્યો હતો. તેના માટે રણવીરે કેટલી તૈયારી કરી હતી અને તેની માનસિકતા કેવી થઈ ગઈ હતી, તે અંગે રણવીરે કેટલાંક ઈન્ટરવ્યુમાં પણ વાત કરી હતી. તેણે એટલી ગંભીર તૈયારી કરી હતી અને તે પાત્ર એટલું ગંભીર પાત્ર હતું કે ફિલ્મનું શૂટ થઈ ગયા પછી પણ તેના મન પર આ પાત્રની ઊંડી અસર રહી ગઈ હતી. પરેશ રાવલે આ પ્રકારની એક્ટિંગ મેથડ વિશે વાત કરતા કહ્યું કે તેમને આ મેથડ યોગ્ય લાગતી નથી. પરેશ રાવલની આ ઈન્ટરવ્યુની ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહી છે. તેમણે કહ્યું, ''જો તમે આવું કરો છો ને ભાઈ, તો આ ખોટી રીત છે. તમારી અંદર સાક્ષી બાવ હોવો જોઈએ. અચ્છા, મને એક વાત કહો, તમે ગમે તેટલો દારૂ પીવો પણ પછી ઘરે મા પાસે જ જાઓ છો કે પત્નીના પલંગમાં જઈને જ ઊંઘો છો ને. એ સાક્ષી ભાવ છે ને?'' આગળ પરેશ રાવલે જણાવ્યું, ''એ ખોટું છે કે હું રોલમાં ઘુસી ગયો હતો..તો શું તમે કોઈને છરી મારી દેશો?'' ક્લિપના કારણે સોશિયલ મીડિયા પર ઘણી ચર્ચાઓ થઈ હતી, કોઈએ રણવીરની રીતને સાચી ગણાવી હતી તો કોઈએ પરેશ રાવલનો પક્ષ લીધો હતો. તો કોઈએ પરેશ રાવલના મા પાસે કે પત્ની પાસે દારૂ પી ને જવાની વાતને પણ અયોગ્ય ગણાવી હતી.

# અભિષેકની ફિલ્મ 'બી હેપ્પી' ૧૪ માર્ચે ઓટીટી પર રિલીઝ થશે

## અભિષેક ફરી એક વખત શિવ નામના એક સિંગલ ફાધરનો રોલ કરે છે, જેનો તેની દિકરી ધારા સાથે મજબુત-આનંદી સંબંધ છે

અભિષેક બચ્ચનની અનોખા વિષય પરની ફિલ્મ 'આઈ વોન્ટ ટુ ટોક' એમેઝોન પ્રાઈમ પર આવી હતી. હવે તેની વધુ એક ફિલ્મ 'બી હેપ્પી' પ્રાઈમ વીડિયો પર રિલીઝ થવા જઈ રહી છે. બોલિવૂડના જાણીતા કોરિયોગ્રાફર રેમો ડિસોઝાની પત્ની લીઝેલ દ્વારા રેમો ડિસોઝા એન્ટરટેઈન્મેન્ટ પ્રાઈવેટ લિમિટેડ અંતર્ગત આ ફિલ્મ પ્રોડ્યુસ કરવામાં આવી છે. જેમાં પરિવારની, સપનાઓની તાકાતની અને પ્રેમની કોઈ પણ સ્થિતિમાં ટકી રહેવાની વાત છે. આ ફિલ્મમાં અભિષેક સાથે નોરા ફતેહી ઈનાયત વર્મા મહત્વના રોલમાં છે, આ ઉપરાંત નાસર, જ્હોની લિવર અને હરલીન સેઠી પણ છે. આ ફિલ્મમાં અભિષેક ફરી એક વખત શિવ નામના એક સિંગલ ફાધરનો રોલ કરે છે, જેનો તેની દિકરી ધારા સાથે મજબુત અને આનંદી સંબંધ છે. ધારાનું સપનું એક દિવસ દેશના સૌથી મોટા ડાન્સ રિયાલિટી શોના સ્ટેજ પર પર્ફોર્મ કરવાનું છે. પરંતુ અચાનક એક એવી મુશ્કેલી આવી પડે છે કે તેનું આ સપનું તૂટી જાય છે, ત્યારે શિવ સામે એક અશક્ય નિર્ણય લેવાની સ્થિતિ આવી પડે છે. ત્યારે પોતાની દિકરીના સપનાને જીવંત રાખવા માટે તે દૃઢ નિશ્ચય લે છે અને એક સફર શરૂ કરે છે. તેમાં તેની સામે નવા પડકારો આવે છે અને તે પોતાની જાતના નવા પાસાઓ પણ જાણે છે. આ સફરમાં તેને જીવનમાં ખુશીનો નવો અર્થ પણ સમજાય છે. રેમો ડિસોઝાએ આ અંગેના નિવેદનમાં કહ્યું, ''મારા અને લિઝેલ માટે, બી હેપ્પી એક પેશન પ્રોજેક્ટ છે. જે સંગીત અને ડાન્સ દ્વારા પિતા ને પુત્રી વચ્ચેનો અનોખો અને મજબુત સંબંધ દર્શાવે છે. આ એવો સંબંધ છે જે યુનિવર્સિલ છે અને તેને કોઈ સંસ્કૃતિ કે દેશનું બંધન નડતું નથી. અમે એવી ભાવના સાથે ફિલ્મ બનાવવા માગતા હતા, જે ઓથેન્ટિક હોય અને તમને ઉત્સાહ આપે આવી પણ. પ્રાઈમ વીડિયો સાથેની અમારી સફર પણ ઘણી સારી રહી છે. આ ફિલ્મની સમગ્ર કાસ્ટ પ્યોર મેજિક છે. તેમણે ફિલ્મની વાર્તામાં જીવ અને પ્રાણ રેડી દીધા છે.'' આ ફિલ્મ ૨૪૦ દેશોમાં ૧૪ માર્ચથી સ્ટ્રીમ થશે.




## પત્નીથી લઈ ચૂક્યો છે છુટાછેડાં

# વર્ષોથી જાણીતો અભિનેતા ગર્લફ્રેન્ડ સાથે લિવઈનમાં રહે છે

વર્ષ ૨૦૦૦થી એક્ટર ઈમરાન ખાને 'જાને તૂ યા જાને ના' ડેબ્યુ કર્યું. તેણે પોતાના ચાર્મિંગ લુકના કારણે ઘણી ફીમેલ ચાહકોના દિલ જીતી લીધા હતા. પરંતુ કેટલાક વર્ષોથી આ ગાયબ છે. મોટા પરદેથી દૂર છે. જોકે, હવે તે ફરી એકવાર કમબેક કરવા માંગે છે, પરંતુ હાલમાં તેની પાસે કોઈ પ્રોજેક્ટ નથી કે, જેના પર તે કામ કરી શકે. હાલમાં જ ઈમરાન એક પોડકાસ્ટમાં જોવા મળ્યો હતો. મોર્ડન ડેટિંગ કોન્સેપ્ટને લઈને તેણે ખુલ્લીને વાત કરી હતી. ઈમરાન ખાને 'જાને તૂ યા જાને ના' ડેબ્યુ કર્યું. તેણે પોતાના ચાર્મિંગ લુકના કારણે ઘણી ફીમેલ ચાહકોના દિલ જીતી લીધા હતા ઉલ્લેખનીય છે કે, ઈમરાને પત્નિ અવંતિકા મલિકને છૂટાછેડા આપી દીધા છે. હવે આ એક્ટર લેખા વોશિંગટન સાથે લિવ ઈન રિલેશનમાં રહે છે. ઈમરાને લેખા સાથે પહેલા મુલાકાતને યાદ કરતાં કહ્યું કે, અમે બંને એક સારા મિત્રોના ગ્રુપનો ભાગ હતા. લેખાનો પૂર્વ જીવનસાથી મારો ખૂબ જૂનો સ્કૂલનો મિત્ર હતો. એટલે અમે બંને એક જ ગ્રુપનો ભાગ હતા. જ્યારે અમે બંનેએ સંબંધોની શરુઆત કરી હતી તો અમે અલગ- અલગ ઘરમાં રહેતા હતા. ''થોડા સમય પછી, લેખાએ મને કહ્યું કે આપણે સાથે રહેવાનો પ્રયાસ કરવો જોઈએ. અમારા બંનેના જીવન જીવવાની રીત ખૂબ જ અલગ છે. મારી પાસે ઘણી બધી વસ્તુઓ છે, પણ લેખા કહે છે કે મારી પાસે તું છે.''

## મેં મારી મમ્મીને આટલી ખુશ ક્યારેય જોઈ નથી : પ્રિતી

# પ્રીતિ માતા સાથે પહોંચી કાશી વિશ્વનાથ મંદિર

બોલીવુડની અભિનેત્રી પ્રીતિ ઝિન્ટાએ તાજેતરમાં પ્રયાગરાજમાં મહાકુંભમાં ત્રિવેણી સંગમમાં પવિત્ર સ્નાન કર્યા બાદ તેની માતા નીલપ્રભા ઝિન્ટા સાથે મહાશિવરાત્રી નિમિત્તે વારાણસીના કાશી વિશ્વનાથ મંદિરની મુલાકાત શેર કરી હતી. પ્રીતિ ઝિન્ટા માતા સાથે મંદિર પહોંચી હતી, પરંતુ એ દિવ્ય અનુભવને તાજેતરમાં શેર કરતા મહત્ત્વની વાત જણાવી હતી.વીઆઈપી સેવાઓ નહીં હોવાથી પ્રીતિએ ઓટો-રિક્ષા, સાઈકલ રિક્ષાનો ઉપયોગ કર્યો હતો. આજે પ્રીતિએ એક્સ પર લખ્યું હતું કે તેની યાત્રાના ફોટા અને વીડિયો પોસ્ટ કર્યા હતા અને સાથે તેણે પ્રયાગરાજથી વારાણસી સુધીની ડ્રાઈવ દરમિયાન રસ્તાઓ પર ભીડને કારણે વાહનોને કેવી રીતે પ્રતિબંધિત કરવામાં આવ્યા હતા એના અંગે જણાવ્યું હતું. જોકે, પાછા ફરવાને બદલે પ્રીતિ અને તેની માતાએ જાહેર પરિવહનનો ઉપયોગ કરીને ભક્તો સાથે પગપાળા મુસાફરી ચાલુ રાખવાનું નક્કી કર્યું હતું. આ પ્રવાસ ખૂબ સાહસિક રહ્યો હતો. મારી મમ્મી શિવરાત્રી માટે વારાણસીમાં અમારો મહાકુંભનો પ્રવાસ પૂરો કરવા માગતી હતી, તેથી હું તેને લઈને કાશી ગઈ હતી. અમે ત્યાં પહોંચ્યા પછી અમને જાણવા મળ્યું કે ભારે ભીડને કારણે કારની એન્ટરીને મંજૂરી આપવામાં આવતી નહોતી અને રસ્તાઓ બ્લોક કરવામાં આવ્યા હતા, જેથી લોકો કાશી વિશ્વનાથ મંદિરમાં ચાલીને દર્શન કરી શકે, તેથી અમે કાર, ઑટો-રિક્ષાથી લઈને સાઈકલ રિક્ષા સુધી અમે આ બધાનો અનુભવ લીધો, અમે ભીડમાં પણ ચાલ્યા હતા.બોલીવુડ સેલિબ્રિટીએ VIP વિશેષાધિકારો વિના મંદિરમાં આરતીમાં હાજરી આપી હતી.



## સંદીપનો એક ઇન્ટરવ્યુ પણ વાયરલ થયો

# સંદીપ રેડ્ડી વાંગાની પહેલી પસંદ હતો રણબીર

**સંદીપ રેડ્ડી વાંગા તેમના સ્પષ્ટવક્તા માટે જાણીતા છે, તેમની ફિલ્મોમાં દેખાતી હિંસા જોઈને દરેક વ્યક્તિ દંગ રહી જાય છે**



આ દિવસોમાં સંદીપનો એક ઈન્ટરવ્યુ પણ વાયરલ થઈ રહ્યો છે જેમાં તેણે તેની ફિલ્મો અને તેની આસપાસના વિવાદો વિશે ખુલ્લેઆમ વાત કરી છે. તેમણે તેમની ફિલ્મ 'એનિમલ' વિશે પણ વાત કરી જેમાં તેમણે કોઈ પણ ખચકાટ વિના કહ્યું કે રણબીર આ ફિલ્મ માટે તેમની પહેલી પસંદગી છે.ફિલ્મ નિર્માતા સંદીપ રેડ્ડી વાંગા તેમના સ્પષ્ટવક્તા માટે જાણીતા છે. તેમની ફિલ્મોમાં દેખાતી હિંસા જોઈને દરેક વ્યક્તિ દંગ રહી જાય છે. ઘણા લોકોને તેમની ફિલ્મ 'એનિમલ' સામે પણ વાંધો હતો પરંતુ તે બધી બાબતોથી તેમને કોઈ ફરક પડ્યો નહીં. તે પોતાની ફિલ્મોમાં જે રીતે એક અભિનેતાનું પાત્ર ભજવે છે તે મોટા પડદા પર જોવા લાયક છે. સંદીપે મોટા પડદા પર રણબીર કપૂરનું પાત્ર જે રીતે ભજવ્યું તે જોઈને બધા આશ્ચર્યચકિત થઈ ગયાઆ દિવસોમાં, સંદીપનો એક ઈન્ટરવ્યુ પણ વાયરલ થઈ રહ્યો છે જેમાં તેણે તેની ફિલ્મો અને તેની આસપાસના વિવાદો વિશે ખુલ્લેઆમ વાત કરી છે. સંદીપે પોતાની વાતચીતમાં 'એનિમલ' ફિલ્મ વિશે પણ ઘણી વાતો કહી. આ દરમિયાન, તેમણે રણબીર કપૂરની કારીગરીની પણ પ્રશંસા કરી. સંદીપે કહ્યું, 'જ્યારે હું રણબીરનું જૂનું કામ, તેનો ગુસ્સો અને ઘમંડ જોઉં છું, ત્યારે તે અભિનય કરતી વખતે આ બધી બાબતો સ્પષ્ટપણે દેખાય છે.''મને તેની પહેલી ફિલ્મથી જ તેનો અભિનય ગમ્યો.' તેમણે આગળ કહ્યું કે 'એનિમલ' માટે રણબીર તેમની પહેલી પસંદગી હતો. 'રણબીર મારી પહેલી પસંદગી હતી.' મેં પહેલી વાર તેમને આ ફિલ્મ ફક્ત એક વિચાર તરીકે કહી હતી અને તેમને તે ગમ્યું. પછી મેં તેની પટકથા લખવાનું શરૂ કર્યું, જેમાં મને લગભગ એક વર્ષનો સમય લાગ્યો. પરંતુ આ સમય દરમિયાન તે દરેક દ્રશ્યમાં સામેલ હતો.

## ઇમ્તિઆઝ અલીની સિરીઝનું કામ શરૂ

# એક્ટિંગ હવે પૈસાવાળાનો ધંધો, કળા નથી રહી



## ધ મહેતા બોય્ઝ પછી હવે અવિનાશ તિવારી અદિતિ રાવ હૈદરી સાથે ઇમ્તિઆઝ અલીની સિરીઝમાં કામ કરી રહ્યો છે

અવિનાશ તિવારીએ ફિલ્મોમાં શરૂઆત તો જોરદાર કરી હતી, તેણે ઈમ્તિઆઝ અલીની 'લૈલા મજનુ' જેવી ફિલ્મો સાથે કેરિરની શરૂઆત કરી હતી. પછીથી એ ઓટીટી માટેનો સફળ કલકાર બની ગયો. તાજેતરમાં જ તેની બીજી એક ફિલ્મ ઓટીટી પર રિલીઝ થઈ છે, 'ધ મહેતા બોય્ઝ' જે બોમન ઈરાની દ્વારા ડિરેક્ટ કરવામાં આવી છે. આ પહેલાં તેણે 'સિકંદર કા મુકદર'માં પણ જોરદાર અભિનય કર્યો હતો. તાજેતરમાં એક ઈન્ટરવ્યુમાં તેણે ફિલ્મોની દુનિયા અને અભિનય અંગે વાત કરી હતી. અવિનાશ તિવારીએ કહ્યું, ''પાંચ દિવસ તમને સારું લાગે છે અને પછીના દસ દિવસ તમને એવું લાગે કે આવું તે કંઈ જીવન હોય. ફરી પાંચ દિવસ એવા જાય કે તમને લાગે, વાહ આને જીવન કહેવાય. મારું જીવન હંમેશા આવું જ રહ્યું છે.''છેલ્લાં દસ વર્ષમાં ઘણી મહેનતથી અવિનાશ તિવારીએ પોતાનું એક સ્થાન બનાવ્યું છે. ત્યારે પોતાના કામમાં આવેલાં પડકારો વિશે અવિનાશ કહે છે, ''એક્ટિંગ સિવાય આ કામમાં જે પણ જોડાયેલું છે એ બધું જ મારા માટે ચૅલેન્જિંગ છે. તમારે એક મહિનામાં દસ ઈવેન્ટમાં હાજર રહેવાનું હોય તો એમાં ક્યા કપડાં પહેરવા એ જ મારા માટે માથાનો દુઃખાવો છે. તેના માટે તમે એક ટીમ રાખો અને એ તમારા આસપાસના માહોલમાં વહી જાય અને તમારા માટે તમારી ઓળખ જાળવી રાખવાનું મુશ્કેલ બની જાય. તમારે તમારી ખરી ઓળખ જાળવી રાખવું એ બધો પૈસાનો ખેલ બની ગયો છે. બધું જ પૈસાથી ચાલે છે, એક્ટિંગ હવે એક અમીર માણસનો બિઝનેસ બની ગયો છે. આ હવે માત્ર એક કળા અને કૌશલ્ય નથી રહી, એક બિઝનેસ બની ગઈ છે. આ બધું મારા માટે ચૅલેન્જિંગ છે.''ધ મહેતા બોય્ઝ પછી હવે અવિનાશ તિવારી અદિતિ રાવ હૈદરી સાથે ઈમ્તિઆઝ અલીની સિરીઝમાં કામ કરી રહ્યો છે.

# પિતાના નિધનના છ દિવસ પછી પ્રિયંકાએ પાર્ટીનું કર્યું હતું આયોજન

## માતા મધુ ચોપરાએ પ્રિયંકાની આગામી ફિલ્મ અને તેના જીવનના મુશ્કેલ તબક્કા વિશે ચોંકાવનારી વાત કરી

બોલિવૂડની સેન્સેશનલ બ્યુટી પ્રિયંકા ચોપરા હવે બોલીવુડ બાદ હોલીવુડ ઈન્ડસ્ટ્રી પર રાજ કરી રહી છે. પ્રિયંકા ઘણી મુશ્કેલીઓ અને પ્રયત્નો પછી સફળતાના શિખરે પહોંચી છે. પ્રિયંકા હવે ઈન્ટરનેશનલ સ્ટાર બની ગઈ છે. આ દિવસોમાં પ્રિયંકા તેની આગામી ફિલ્મને લઈને ચર્ચામાં છે. અભિનેત્રી એસએસ રાજામૌલીની 'SSMB ૨૮'માં સાઉથના સુપરસ્ટાર મહેશ બાબુ સાથે જોવા મળશે. પ્રિયંકાના ચાહકોને આ ફિલ્મ પાસેથી ઘણી અપેક્ષાઓ છે. અભિનેત્રી લાંબા સમય બાદ ભારતીય ફિલ્મમાં જોવા મળશે, જેનું શૂટિંગ હાલ હૈદરાબાદમાં ચાલી રહ્યું છે. દરમિયાન, પ્રિયંકા ચોપરાની માતા મધુ ચોપરાએ પ્રિયંકાની આગામી ફિલ્મ અને તેના જીવનના મુશ્કેલ તબક્કા વિશે ચોંકાવનારી વાત કરી હતી. મધુ ચોપરાએ કહ્યું હતું કે તેમના જીવનના વિવિધ પાસાઓ વિશે વાત કરી. તેમણે તેના પતિ અશોક ચોપરાના મૃત્યુ વિશે પણ દિલ ખોલીને ચર્ચા કરી અને જણાવ્યું હતું કે કેવી રીતે પ્રિયંકાએ તેના પિતાના મૃત્યુના ૬ દિવસ પછી તેની માતા મધુ ચોપરા માટે જન્મદિવસની પાર્ટીનું આયોજન કર્યું હતું.મધુ ચોપરાએ જણાવ્યું કે જ્યારે તેમના પતિ અને પ્રિયંકાના પિતા અશોક ચોપરાનું નિધન થયું ત્યારે તેમનો પરિવાર દુઃખી થઈ ગયો હતો. પરંતુ, દુઃખની આ ઘડીમાં પણ પ્રિયંકા તેની માતા અને ભાઈની પડખે ઊભી હતી. એટલું જ નહીં, તેણે તેના માટે જન્મદિવસની પાર્ટી પણ યોજી હતી, જેમાં તેણે જોન અબ્રાહમને પણ આમંત્રણ આપ્યું હતું. જહોને આ પાર્ટીમાં હાજરી આપી હતી. મધુ ચોપરાએ કહ્યું હતું કે તેમના પતિનું મૃત્યુ ૧૦ જૂન ૨૦૧૩માં થયું હતું અને મારો જન્મદિવસ ૧૬ જૂને છે. હું ૬૦ વર્ષની થઈ હતી અને તેઓએ મારા માટે એક મોટી પાર્ટીનું આયોજન કર્યુ હતું. તેમની બીમારીના કારણે આખો પરિવાર ત્યાં પહેલેથી જ હાજર હતો. તેમના નિધન પછી અમે શોકમાં હતા, પરંતુ પ્રિયંકાએ આગ્રહ કર્યો હતો કે અમે પાર્ટી રાખીએ અને બધાને રોકાઈ જવા પણ આગ્રહ કર્યો હતો પ્રિયંકાએ લોકોને કહ્યું- 'પાપા પણ એવું જ ઈચ્છતા હતા.'મધુ ચોપરાએ આગળ કહ્યું હતું કે પ્રિયંકાનું માનવું હતું કે તેની માતાએ આ ક્ષણનો આનંદ માણવો જોઈએ, તેથી તેણે ડીજે અને સંગીત સાથે પાર્ટીનું આયોજન કર્યુ હતું. જોકે, પરિવારના ઘણા સભ્યો આનાથી નાખુશ હતા.



# મને ૫૦-૬૦ના દાયકાના એક્ટર બનવાની ઇચ્છા છે

અનન્યા પાંડેએ ૨૦૧૯માં 'સ્ટુડન્ટ ઓફ ધ યર' સાથે પોતાની શરૂઆત કરી હતી, ત્યારથી તેણે માસાલા ફિલ્મ્સથી લઈને 'ગહેરાઈયાં' પછી 'જસ્ટ કોલ મી બૅ' અને 'સીટીઆરએલ' જેવી ઓટીટી ફિલ્મ અને સિરીઝમાં યાદગાર રોલ કર્યા છે. તાજેતરમાં વોગ દ્વારા તેનું એક અલગ પ્રકારનું ઈન્ટરવ્યુ કરવામાં આવ્યું હતું. જેમાં અનન્યાનાં નજીકના લોકોએ અનન્યાને પ્રશ્નો પૂછ્યા હતા. તેમાં શનાયા કપૂર, મહિપ કપૂર, ચંકી પાંડે, સુહાના ખાન, શકુન બત્રા, અમિત અગ્રવાલ, રાઈસા પાંડે અને નવ્યા નંદા સહિતના લોકોએ તેને પ્રશ્નો પૂછ્યા હતા. શનાયા કપૂરના પ્રશ્નના જવાબમાં અનન્યાએ કહ્યું,''મને એવી ઘણી નાની નાની ક્ષણો મળી છે, જ્યારે મને લાગ્યું હોય તે મેં હવે કરી બતાવ્યું, પરંતુ એવો કોઈ મોટો પ્રસંગ બન્યો નથી કારણ કે હું સંતોષ માનીને બેસી જવા માગતી નથી. સ્કૂલમાં પણ હું મહેનતુ હતી અને હંમેશા પહેલી બેંચ પર બેસતી અને ટીચર્સને ગમતી વિદ્યાર્થીની હતી - તું અને સુહાના તો જાણો જ છો. પરંતુ એમાં બીજાને હરાવવાની ભાવના ઓછી અને પહેલાં કરતાં વધુ સારું કામ કરવાની ભાવના વધુ રહેતી. જ્યારે મેં પહેલી ફિલ્મ કરી ત્યારે કે પછી મને પહેલો ફિલ્મફેર એવોર્ડ મળ્યો ત્યારે મને લાગેલું કે, ''મેં કશુંક મેળવી લીધું.'' પરંતુ હંમેશા આગળ શું કરવું એ વિચાર રહ્યો છે. હું ખરેખર નથી ઈચ્છતી કે મને ક્યારેય એવો વિચાર આવે કે મેં હવે કશુંક મેળવી લીધું છે.''આ ઈન્ટરવ્યુમાં કોલિન ડી' કુન્હાએ તેને કેવું પાત્ર ભજવવાની ઈચ્છા છે, એવું પૂછ્યું હતું. જેના જવાબમાં અન્નયાએ કહ્યું કે તેને 'કભી ખુશી કભી ગમ'ની પૂ, 'જબ વી મેટ'ની ગીત તેના દિલથી નજીક છે. તેને આ ફિલ્મોમાં કરેલાં કરીના રોલનો એક ટકા રોલ પણ કરવા મળે તો મજા પડશે.



## પાપારાઝીએ પકડી પાડી

# અભિનેત્રી શ્રદ્ધા કપૂર ના મોબાઈલ વોલપેપર પણ કોનો ફોટો છે?



## અભિનેતા શક્તિ કપૂરની લાડલી શ્રદ્ધા એક સારી અભિનેત્રી સાબિત થઈ ચૂકી છે, શ્રદ્ધા સોશિયલ મીડિયા પર એક્ટિવ રહે છે

અભિનેત્રી શ્રદ્ધા કપૂર સ્ત્રી-૨ ફિલ્મમાં દેખાઈ હતી. આજકાલ હીરોઈન આમ તો ચર્ચામાં નથી, પરંતુ તાજેતરમાં પાપારાઝીએ તેનો એક વીડિયો વાયરલ કરી તેને ચર્ચામાં લાવી દીધી છે.અભિનેતા શક્તિ કપૂરની લાડલી શ્રદ્ધા એક સારી અભિનેત્રી સાબિત થઈ ચૂકી છે. શ્રદ્ધા સોશિયલ મીડિયા પર એક્ટિવ રહે છે. શ્રદ્ધાની પર્સનલ લાઈફની વાત કરીએ તો તે હજુ સિંગલ છે, પરંતુ રાહુલ મોદી સાથેના તેનાં સંબંધોની વાતો બોલીવૂડમાં થતી રહે છે. જોકે શ્રદ્ધા કે રાહુલ ક્યારેય ઓફિશિયલી આ વાત જાહેરમાં કહેતા નથી, પણ પાપારાઝીએ તેને પકડી પાડી છે.હકીકતમાં બન્યુ એવું કે શ્રદ્ધા કપૂર જીમમાંથી બહાર નીકળતી હતી ત્યારે પાપારાઝીઓ ત્યાં હાજર જ હતા. શ્રદ્ધાએ ફોટા કે પોઝ આપવાનું ટાળ્યું અને કારમાં બેસવા ગઈ તેવામાં તેનાં ફોનનો વીડિયો કોઈએ ઉતાર્યો અને તસવીરો પણ ખેંચી. શ્રદ્ધાના મોબાઈલના વૉલપેપર પર રાહુલ મોદી સાથેની તેની રોમાન્ટિક તસવીર હતી. રાહુલે તેને બાથમાં ભરી હોય તેવી તસવીર કેમેરામાં કેદ થઈ હવે તેનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જે સાબિત કરે છે કે બન્ને રિલેશનશિપમાં છે.જોકે આ પહેલીવાર નથી કે તેમના સંબંધો બહાર આવ્યા હોય. એક લગ્નસમારંભમાં તે રાહુલ સાતે ગઈ હતી તો ઘણીવાર તેઓ આઉટિંગ માટે સાથે જોવા મળ્યા છે. રાહુલ બિઝનેસમેન તો છે જ સાથે સ્ક્રીપ્ટ લખે છે અને ડિરેક્શન પણ કરે છે. હવે શ્રદ્ધા અને રાહુલ ઓફિશિયલી ક્યારે એકબીજાના થાય છે અને શક્તિ કપૂરના ઘરે પણ ત્યારે શરણાઈ વાગે છે તેની સૌ કોઈ રાહ જોઈ રહ્યા છે.

### રઘુવંશી સમાજમાં ભારે આક્રોશ

# જલારામ બાપા પર વિવાદિત ટિપ્પણી બાદ સ્વામિનારાયણ સ્વામીએ માંગી માફી

। (પ્રતિનિધી) અમદાવાદ,તા.૪ ।

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયના ફરી એક અન્ય સ્વામીએ બફાટ કરતાં વિવાદ ઊભો થયો છે. વડતાલના સ્વામી જ્ઞાનપ્રકાશ સુરતના અમરોલી ખાતે એક સત્સંગ દરમિયાન જલારામ બાપા વિશે વિવાદાસ્પદ ટિપ્પણીના કારણે વિવાદ વકર્યો છે. વિવાદિત નિવેદનના કારણે રઘુવંશી સમાજના લોકો ઉગ્ર પ્રતિક્રિયા સાથે રોષ વ્યક્ત કરી રહ્યા છે. નોંધનીય છે કે, વિવાદ વકરતા જ્ઞાનપ્રકાશ સ્વામીએ માફી માંગીને વિવાદિત વીડિયો ડિલીટ પણ કરી દીધો છે.

વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાય સાથે સંકળાયેલા જ્ઞાનપ્રકાશ સ્વામી સુરતના અમરોલીમાં સત્સંગમાં હાજરી આપવા પહોંચ્યા હતાં. જ્યાં તેમણે કહ્યું કે, 'જલારામ બાપાનો ઈતિહાસ ગુણાતિત સ્વામી સાથે જોડાયેલો છે. ગુણાતિત સ્વામીએ જલા ભગતને આશિર્વાદ આપ્યા હતાં. જલારામ બાપાએ સદાવ્રત માટે ગુણાતિત સ્વામી પાસે આશિર્વાદ માંગ્યા હતાં કે, સ્વામી મારૂ એક માત્ર લક્ષ્ય છે કે, અહીં કાયમ માટે સદાવ્રત ચાલે અને જે કોઈ અહીં આવે તેમને પ્રસાદ મળે. જલા ભગતે ગુણાતિત સ્વામીને બાટી અને દાળ જમાડ્યાં. બાદમાં સ્વામીએ જલા ભગતને આશિર્વાદ આપ્યાં કે, તમારો ભંડાર કાયમ ભર્યો રહેશે.'

જ્ઞાનપ્રકાશ સ્વામીના આ નિવેદનને લઈને જલારામ બાપાના ભક્તોમાં રોષ ભભુક્યો છે. આ વીડિયો વાઈરલ થતાં રઘુવંશી સમાજે જ્ઞાનપ્રકાશ સ્વામી સામે રોષ વ્યક્ત કરી વિરોધ નોંધાવ્યો હતો. જોકે, વિવાદ વકરતાં જ્ઞાન પ્રકાશ સ્વામીએ અન્ય એક વીડિયો શેર કરી માફી માંગી છે. માફી માંગતા વીડિયોમાં જ્ઞાનપ્રકાશ સ્વામીએ કહ્યું કે, 'સંત શિરોમણી જલારામ બાપાના ચરણોમાં સત્-સત્ વંદન કરી મારી વાત રજૂ કરૂ છું. થોડા સમય પહેલાં મેં એક પુસ્તકમાં પ્રસંગ વાંચ્યો હતો. એ જ પ્રસંગ મેં અન્ય એક મેગેઝિનમાં પણ વાંચ્યો. મને લાગ્યું કે, આમાં જલારામ બાપાની ખૂબ સારી વાત કરવામાં આવી છે. અયોધ્યામાં જલારામ બાપાએ જે કામ કર્યા અનેસ ભગવાસનના થાળ અંગે જે વાતો છે, તે અંગે મેં વાત કરી હતી. તેમ છતાં જો કોઈપણ સમાજ કે વ્યક્તિને મારી વાતનું દુઃખ લાગ્યું હોય તો હું ખરા દિલથી તમામની માફી માંગુ છું. તેમજ આ વીડિયો પણ અમે તુરંત હટાવી દીધો છે.

# ઝાલોદ તાલુકાના ગ્રામજનો દ્વારા નલ સે જલ યોજનામા થયેલ ભ્રષ્ટાચાર વિશે તપાસ કરવા માંગ કરાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૪ ।

પાણી પુરવઠા અને પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપી નિષ્પક્ષ તપાસની માંગ કરાઈ, ઝાલોદ તાલુકાના વિવિધ વિસ્તારોમાં આવેલ ગામોમાં નલ સે જલ યોજનામાં થયેલ યોજનામાં થયેલા ભ્રષ્ટાચાર ને નિષ્પક્ષ રીતે તપાસ કરી પ્રત્યેક ઘર સુધી પાણી વહેલી તકે પહોંચે તે માટે એક લેખિત અરજી પાણી પુરવઠા કચેરી અને પ્રાંત અધિકારીને ગ્રામજનો દ્વારા આપવામાં આવી હતી. તારીખ ૦૪-૦૩-૨૦૨૫ મંગળવારના રોજ ઝાલોદ તાલુકામા સમાવિષ્ટ અલગ અલગ ગામોના આગેવાનો દ્વારા નલ સે જલ યોજનામાં થયેલ ભ્રષ્ટાચાર વિશે તપાસ કરવા માટે લેખિત અરજી આપવામાં આવી હતી. ઝાલોદ તાલુકો આદિવાસી વિસ્તાર ધરાવતો વિસ્તાર છે આ તાલુકામાં આવેલ ગામડાઓમાં આદિવાસી સમાજના લોકો વધુ વસે છે. આ તાલુકામાં અંદાજીત ૧૧૦ ગામડાઓમા બે લાખ જેટલી આદિવાસી વસ્તી ધરાવતો તાલુકો છે. ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઘરે ઘરે પાણી પહોંચે તે માટે નલ સે જલ યોજના ચાલુ કરવામાં આવી હતી અને આ માટે સરકાર દ્વારા કરોડો રૂપિયાની ગ્રાન્ટ પણ ફાળવવામાં આવી હતી. આ અંગે ગુજરાતના મુખ્યમંત્રી દ્વારા પણ અથાગ પ્રયત્નો કરવામાં આવેલ હોવા છતાંય આ યોજનાનો લાભ છેવાડે વસતા આદિવાસી સમાજ ને મળેલ નથી. વિવિધ ગામના આગેવાનો દ્વારા વાસ્મોની વેબસાઈટ પરથી તમામ ગામની કામગીરી ૨૦૨૨ મા પૂર્ણ થયેલ ફોટાઓ અરજી સાથે જોડી બતાવેલ હતા અને જે તે સ્થળે આ યોજનાની કોઈ નક્કર કામગીરી નથી થઈ તેમજ ૯૦% ગામોમાં હજુ સુધી પાણી પહોંચ્યું નથી. જો સરકાર આ યોજના પૂર્ણ થયેલ હોવાના દાવા આ વિસ્તાર માટે કરતી હોય તો સરકારને વિવિધ એજન્સીઓ દ્વારા જે કામગીરી કરેલ છે તે ભ્રષ્ટાચાર થયેલ છે અને ખોટા દસ્તાવેજો આપી કાગળ પર દર્શાવી વિવિધ ગામોના આ યોજનાના રૂપિયા વિવિધ એજન્સીઓ દ્વારા ચાંઉ કરી લેવામાં આવેલ છે.

સરકાર દ્વારા આ યોજના પૂર્ણ કરવા માટે વાસ્મો એજન્સીને જવાબદારી સોંપવામાં આવેલ હતી પરંતુ કોઈ વિસ્તારમાં નલ સે જલ યોજનાની નક્કર કામગીરી જોવા મળતી નથી તો આ યોજનામાં કામગીરી કરતી એજન્સીઓ તેમજ વિવિધ અધિકારીઓ ખૂબ મોટા પ્રમાણમાં ભ્રષ્ટાચાર આચરી સરકારી રૂપિયા ઉપાડી ભ્રષ્ટાચાર કર્યા હોવાની લેખિત અરજી દ્વારા આ અંગે ઝાલોદ તાલુકામાં સમાવિષ્ટ વિવિધ ગામોમાં તપાસ કરી જવાબદાર કમર્ચારી અને અધિકારીઓ પર કાયદેસરની કાયર્વાહી કરવા માટે માંગ કરવામાં આવી હતી. આગામી પંદર દિવસમાં જો યોગ્ય કામગીરી કરી તપાસ કરવામાં નહીં આવે અને ૦૧-૦૫-૨૦૨૪ સુધી નલ સે જલ યોજના થકી સુદ્ધ પાણી નહીં મળે તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવેલ હતી.

# સાસણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યા સિંહ દર્શન, વર્લ્ડ વાઈલ્ડલાઈફ ડે પર આપ્યો સંદેશ

। (પ્રતિનિધી) સાસણ, તા.૪ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વર્લ્ડ વાઈલ્ડલાઈફ ડે પર સોમવારે (૩ માર્ચ) સવારે જૂનાગઢ જિલ્લામાં ગીર અભયારણ્યમાં જંગલ સફારીનો આનંદ માણ્યો અને એશિયાઈ સિંહોને નિહાળ્યા હતા. સોમનાથથી પાછા ફર્યા બાદ મોદીએ સાસણમાં આવેલા ફોરેસ્ટ ગેસ્ટ હાઉસ 'સિંહ સદન'માં રાત્રી વિશ્રામ કર્યો હતો. રવિવાર (૨ માર્ચ) સાંજે, તેમણે સોમનાથ મંદિરમાં ભગવાન શિવની પૂજા કરી હતી. સિંહ સદનથી વડાપ્રધાન મોદી જંગલ સફારી પર ગયા હતા. તેમની સાથે કેટલાક મંત્રીઓ અને વન વિભાગના વરિષ્ઠ અધિકારીઓ પણ હતા. એક સરકારી પ્રકાશનમાં જણાવાયું છે કે કેન્દ્ર સરકારે એશિયાઈ સિંહોના સંરક્ષણ માટે પ્રોજેક્ટ લાયન હેઠળ ૨,૯૦૦ કરોડ રૂપિયાથી વધુની રકમ મંજૂર કરી છે. આ સિંહોનું એકમાત્ર નિવાસસ્થાન ગુજરાત છે. હાલમાં ગુજરાતના નવ જિલ્લાઓના ૫૩ તાલુકાઓમાં એશિયાટિક સિંહો લગભગ ૩૦,૦૦૦ ચોરસ કિલોમીટરમાં વસે છે.

### રાજકોટ મનપાએ હાથ ધરી આવી કામગીરી

# રાજકોટના બેડી વિસ્તારમાં જળકુંભી વેલનો વિસ્તાર વધતા મચ્છરોનો ઉપદ્રવ

। (પ્રતિનિધી) રાજકોટ,તા.૪ ।

પાણી ભરાવા અને ગંદકી થવાના કારણે મચ્છરોનો ઉપદ્રવ વધતો હોય છે, જેને લઈને મચ્છરજન્ય રોગ ફેલાય છે. રાજકોટમાં પણ આવી જ પરિસ્થિતિ સર્જાઈ હતી. ત્યારે નાગરિકોની વારંવાર રજૂઆતને પગલે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરમાંથી જળકુંભી વેલ હટાવવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. સ્થાનિકો દ્વારા જળકુંભી વેલના કારણે પડી રહેલી હાલાકીને ધ્યાનમાં લઈને મનપા દ્વારા આ પગલું લેવામાં આવ્યું છે. "જળકુંભી વેલના કારણે મચ્છરો અને માછલીઓનો ઉપદ્રવ ખૂબ વધી ગયો હતો. આ સમસ્યાને નાથવા માટે જળકુંભી દૂર કરવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. બેડી વિસ્તારમાં જળકુંભી વેલ વધારે પ્રમાણમાં જોવા મળી રહી છે. જેથી આ વિસ્તારમાંથી જળકુંભીનો સફાયો કરવા માટે ૨ મશીન મૂકવામાં આવ્યા છે."મનપા દ્વારા મશીનની મદદથી જળકુંભી વેલ દૂર કરવામાં આવી રહી છે. હાલમાં બે મશીન કાર્યરત છે અને બેડી વિસ્તારમાંથી દરરોજ ૧ ટનથી વધુ જળકુંભી દૂર કરવામાં આવી રહી છે. જરૂર પડ્યે વધુ ૨-૩ મશીન મુકવામાં આવશે જેથી કામગીરી ઝડપથી પૂર્ણ થાય અને લોકોને રાહત મળે.તેમણે વધુમાં જણાવ્યું કે, "જ્યાં મશીન પહોંચી શકતું નથી, તેવા વિસ્તારોમાં ડ્રોન દ્વારા દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે.

# વડોદરાના ૩૧૪ ધાર્મિક દબાણો તોડી પાડવા પાલિકા દ્વારા કવાયત શરૂ કરાઇ

। (માહિતી) વડોદરા, તા.૪ ।

વડોદરા શહેરમાં ૩૧૪ સ્થળે ધાર્મિક દબાણો થયેલા છે. આ દબાણો સ્વેચ્છાએ દૂર થાય તે માટે સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન અનુસાર પાલિકા દ્વારા બેઠકોનો દોર ચાલી રહ્યો છે. અત્યાર સુધીમાં આઠ મિટિંગો યોજાઈ ચુકી છે અને ગુરૂવારે તમામ ધર્મના વડાઓ અને ધાર્મિક સ્થાન સાથે સંકળાયેલા વ્યક્તિઓ સાથે પાલિકાના કેતન જોષી દ્વારા સમીક્ષા બેઠક યોજવામાં આવી હતી. વડોદરા શહેરના નોર્થ ઝોનમાં સૌથી વધુ ૧૨૮ દબાણો આવેલા છે. આ દબાણો પૈકી કેટલાક માલિકીના છે, કેટલાક પાલિકાની જગ્યામાં છે અને કેટલાક ખાનગી જગ્યામાં છે. જેથી આ દબાણો સ્વેચ્છાએ દૂર થાય તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પાલિકાની જગ્યામાં છે તેને ખસેડી માલિકીની જગ્યામાં સ્થાપિત કરવામાં આવે, જે માલિકીની જગ્યામાં છે પરંતુ નડતરરૂપ છે તેને પણ અન્ય સ્થળે રિલોકેટ કરવામાં આવે તેમજ જે ગેરકાયદે છે તે કોઈ માલિકીના સ્થળે ખસેડવામાં આવે તો નગર દબાણમુક્ત થાય અને આ ધાર્મિક સ્થળો સાથે જેમની આસ્થા સંકળાયેલી છે.

### તંત્ર દ્વારા કાર્યવાહી ન થતાં થયેલી રિટ પિટિશનમાં સોગંદનામું કરી સ્પષ્ટતા કરવા હાઈકોર્ટનો આદેશ

# બાંધકામના વિવાદમાં તાલાલા નગરપાલિકાને હાઇકોર્ટની ફટકાર

। (માહિતી) અમદાવાદ, તા.૪ ।

હાઈકોર્ટ સમક્ષ થયેલી એક રિટ પિટિશનમાં રહેણાંક વિસ્તારમાં કોમર્શિયલ બાંધકામના વિવાદમાં તાલાલા નગરપાલીકાનો હાઈકોર્ટે ઉધડો લીધો હતો અને એક તબક્કે ન.પા.ના ચીફ ઓફિસરને કોર્ટ સમક્ષ હાજર થવા ફરમાન કર્યો હતો. આ કેસ અંગે જાણવા મળતી વિગતો મુજબ તાલાલા નગરપાલીકાની હદમાં આવેલા રેસીડેન્સી વિસ્તારમાં ગેરકાયદેસર કોમર્શિયલ બાંધકામ બાબત ગીર સોમનાથ જિલ્લાથી ગાંધીનગર સુધી અનેક મૌખિક રજુઆતો પર્યાવરણ બચાવ સુરક્ષા સમિતિના તાલાલા તાલુકાના પ્રમુખ અને એક પત્રકાર ઈરફાન ભાંગાણી દ્વારા કરવામાં આવેલ હતી. પંરતુ સ્થાનિક તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી ન થતાં છેલ્લે નામદાર ગુજરાત હાઈકોટના દ્વાર ખખડાવ્યા હતા. જેમાં એડવોકેટ પ્રશાંતભાઇ ચાવડાએ અરજદારો તરફથી હાઈકોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી. એડવોકેટ પ્રશાંત ચાવડાએ કોર્ટને જણાવ્યુ હતું કે,'રહેણાંક વિસ્તાર હોવા છતાંય વિવાદીત સ્થળે કોમર્શિયલ બાંધકામ બનાવી કાઢવામાં આવ્યુ હતું.' હાઈકોર્ટે રિટમાં એવો સવાલ કર્યો હતો કે નગરપાલિકા તરફથી કોણ ઉપસ્થિત થયા છે, આ મામલે તમારે કાર્યવાહી કરવી જ પડે. આ બાબતના જવાબદાર અધિકારી કોણ છે? ચીફ ઓફિસર એ વ્યક્તિ છે કે તેની વૈધાનિક જવાબદારી બને છે. તે કોઈ પણ સહી કે કોઈ નામ લખ્યા વિના નોટિસ પાઠવે એ વ્યક્તિ કેવી રીતે ચીફ ઓફિસર હોઈ શકે? કોર્ટ આ મામલો મેરિટ ઉપર ચલાવશે. જો ચીફ ઓફિસર આ રીતે પોતાની સત્તાનો ઉપયોગ કરતાં હોય તો શું એ યોગ્ય છે?'ત્યારબાદ કોર્ટે આદેશમાં નોંધ્યું હતું કે,'અરજદાર તાલાલા નગરપાલિકાના રહેવાસી છે અને ગેરકાયદેસર બાંધકામ મુદ્દે તેમણે સંબંધિત ઓથોરિટી સમક્ષ જાણ કરી વાંધા ઉઠાવ્યા હતા.

# સાયલાના મોટા ભડલા ગામે કૌટુંબિક કાકીના પ્રેમીએ દિયરની હત્યા કરી

। (માહિતી) સુરેન્દ્રનગર, તા.૪ ।

સાયલા તાલુકાના છેવાડાના સુખભાદર નદીને કાંઠે આવેલા મોટા ભડલા ગામે પરિણીતાના પ્રેમીએ એક યુવકની હત્યા કરી નાખતા ચકચાર મચી છે. આ મામલે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મોટા ભડલા ગામમાં રહેતા સતા ઉળે સતિષ ભોટાભાઈ ખરગીયાને તેનાં જ કુંટુંબના બોઘાભાઈની પત્ની લખીબેન સાથે છેલ્લા ચારેક વર્ષ અગાઉ આંખ મળી જતા બંને વચ્ચે પ્રેમસંબંધ બંધાયો હતો. બન્ને અવારનવાર એકબીજાને મળતા હતા. મંગળવારની રાતે એકાદ વાગ્યાના અરસામાં સતો ઉળે સતિષ લખીબેનને મળવા તેના ઘરે ગયો તે સમયે ઘરના લોકો જાગી જતા દેકારો બોલી ગયો હતો. રાતના સમયે થયેલ દેકારા બાદ સતો ઉળે સતિષ ત્યાંથી નાસી છૂટી પોતાના ઘરમાં ઘૂસી ગયો હતો. એ પછી બોઘાભાઈ, તેમના ભાઈ ભુરાભાઈ સહિત ત્રણથી ચાર લોકો સતાને આ અનૈતિક સંબંધ બાબતે સમજાવવા તેના ઘરે ગયા હતા અને સમજાવતા હતા. આ સમયે સતો ઉશ્કેરાઈ ગયો અને કહ્યું હતું કે, તમે બધા અહીંથી જતા રહો નહીંતર હું તમને બધાને મારી નાખીશ. એમ કહી તેની પાસે રહેલ ફરસીનો ઘા ત્યાં ઊભેલા ભુરાભાઈના માથા પર કરતા રાડારાડી બોલી ગઈ હતી. આરોપી સતાનો ફરસીનો ઘા મરણતોલ સાબિત થતા સારવાર મળે તે પહેલા જ ભુરાભાઈનું કરુણ મૃત્યુ થયું હતું. જેના પગલે મોટા ભડલા ગામમાં અરેરાટી ફેલાઈ જવા પામી હતી. આરોપી સતા ઉળે સતિષને પણ બોલાચાલી બાદ ઘટનામાં ઈજાઓ થવા પામી હતી.

તેથી તેને પોલીસ બંદોબસ્ત સાથે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો.સંબંધમાં કાકી થતી એક પરિણીત મહિલા સાથે પ્રેમ સંબંધના કરુણ અંજામમાં મહિલાનાં દિયર એવા યુવાને જીવ ગુમાવ્યો છે. આ મામલે મૃતકના ભાઈ ગેલાભાઈ વશરામભાઈ ખરગીયા દ્વારા આરોપી સતા ઉળે સતિષ ભોટાભાઈ ખરગીયા વિરૂધ્ધ હત્યાનો ગુનો નોંધી આગળની તપાસ ધજાળા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે. હત્યાના બનાવની જાણ થતા લીંબડી ડીવાયએસપી વિશાલ રબારી, ધજાલા પોલીસ સહિતનો કાફલો ત્યાં દોડી ગયો હતો અને હત્યારા સતા ખરગીયાના ઘર પાસે તથા મૃતકના ઘર નજીક ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. હત્યાના બનાવની જાણ થતા લીંબડી ડીવાયએસપી વિશાલ રબારી, ધજાલા પોલીસ સહિતનો કાફલો ત્યાં દોડી ગયો હતો અને હત્યારા સતા ખરગીયાના ઘર પાસે તથા મૃતકના ઘર નજીક ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

# ઝાલોદના શિક્ષકે પીએચ.ડીની પદવી પ્રાપ્ત કરી


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૪ ।

ઝાલોદ તાલુકાના રુંડી વર્ગ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા જયપ્રકાશ ચંપાભાઈ ડામોરે ડૉ. દિલીપ ચૌહાણના માર્ગદર્શન હેઠળ "આદિશંકરાચાયર્નો કેવલાદ્વૈત સિદ્ધાંત અને વેદાંતના અન્ય પ્રમુખ આચાર્યોના સિદ્ધાંતોનો તુલનાત્મક અભ્યાસ" વિષય ઉપર મહાશોધ નિબંધ તૈયાર કરીને શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી, વિંઝોલ, ગોધરાના અનુસ્નાતક સંસ્કૃત વિભાગમાં જમા કરાવ્યો હતો. યુનિવર્સિટી દ્વારા તેમના સંશોધનને ગ્રાહ્ય રાખીને ડોક્ટરેટની પદવી એનાયત કરવામાં આવી હતી. ડૉ. જયપ્રકાશ ડામોરે સખત અને સતત સંઘર્ષ કરીને ઉચ્ચ અભ્યાસ કરીને પીએચડીની પદવી પ્રાપ્ત કરી આદિવાસી સમાજનું ગૌરવ વધારેલ છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમે જો ભૂતકાળની ઘટનાઓ અંગે જ વિચાર્યા કરશો તો તમારી હતાશા તમારા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડી શકે છે.શક્ય હો એટલા શાંત રહેવાનો પ્રયાસ કરો. અન્યોને પ્રભાવિત કરવા વધુ પડતો ખર્ચ ન કરી નાખતા. અણધારી જવાબદારીઓ આજના દિવસની તમારી યોજનાઓને ખોરવી નાખશે-આજે તમે તમારી જાતને અન્યો માટે વધારે અને પોતાની માટે ઓછું કામ કરતા જોશો.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજે તમારા ખોરાક થી ચેતતા રહેજો. બેદરકારી તમને બીમાર પાડી શકે છે. પૈસા કમાવવાની નવી તકો લાભદાયી હશે. ઘરના મોરચે તમારૂં જીવન શાંત અને ગમે તેવું રહેશે. તમે ક્યારેય ચોકલેટ સાથે આદું અને ગુલાબની સુગંધ માણી છે ? તમારૂં જીવન આઈજે તમને આવો જ સ્વાદ આપશે. આજે કરાયેલા સંયુક્ત સાહસો આગળ જતાં લાભદાયક પુરવાર થશે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજે તમારી માનસિક સ્પષ્ટતા જાળવવા માટે કોઈપણ પ્રકારની મૂંઝવણ અને હતાશા ટાળો. ઘર માં કોઈ ફંક્શન હોવા ને લીધે આજે તમારું વધારે ધન ખર્ચ થયી શકે છે જેના લીધે તમારી આર્થિક સ્થિતિ ખરાબ થયી શકે છે. મિત્રો તથા પરિવાર સાથે આનંદદાયક સમય. તમારૂં પ્રેમ જીવન વસંતના વૃક્ષનાં પાંદડાં સમાન રહેશે. આગળ પડતા લોકો સાથે હળવા-મળવાથી તમારા સારા વિચારો અને યોજનાઓ બહાર આવશે.

**કર્ક (ડ,હ) :**
આજે તમે વધુ આશાવાદી બનવા માટે તમારી જાતને પ્રોત્સાહિત કરો. તે તમારો આત્મવિશ્વાસ તથા લવચિકપણું વધારશે પણ તેની સાથે જ ભય, નફરત, ઈર્ષા અને બદલો જેવી નકારાત્મક ભાવનાઓ છોડવા તૈયાર કરો. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે બિનજરૂરી તાણ અને ચિંતા તમારા જીવનનો રસ ચૂસી લઈ તમને શુષ્ક બનાવી શકે છે. તેનાથી મુક્ત થવું જ સારૂં છે નહીં તો આ તાણ તમારી સમસ્યાને ઓર વકરાવી શકે છે. આજે ફક્ત બેઠા રહેવા કરતાં-કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઓ-જે તમારી આવકની ક્ષમતાને વધારશે. કલ્પનાઓ કે તરંગ-તુક્કા પાછળ દોડશો નહીં તથા વધુ વાસ્તવવાદી બનવાનો પ્રયાસ કરો.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજે તમે રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. જે લોકોએ જમીન ખરીદી હતી અને હવે તેને વેચવા માંગે છે તે લોકો ને કોઈ સારો ખરીદદાર આજે મળી શકે છે અને તેના થી તેમને સારો ધન લાભ થશે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. આ રાશિ ના મોટા વેપારીઓ ને આ ના દિવસે ઘણું વિચારી અને સમજી ને પૈસા જમા કરવા ની જરૂર છે. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે. કામના સ્થાળે આજે બધું જ તમારી તરફેણમાં હોવાનું જણાય છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજે તમે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો. તમે જો થોડા વધુ નાણાં મેળવવા માર્ગ શોધી રહ્યા હો તો-સુરક્ષિત આર્થિક યોજનાઓમાં રોકાણ કરો. તમારા પરિવારના સભ્યો તમારા પ્રયાસો તથા સમર્પણની સરાહના કરશે. પ્રિયપાત્રની નફરત છતાં તમારે તમારો પ્રેમ દેખાડવો જોઈએ. કોઈ બાબત કે ઘટના બને તેની રાહ ન જોતા.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે તમને વ્યસ્તતા છે છતાં તમારુ સ્વાસ્થ્ય સારૂં રહેશે. નાણાકીય જીવનમાં આજે ખુશ હાલી રહેશે આની સાથે તમે દેવા થી પણ આજે મુક્ત થયી શકો છો. તમારા વધુ પડતા ઉદાર સ્વભાવનો સંબંધીઓ ગેરફાયદો ઉપાડવાનો પ્રયાસ કરશે. તમારી જાત પર અંકુશ રાખો અન્યથા તમે છેતરાઈ શકો છો. તમારે એ સમજવું જોઈએ કે એક હદ સુધીની ઉદારતા કરી છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે તમે પાછળ રહી જશો એવી શક્યતા છે. તમારે હિંમત હારવાને બદલે તમે ધારેલું પરિણામ મેળવવા માટે સખત મહેનત કરો. આ નિષ્ફળતાઓને પ્રગતિ સુધી પહોંચવાનાં સોપાન બનાવો. મુશ્કેલીના સમયમાં સંબંધીઓ તમારી વહારે આવશે. નજીકી સંબંધીઓ ના ઘરે જવું આજે તમારી આર્થિક સ્થિતિ બગાડી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજે તમે અન્યો વિરૂદ્ધ વેરઝેરની ભાવના પોષવાથી તમને માનસિક તાણ મળશે. તમારે આવા વિચારો ટાળવા જોઈએ કેમ કે આવા વિચારો જીવન બગાડનારા તથા તમારી ક્ષમતાનો નાશ કરનારા હોય છે. આજે તમારા માતા પિતા માં થી કોઈ તમને ધન ની બચત સંબંધી વાત પર ભાષણ આપી શકે છે, તમારે તે વાતો ઘણા ધ્યાન થી સાંભળવા ની જરૂર છે નહીંતર આવનારા સમયમાં તકલીફ તમારેજ વેઠવવી પડશે?

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું સ્વાસ્થ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. સંબંધીઓ સહકાર આપશે તથા તમારા મગજને સંતાપ આપતો ભાર હળવો કરશે. તમારા પ્રેમ જીવનમાં નાનકડી કડવાશ માફ કરો. તમારી જાતને અભિવ્યક્ત કરવા માટે પણ આ સારો દિવસ છે.

## ન્યૂઝ બ્રિફ

### પાકિસ્તાન અને અફઘાનિસ્તાન બોર્ડર પર અથડામણ થઈ



। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૪ ।

એક મુખ્ય સરહદ ક્રોસિંગ પોઈન્ટ પર પાકિસ્તાની અને અફઘાન દળો વચ્ચે ગોળીબાર થયો. બે પડોશી દેશો વચ્ચેના વિવાદને કારણે આ સ્થળ એક અઠવાડિયાથી વધુ સમયથી બંધ છે. ગોળીબારમાં તોરખામ ક્રોસિંગની બંને બાજુ કોઈ જાનહાનિના અહેવાલ નથી. રવિવારે બંને દેશોના અધિકારીઓએ સરહદ ખોલવા અને શાંતિ પુનઃસ્થાપિત કરવા માટે બેઠક યોજી હતી પરંતુ આ મુદ્દાનો કોઈ ઉકેલ આવ્યો ન હતો. અફઘાનિસ્તાન દ્વારા ત્યાં નવા બોર્ડર ક્રોસિંગના નિર્માણ સામે પાકિસ્તાને વાંધો ઉઠાવ્યો હોવાથી આ ક્રોસિંગ ૧૧ દિવસથી બંધ છે. ગોળીબારને કારણે બંને દેશોએ અગાઉ તોરખામ અને દક્ષિણપશ્ચિમ ચમન સરહદ ક્રોસિંગ બંધ કરી દીધા હતા. આ ક્રોસિંગ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે વેપાર અને મુસાફરી માટે મહત્વપૂર્ણ છે.એક પાકિસ્તાની અધિકારીએ નામ ન આપવાની શરતે જણાવ્યું હતું કે તાલિબાન સુરક્ષા દળોએ સોમવારે વહેલી સવારે કોઈપણ ઉશ્કેરણી વિના પાકિસ્તાની સરહદ ચોકીને નિશાન બનાવીને ઓટોમેટિક હથિયારોથી ગોળીબાર કર્યો હતો. અધિકારીએ જણાવ્યું કે પાકિસ્તાની જવાનોએ પણ વળતો જવાબ આપ્યો. કાબુલમાં તાલિબાન સરકાર તરફથી તાત્કાલિક કોઈ ટિપ્પણી કરવામાં આવી નથી.

### ભાજપ નેતાના ભાઈ-ભત્રીજાને દોડાવીને માર્યા

। (એજન્સી) મેરઠ, તા.૪ ।

ઉત્તર પ્રદેશના મેરઠના સદર પોલીસ સ્ટેશન વિસ્તારમાં ધોળા દિવસે મારપીટ અને ગુંડાગીરીનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થઈ રહ્યો છે. આ ઘટના આબૂલેન ચોકનો હોવાનું જાણવા મળ્યું છે. જ્યાં સમાજવાદી પાટીર્ના પૂર્વ સાંસદ હરીશપાલના પૌત્રએ ભાજપ નેતાના ભાઈ અને ભત્રીજા પર હુમલો કરવામાં આવ્યો હતો. મળતી માહિતી પ્રમાણે મામૂલી વિવાદને સપાના નેતાના પૌત્રએ ભાજપના નેતાના ભાઈ અને ભત્રીજાને રોક્યા હતા. આરોપ એવો છે કે, સાઈડ ન આપવા બાબત પર ગુસ્સે થઈને હુમલાખોરોએ ગાળો બોલી હતી અને તે પછી લાકડીઓ વડે હુમલો કર્યો હતો. ત્યાર બાદ તેમણે ગાડીનો પીછો કર્યો હતો અને ગાડીના કાચ તોડી નાખ્યા હતા. આ હુમલામાં ભાજપના નેતા અને ભત્રીજાને ગંભીર ઈજાઓ થઈ હતી. જેથી તેમને તાત્કાલિક હોસ્પિટલમાં ભરતી કરવામાં આવ્યો હતો. જે પછી ભાજપના વરિષ્ટ નેતાઓએ ઘટનાને લઈને અધિકારીઓ સામે નારાજગી વ્યક્ત કરી હતી અને કાયર્વાહી કરવાની માંગ કરી છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. જેમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, કેવી રીતે ધોળા દિવસ રસ્તા પર ગુંડાગીરી થઈ રહી છે. ઘટનાની જાણ થતા પોલીસ આવી પહોંચી હતી અને આ મામલે તપાસ શરુ કરી હતી. પીડિત પક્ષ દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવી છે, જેના આધારે પોલીસે કેસ નોંધ્યો છે.

### યૂક્રેનની અમેરિકા સાથેની શાંતિ વાર્તા પટારામાં બંધ થઇ છે

# મહાદ્વીપની સુરક્ષા માટે મહત્ત્વના પગલા લેવા જરુરી : કીર સ્ટાર્મર

### સ્ટાર્મરે જણાવ્યુ હતુ કે, યુકે, યૂક્રેન, ફ્રાંસ અને અન્ય દેશો એક સંગઠન બનાવશે અને ટ્રમ્પને શાંતિ યોજના રજૂ કરશે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૪ ।

વોશિંગ્ટનમાં અમેરિકાના રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પ અને યૂક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી વચ્ચે થયેલી મુલાકાત નિષ્ફળ નિવડી છે. બંને રાજનેતા યુદ્ધ વિરામ માટે એકત્ર થયા હતા. પરંતુ બંને વચ્ચે ચર્ચા ક્યારે દલીલમાં ફેરવાઈ તે કોઈ જાણી ન શક્યુ. અમેરિકા તરફથી મળતી મદદ બંધ થતા હવે યૂક્રેનની સાથે યુરોપ સમર્થન આપવા ઉભું છે. યુરોપમાં યૂક્રેન સમિટનું આયોજન કરવામાં આવ્યુ છે. યૂક્રેનની અમેરિકા સાથેની શાંતિ વાર્તા પટારામાં બંધ થઈ છે.બ્રિટેનના પીએમ કીર સ્ટાર્મરે લંડનમાં યુરોપના નેતાઓને એક મંચ પર એકત્ર કર્યા છે. યૂક્રેન સમિટ બોલાવવા માટેનો હેતુ એ છે કે, અમેરિકાને બતાવી શકાય કે અમેરિકાના સમર્થન વિના પણ તેઓ પોતાની રક્ષા કરી શકે છે. લંડનમાં આયોજિત શિખર સંમેલનનું ઉદ્દેશ્ય સૈન્ય સહયોગને મજબૂત કરવાનું અને રશિયા સામેના યુદ્ધમાં યૂક્રેનને મજબૂત સમર્થન આપવાનું છે. આ સમિટનું આયોજન ટ્રમ્પ અને ઝેલેન્સ્કી વચ્ચેની મુલાકાત બાદ યોજાઈ હતી. આ સમિટમાં વિશ્વ નેતાઓએ યૂક્રેનને પોતાનું સમર્થન જાહેર કર્યુ છે. અને મદદ કરવા માટે વિશ્વાસ અપાવ્યો છે. યુરોપીય નેતાઓનું માનવુ છે કે, સુરક્ષાના ક્ષેત્રમાં વધુ ખર્ચ કરવો જોઈએ. જેથી અમેરિકાના રાષ્ટ્રપતિ ડૉનાલ્ડ ટ્રમ્પને એ વાતનો અહેસાસ થાય કે તેમના સાથ વિના પણ રક્ષા સોદા થઈ શકે છે અને મહાદ્વીપ પોતાની સુરક્ષા કરી શકે છે. યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને સૂચન કર્યુ કે આર્થિક સમસ્યાઓ હળવી કરવા માટે ઈ તેના દેવાના નિયમોમાં છૂટછાટ આપી શકે છે. સ્ટાર્મરે જણાવ્યુ હતુ કે, યુકે, યૂક્રેન, ફ્રાંસ અને અન્ય દેશો એક સંગઠન બનાવશે અને ટ્રમ્પને શાંતિ યોજના રજૂ કરશે. તેઓએ અન્ય દેશના નામ તો નથી જાહેર કર્યા પણ આ યોજનામાં બીજા દેશોનો પણ સાથ રહેશે.બ્રિટેનના પીએમ કીર સ્ટાર્મરે કહ્યુ હતુ કે, આ વાતચીતનો નહીં પણ એક્શન લેવાનો સમય છે. શાંતિ વાર્તા માટે એકત્ર થઈ યોજના બનાવવું ખૂબ જરુરી છે. કીર સ્ટાર્મરે વધુમાં કહ્યુ હતુ કે, યૂક્રેનને ૫ હજારથી વધુ હવાઈ સંરક્ષણ મિસાઈલો ખરીદવામાં મદદ કરવા માટે ૧.૬ બિલિયન પાઉન્ડ બ્રિટિશ નિકાસ ભંડોળની જાહેરાત કરી છે અને સાથે જ કહ્યું કે, યુક્રેનમાં શાંતિ જાળવવા માટે બધા દેશોએ ઘણું કામ કરવાની જરૂર છે. યુરોપિયન કમિશનના પ્રમુખ ઉર્સુલા વોન ડેર લેયેને સૂચન કર્યુ કે આર્થિક સમસ્યાઓ હળવી કરવા માટે ઈ તેના દેવાના નિયમોમાં છૂટછાટ આપી શકે છે. સ્ટાર્મરે જણાવ્યુ હતુ કે, યુકે, યૂક્રેન, ફ્રાંસ અને અન્ય દેશો એક સંગઠન બનાવશે અને ટ્રમ્પને શાંતિ યોજના રજૂ કરશે. તેઓએ અન્ય દેશના નામ તો નથી જાહેર કર્યા પણ આ યોજનામાં બીજા દેશોનો પણ સાથ રહેશે.બ્રિટેનના પીએમ કીર સ્ટાર્મરે કહ્યુ હતુ કે, આ વાતચીતનો નહીં પણ એક્શન લેવાનો સમય છે. શાંતિ વાર્તા માટે એકત્ર થઈ યોજના બનાવવું ખૂબ જરુરી છે. કીર સ્ટાર્મરે વધુમાં કહ્યુ હતુ કે, યૂક્રેનને ૫ હજારથી વધુ હવાઈ સંરક્ષણ મિસાઈલો ખરીદવામાં મદદ કરવા માટે ૧.૬ બિલિયન પાઉન્ડ બ્રિટિશ નિકાસ ભંડોળની જાહેરાત કરી છે અને સાથે જ કહ્યું કે, યુક્રેનમાં શાંતિ જાળવવા માટે બધા દેશોએ ઘણું કામ કરવાની જરૂર છે.

### ૨૪ જ કલાકમાં બીજી મોટી કાર્યવાહી

# માયાવતીએ ભત્રીજા આકાશ આનંદને BSPમાંથી સસ્પેન્ડ કર્યો

### માયાવતીએ આકાશના સસરા અશોક સિદ્ધાર્થને પણ ગત મહિને પાર્ટીમાંથી બરતરફ કરી દીધા હતાં

। (એજન્સી) લખનૌ,તા.૪ ।

બહુજન સમાજવાદી પાર્ટીના સુપ્રીમો માયાવતીએ પોતાના ભત્રીજા આકાશ આનંદને પાર્ટીમાંથી કાઢી મૂક્યા છે. આ પહેલાં રવિવારે માયાવતીએ આકાશ આનંદને પાર્ટીની તમામ જવાબદારીમાંથી મુક્ત કરી દીધા હતા. આ સાથે જે તેમણે કહ્યું હતું કે, 'હવે મારા છેલ્લાં શ્વાસ સુધી પાર્ટીમાં મારો કોઈ ઉત્તરાધિકારી નહીં હોય.' નોંધનીય છે કે, માયાવતીએ આકાશના સસરા અશોક સિદ્ધાર્સથને પણ ગત મહિને પાર્ટીમાંથી બરતરફ કરી દીધા હતાં. નોંધનીય છે કે, ૧૭ ફેબ્રુઆરીએ બસપાએ દેશભરના કોઑર્ડિનેટરની બેઠક બોલાવી હતી. આ બેઠકમાં માયાવતીએ જાહેરાત કરી હતી કે, હવે આકાશ આનંદને નેશનલ કોઑર્ડિનેટર નહીં રહે. ત્યારબાદ રવિવારે (બીજી માર્ચ) લખનૌમાં બોલાવવામાં આવેલી બેઠક બાદ આકાશને પાર્ટીના તમામ પદથી મુક્ત કરી દેવાયા હતાં. બાદમાં ૨૪ કલાકની અંદર જ આકાશ આનંદને પાર્ટીમાંથી જ બરતરફ કરી દીધાં છે. હકીકતમાં, માયાવતીને ઘણાં સમયથી એવું લાગી રહ્યું હતું કે, આકાશ આનંદ જેને તેમણે પોતાની પાર્ટીના ઉત્તરાધિકારી જાહેર કર્યા છે, તે સંપૂર્ણ રીતે પોતાના સસરા અશોક સિદ્ધાર્થના પ્રભાવમાં છે. રાષ્ટ્રીય કોઑર્ડિનેટર રહેતા આકાશ પર અશોક સિદ્ધાર્થનો પ્રભાવ વધારે છે અને અશોક સિદ્ધાર્થ માયાવતીના નાક નીચે પોતાની સમાંતર સિસ્ટમ ચલાવી રહ્યાં છે. જેમાં દેશના મોટા કોઑર્ડિનેટર અને નેતા વિના માયાવતીની જાણકારી વિના જ તેમની સિસ્ટમનો ભાગ બની ચુક્યા હતાં.

### ફોરેન્સિક એક્સપર્ટ કરશે ઘટનાસ્થળની તપાસ


# રાજધાની દિલ્હીમાં બે જુથ વચ્ચે અંધાધુધ ફાયરિંગ ; ૫ લોકો ઘાયલ

### પોલીસે આ અંગે જ્યોતિ નગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

સોમવારે રાત્રે ઉત્તર-પૂર્વ દિલ્હીના જ્યોતિ નગર વિસ્તારમાં બે જૂથો વચ્ચે થયેલી ગોળીબારની ઘટનામાં પાંચ લોકો ઘાયલ થયા હતા. આ ઘટના અંગે માહિતી આપતા પોલીસે જણાવ્યું કે ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આ બનાવ અંગે પોલીસે કે ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.દિલ્હી પોલીસના જણાવ્યા અનુસાર, ૩ માર્ચે રાત્રે ૯ વાગ્યે, જ્યોતિ નગર પોલીસ સ્ટેશનમાં ગોળીબારની ઘટના અંગે જાણ કરવામાં આવી હતી. જાણ કરનાર વ્યક્તિએ જણાવ્યું હતું કે તેના પુત્રને અજાણ્યા લોકોએ ગોળી મારી દીધી છે. જ્યારે પોલીસ ટીમ પહોંચી ત્યારે ૨ જૂથો વચ્ચે ગોળીબાર થઈ હતી જેમાં ૫ લોકો ઘાયલ થયા હતા.પોલીસે જણાવ્યું હતું કે ઘટનાસ્થળની તપાસ માટે ક્રાઈમ ટીમ અને ફોરેન્સિક એક્સપર્ટને બોલાવવામાં આવ્યા હતા. પોલીસે આ અંગે જ્યોતિ નગર પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધીને ઘટનાની વધુ તપાસ શરૂ કરી છે. અધિકારીએ જણાવ્યું હતું કે ફાયરિંગમાં સંડોવાયેલા શંકાસ્પદોને ઓળખવા અને ધરપકડ કરવા માટે ટેકનિકલ અને મેન્યુઅલ ઈનપુટ્સનું વિશ્લેષણ કરવા માટે ટીમોની રચના કરવામાં આવી છે.અધિકારીએ વધુમાં જણાવ્યું હતું કે ગોળીબાર પાછળનો હેતુ હજુ સુધી જાણી શકાયો નથી અને પોલીસ હાલ જૂની અદાવતનાં કારણની તપાસ કરી રહી છે.

## GPSC એ વર્ગ ૧ અને વર્ગ ૨ની ભરતીને લઈને નવા નિયમો જાહેર



। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

ગુજરાતમાં સરકારી નોકરી મેળવવા માગતા ઉમેદવારો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે. GPSCએ વર્ગ ૧ અને વર્ગ ૨ની ભરતીને લઈને નવા નિયમો જાહેર કર્યા. સામાન્ય વહીવટ વિભાગે વર્ગ ૧ અને ૨માં ભરતીને લઈને જાહેર કરેલ નિયમ મુજબ ગુજરાતી અને અંગ્રેજી એમ બંને ભાષામાં પરીક્ષા લેવામાં આવશે. અગાઉ ૧ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ જાહેરાત વર્ગ ૧ અને ૨ની ભરતીની જાહેરાત કરાઈ હતી જેને ફેબ્રુઆરીના અંતિમ સપ્તાહમાં રદ કરવામાં આવી હતી. અને હવે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા ભરતીને લઈને નવા નિયમો જાહેર કરાયા છે.GPSC વર્ગ-૧ અને ૨ની ભરતી પરીક્ષામાં પ્રિલિમ અને મુખ્ય એમ બે ભાગમાં પરીક્ષા લેવાશે. ઉમેદવારે મુખ્ય પરીક્ષા આપતા પહેલા પ્રિલિમ પરિક્ષામાં ઉત્તીર્ણ થવું આવશ્યક છે. પ્રિલિમ પરિક્ષામાં ઓબ્જેક્ટિવ પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. જ્યારે મુખ્ય પરીક્ષામાં પરિક્ષા આપવાની સાથે ફિઝિકલ ટેસ્ટ એટલે કે પર્સાનાલિટી ટેસ્ટ આપવો પડશે. ઉમેદવારો ખાસ ધ્યાનમાં રાખે કે ભરતી પરિક્ષા પહેલા જીપીએસસી પરીક્ષાને લઈને સિલેબસ જાહેર કરશે. ઉમેદવારના ઓર્ડર, પ્રેફરન્સ સહિતના નિયમોને લઈ ગેઝેટ જાહેર કરાશે.ગુજરાત જાહેર સેવા આયોગની ભરતી માટે પરીક્ષા આપનાર ઉમેદવારોએ પરીક્ષાલક્ષી વિવિધ માહિતી માટે GPSCની વેબસાઈટ હંમેશા ચેક કરતા રહેવી. GPSCની વેબસાઈટ ઉપર વિવિધ પોસ્ટની વિગતો, વય મર્યાદા, પરીક્ષાની મહત્વની તારીખો, ઉમેદવારની શૈક્ષણિક લાયકાત, તેમજ જેમાં તેઓ નોકરી કરવા માંગે તેનો પ્રકાર, પરીક્ષા આપવા માટે અરજી ફી તેમજ કઈ પોસ્ટ માટે કયા પ્રકારની અરજી, અને પોસ્ટ મુજબ પગાર ધોરણ સહિતની મહત્વની માહિતી જાણી શકાશે.

### માર્ક ઝકરબર્ગની હૂડી ૧૪ લાખ રૂપિયામાં વેચાઈ

# કુંભ મેળા વિશે લખેલો સ્ટીવ જોબ્સનો લેટર ૪.૩૨ કરોડ રૂપિયામાં વેચાયો

### આ હરાજીમાં જેણે આ હૂડી ખરીદી છે, તેના માટે માર્ક ઝકરબર્ગ દ્વારા એક નોટ લખીને મોકલવામાં આવી હતી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૪ ।

માર્ક ઝકરબર્ગની હૂડી અને સ્ટીવ જોબ્સની બો ટાઈને અધધ કહેવાતી કિંમતે વેચવામાં આવી છે. જોકે સ્ટીવ જોબ્સ દ્વારા કુંભ મેળા વિશે લખવામાં આવેલો લેટર પણ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. ફેસબુકના કો-ફાઉન્ડર માર્ક ઝકરબર્ગ દ્વારા ૨૦૧૦માં ઘણી વાર જે બ્લેક હૂડી પહેરવામાં આવી હતી, એ અત્યારે અંદાજે ૧૫૮૭૫ અમેરિકન ડૉલર એટલે કે ૧૪ લાખ રૂપિયાની આસપાસ વેચવામાં આવી છે. લોસ એન્જલસમાં અત્યારે જ એક હરાજી રાખવામાં આવી હતી, જેમાં જાણીતી સેલિબ્રિટીઝના કપડાંની હરાજી કરવામાં આવી હતી.ટાઈમ મેગેઝિન દ્વારા માર્ક ઝકરબર્ગને પર્સન ઑફ ધ યરનું બિરુદ આપવામાં આવ્યું હતું, ત્યારે તેણે જે હૂડી પહેરી હતી, એની અંદાજિત એક હજાર અમેરિકન ડૉલર એટલે કે ૮૭૦૦૦ રૂપિયાની આશા રાખવામાં આવી રહી હતી. જોકે હરાજી જેવી શરુ થઈ કે લોકો એ આ માટે એક પછી એક બોલી લગાવવાની શરુ કરી હતી. આ કિંમત અંતે ૧૫૮૭૫ અમેરિકન ડૉલર એટલે કે ૧૪ લાખ રૂપિયા પર જઈને અટકી હતી.આ હરાજીમાં જેણે આ હૂડી ખરીદી છે, તેના માટે માર્ક ઝકરબર્ગ દ્વારા એક નોટ લખીને મોકલવામાં આવી હતી. આ હૂડી ખરીદનારને એની આશા નહોતી, પરંતુ માર્ક દ્વારા તેના માટે આ સ્પેશ્યલ નોટ મોકલવામાં આવી છે. આ નોટમાં લખ્યું છે કે 'આ મારી ઓલ્ડ-સ્કૂલ ફેસબુક હૂડી છે. શરુઆતના દિવસોમાં હું આ હૂડી ઘણી વાર પહેરતો હતો. અમારું ઓરિજિનલ મિશન જે હતું, એનો સ્ટેટમેન્ટ લોગો આ હૂડીની અંદરની લાઈનિંગ પર લખવામાં આવેલો છે. એન્જોય. - માર્ક ઝકરબર્ગ'એપલના કો-ફાઉન્ડર સ્ટીવ જોબ્સ દ્વારા તેમની સિગ્નેચર બો ટાઈ પણ આ હરાજીમાં આકર્ષણનું કેન્દ્ર રહ્યું હતું.

## સુરતના ચાર યુવકોની મુંબઈ એરપોર્ટ પર ધરપકડ

। (એજન્સી) મુંબઈ, તા.૪ ।

મુંબઈ એરપોર્ટ કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU)એ સોમવારે બેંગકોકથી મેળવેલા ૧૫.૮૫ કરોડ રૂપિયાના હાઈડ્રોપોનિક ગાંજાની દાણચોરી કરવાના આરોપમાં ચાર શખ્સની ધરપકડ કરી હતી. ચારેય આરોપી ગુજરાતના સુરતના હોવાનું સામે આવ્યું છે. કસ્ટમ અધિકારીએ ગાંજો જપ્ત કરીને વધુ તપાસ હાથ ધરી છે.


**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**ટેન્ડર જાહેરાત**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુ. સીએમએમ-સાબરમતી, પશ્ચિમ રેલવે સામગ્રીઓની આપૂર્તિ માટે નીચે જણાવેલ ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે.

| અનું. નં. | ટેન્ડર નં. | સામગ્રીઓનું ટૂંકું વર્ણન | નંગ | ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય |
|---|---|---|---|---|
| 01 | 71255186 | ટ્રેક લિફ્ટીંગ અને લાઈનીંગ યુનિટ [પાર્ટ નં. :- UD150.6400-SP.1668/1676] બનાવટ : પ્લાસર | 02 નંગ | તા.01/04/2025 ના સવારે 11.00 કલાકે |

**ઈએમડી રકમ :** ₹ 2,48,140/-. ટેન્ડર અંગેની સંપૂર્ણ વિગતો અને ખરીદીના નિયંત્રણો અને વિગતવાર ટેન્ડરની શરતો માટે કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લેવી. મેન્યુઅલ ઓફરો સ્વીકાર કરાશે નહીં.

ADI-339

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly


### સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં અમદાવાદના સાયન્સ સિટી ખાતે નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશનના રજત જયંતી સમારોહની ઉજવણી સંપન્ન

# કેન્દ્રીય સાયન્સ એન્ડ ટેકનોલોજી રાજ્યમંત્રી શ્રી ડો. જિતેન્દ્ર સિંઘ પણ વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત રહ્યા

। (માહિતી) ગાંધીનગર ।

વડાપ્રધાનશ્રીના વિકસિત ભારત @૨૦૪૭ના નિર્માણમાં NIFના માધ્યમથી ગ્રામીણ ભારતના નાગરિકો પણ પોતાનું યોગદાન આપેઃ કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી ડૉ. જિતેન્દ્ર સિંઘ,

ગ્રામીણ ક્ષેત્રોમાં આધુનિક ટેક્નોલૉજીના ઉપયોગ થકી વિકસિત ભારતના સંકલ્પને વેગ મળશેઃ કેન્દ્રીય રાજ્યમંત્રીશ્રી,

ગામડાં મજબૂત થશે, તો જ દેશ મજબૂત થશેઃ સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા,

અમદાવાદ સાયન્સ સિટી ખાતે નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશનના રજત જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. જે અંતર્ગત કેન્દ્રીય સાયન્સ ઍન્ડ ટેકનોલૉજી રાજ્યમંત્રી શ્રી ડૉ. જિતેન્દ્ર સિંઘની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં સહકાર રાજ્યમંત્રીશ્રી જગદીશ વિશ્વકમાર્ના હસ્તે વિશિષ્ટ યોગદાન આપનારા દેશના વિવિધ ગ્રામીણ વિસ્તારોના ઈનોવેટર્સને એવૉર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વર્ચ્યુઅલ માધ્યમથી ઉપસ્થિત રહેલા કેન્દ્રીય સાયન્સ એન્ડ ટેક્નોલોજી રાજ્યમંત્રી શ્રી ડૉ. જીતેન્દ્રસિંઘે વિકસિત ભારતના નિર્માણમાં દરેક નાગરિકને યોગદાન આપવાની અપીલ કરતાં જણાવ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત @૨૦૪૭ના નિર્માણમાં ગ્રામીણ ક્ષેત્રોના નાગરિકો પણ નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન-NIF જેવી સંસ્થાઓના માધ્યમથી પોતાનું યોગદાન આપે. કેન્દ્રીય રાજ્યમંત્રીશ્રીએ કહ્યું કે નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશન જેવી સંસ્થાઓ વડાપ્રધાનશ્રીના 'વિકાસ ભી વિરાસત ભી'ના સૂત્રને અનુસરીને કાર્ય કરે છે. આપણે જ્યારે વિકસિત ભારતની ચર્ચા કરીએ છીએ, ત્યારે વેલ્યૂ એડિશન કરવું ખૂબ જરૂરી છે. ગ્રામીણ ક્ષેત્રોમાં શહેરો જેવી જ ટેક્નોલોજીનો આવિષ્કાર કરવો પડશે, તો જ વિકસિત ભારતના સંકલ્પને ઝડપથી સાકાર કરી શકાશે.





કેન્દ્રીય મંત્રીશ્રીએ NIFના કાર્યની પ્રસંશા કરતાં કહ્યું કે ગ્રાસરૂટ લેવલે આટલું સરસ સંશોધન કાર્ય થઈ રહ્યું છે, તેની સાફલ્ય ગાથાઓને બહાર લાવવાનું કામ આ સંસ્થાએ કર્યું છે. NIF એ દેશના અંતરિયાળ વિસ્તારોના ઈનોવેટર્સને પ્રોત્સાહન પૂરું પાડ્યું છે. સંશોધન માટે ભલે ડિગ્રી ન હોય, પરંતુ નવો વિચાર હોય, તોપણ તમે ઈનોવેટર બની શકો છો એમ જણાવી શ્રી સિંઘે કહ્યું કે ભારતમાં ખેતી અને મસ્ત્યઉદ્યોગ જેવાં અનેક ક્ષેત્રો છે, જ્યાં ડિગ્રી વિના પણ સંશોધન કરી શકાય છે. તેમણે એશિયા-ઈન્ડિયા ઈનોવેશન, ઈન્ડિવિડ્યુઅલ ફોકસ, ઈનોવેશન ઈકોસિસ્ટમ અને ગ્રાસરૂટ ઈનોવેશન સ્ટાર્ટઅપ પર ભાર મૂક્યો હતો.

આ તકે રાજ્યના સહકાર તથા લઘુ અને મધ્યમ ઉદ્યોગ રાજ્યમંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માએ કાર્યક્રમમાં ઉપસ્થિત ઈનોવેટર્સને બિરદાવતાં કહ્યું કે IIT, IIM પાસઆઉટ તો ઠીક ગ્રેજ્યુએશન વિના પણ ઈનોવેશન થઈ શકે છે, તે NIFના આજના કાર્યક્રમમાં હાજર ઈનોવેટર્સ પાસેથી શીખી શકીએ છીએ. તેમણે જણાવ્યું કે NIFના ઈનોવેટિવ કાર્ય વિશે પ્રથમવાર જાણી મને પણ આશ્ચર્ય થયું હતું, પરંતુ આજે NIFની સફળતા જોઈને આનંદ થાય છે. શ્રી વિશ્વકર્માએ કહ્યું કે આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વની મહત્ત્વની ઈકોનૉમી બનવાની સાથે વિકસિત બનવાના માર્ગે ઝડપથી આગળ વધી રહ્યો છે અને આઈ.ટી. સહિતના અનેક ક્ષેત્રે નોંધપાત્ર ઓળખ ઊભી કરી છે. મંત્રીશ્રીએ B2B મોડેલ પર ભાર મૂકતા જણાવ્યું કે ગામડાં મજબૂત થશે, તો જ દેશ મજબૂત થશે. રણમાં વૃક્ષો ઉછેરવા, બારેમાસ ફ્રૂટ્સ આવે એવા ઘણાં ઈનોવેટિવ કાર્યો ગામડાંના ખેડૂતોએ કર્યા છે. ગુજરાતના ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે, તે માટે રાજ્ય સરકાર અને રાજ્યપાલશ્રીએ અભિયાન શરૂ કર્યું છે. તેમણે ઈનોવેટરની પ્રોડક્ટ્સને ખેડૂતો સુધી પહોંચાડવાનો અનુરોધ કરતાં કહ્યું કે ગામડાઓમાં આધુનિક ટેકનોલોજી પહોંચાડી શહેરો તરફના સ્થળાંતરને પણ અટકાવી શકાશે. આ પ્રસંગે NIFના ચેરમેનશ્રી પ્રો. અનિલ સહસ્ત્રબુદ્ધેએ રજત જયંતી મહોત્સવની વિગતો આપતાં જણાવ્યું કે આ બે દિવસીય ઉજવણીમાં નેશનલ ઈનોવેશન ફાઉન્ડેશનની ૨૫ વર્ષની વિકાસયાત્રાની ચર્ચા કરવામાં આવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં આવનારાં ૨૫ વષર્માં NIF નવી ઊંચાઈઓ હાંસલ કરશે એવો વિશ્વાસ વ્યક્ત કરી તેમણે કહ્યું કે છેલ્લાં ૨૫ વષર્માં NIF બીજમાંથી વૃક્ષ બન્યું છે એનો વિશેષ આનંદ છે. રાજ્યમંત્રીશ્રી જગદીશ વિશ્વકર્માએ દેશભરમાંથી આવેલા ઈનોવેટસર્ના વિવિધ સ્ટોલ્સની મુલાકાત લઈ, તેમની સાથે વાતાલર્પ કર્યો હતો. આ પ્રસંગે મંત્રીશ્રી તથા ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે NIFના રજત જયંતી વર્ષ નિમિત્તે બહાર પાડવામાં આવેલી પોસ્ટલ ટિકિટ, કૉફી ટેબલ બુક તથા દ્વિ-માસિક સામયિકનું વિમોચન કરવામાં આવ્યું હતું તેમજ વિશિષ્ટ યોગદાન આપનારા ઈનોવેટર્સને પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ગુજરાત સર્કલના ચીફ પોસ્ટ માસ્ટર શ્રી કૃષ્ણકુમાર યાદવ, NIFના ડાયરેક્ટર શ્રી ડૉ. અરવિંદ રાનડે, ડૉ. ગુલશન રાય સહિત દેશભરમાંથી અગ્રણી ઈનોવેટર બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ગુજરાત વિધાનસભા ગૃહમાં વિશ્વ મેદસ્વિતા દિવસે "સ્વસ્થ ગુજરાત મેદસ્વિતામુક્ત ગુજરાત"ની નેમ વ્યક્ત કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, આધુનિક જીવનશૈલી અને ખાનપાનની આદતોના કારણે બેઠાડું જીવન જીવનારા લોકો વધી રહ્યા છે. આવા બેઠાડુ જીવનના લીધે શરીર ભારે થવાના કારણે સ્થૂળતા એટલે કે મેદસ્વિતા વધી રહી છે. જો આ બાબતની કાળજી રાખવામાં ન આવે તો આવા લોકો અનેક રોગોમાં સપડાય છે એમ પણ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યોગ સાધનાને તથા ફિટ ઈન્ડિયા માટે ખેલકૂદ અને પરિશ્રમ તથા વ્યાયામને મહત્વ આપ્યું છે. તેઓ દેશવાસીઓને આ માટે અનેક મંચ પરથી પ્રેરણા પણ આપતા રહ્યા છે. આ સંદભર્માં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, વડાપ્રધાનશ્રીએ તેમના લોકપ્રિય રેડિયો વાતાર્લાપ 'મન કી બાત'ના તાજેતરના એપિસોડમાં આ મેદસ્વિતા સામે પ્રજાને જાગૃત કરવાની અપીલ કરી છે. એટલું જ નહિ, તેમણે સ્થૂળતા ઘટાડવા માટેની રાષ્ટ્રવ્યાપી જાગૃતિ અને સામુહિક કાયર્વાહી પર પણ પોતાના સંબોધનમાં ભાર મૂક્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, વડાપ્રધાનશ્રીના જનહિતકારી કાર્યક્રમો અને પ્રજાલક્ષી આહવાનોને ગુજરાતે હંમેશા ત્વરિત અને ઉત્સાહપ્રેરક પ્રતિસાદ આપ્યો છે. તેમણે વધતી જતી મેદસ્વિતા અંગે જે ચિંતા વ્યકત કરી છે તે વિષયને પણ ગુજરાત સરકારે ખૂબ જ ગંભીરતાથી લીધો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વિશ્વ મેદસ્વિતા દિવસે વિધાનસભા ગૃહમાં કરેલા નિવેદનમાં કહ્યું કે, રાજય સરકાર સમગ્ર વર્ષ દરમિયાન અનેક કાર્યક્રમોના આયોજનથી નાગરિકોની મેદસ્વિતા કેવી રીતે ઓછી કરી શકાય એ માટે અભિયાન ચલાવશે. તેમણે કહ્યું કે, જો નાગરિકો પોતાના સ્વાસ્થ્ય વિશે ધ્યાન નહીં રાખે તો આરોગ્યના ગંભીર પ્રશ્નો સર્જાય તેવી શક્યતાઓ છે. "પહેલું સુખ તે જાતે નર્યા" એ કહેવતને પ્રોત્સાહન આપીને રાજય સરકાર નાગરિકોને એમના સ્વાસ્થ્યની જાગૃતિ માટે તથા મેદસ્વીતાના નિયંત્રણ માટે પ્રેરિત કરશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સર્વાંગી વિકાસના વડાપ્રધાનશ્રીના ધ્યેયને હાંસલ કરવા અને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત માટે સ્વસ્થ ગુજરાતનો સંકલ્પ સાકાર કરવાની સરકારની કટિબદ્ધતા વ્યક્ત કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ વિધાનસભા ગૃહના નેતા તરીકે વિધાનસભા ગૃહના સૌ ચૂંટાયેલા પ્રજાકીય પ્રતિનિધિઓને "મેદસ્વિતામુક્ત ગુજરાત" અને સૌ નાગરિકોના જીવનને સ્વસ્થ-તંદુરસ્ત બનાવવાના જનસેવા અભિયાનમાં સક્રિય સહયોગ આપવા અનુરોધ પણ કર્યો હતો. સ્થૂળતા એટલે શું તે સમજીએ

★ અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના જણાવ્યા અનુસાર મેદસ્વિપણાને અસામાન્ય કે વધુ પડતી ચરબીના સંચય તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવ્યું છે.

★ કોઈપણ વ્યકિતની સ્થૂળતા વર્ગીકૃત કરવા માટે BMI એટલે કે, બોડી માસ ઈન્ડેક્સનો આધાર લેવામાં આવે છે. ૨૫ કે તેથી વધુના બી.એમ.આઈ.ને વધુ વજનવાળા અને ૩૦ કે તેથી વધુના બી.એમ.આઈ.ને મેદસ્વિતા તરીકે વર્ગીકૃત કરવામાં આવે છે.

★ આ બી.એમ.આઈ શોધવા માટે વ્યક્તિનું વજન (કિલોગ્રામ)ને તે વ્યક્તિની ઊંચાઈ (મીટર)ના વર્ગ વડે વિભાજિત કરવાનું હોય છે.

ભારત અને ગુજરાતમાં મેદસ્વિતાપણુ

★ નેશનલ ફેમિલી હેલ્થ સર્વે NFH-5 (૨૦૧૯-૨૦૨૧) મુજબ ભારતમાં એકંદરે ૨૪% સ્ત્રીઓ અને ૨૩% પુરુષો વધુ વજન ધરાવતા અથવા મેદસ્વી છે. ગુજરાતના આરોગ્ય વિભાગના આંકડાઓ અનુસાર રાજ્યમાં આ પ્રમાણ સ્ત્રીઓમાં ૨૨.૬ ટકા અને પુરુષોમાં ૧૯.૯ ટકાનું જોવા મળ્યું છે. સ્થૂળતા માટે મુખ્યત : જવાબદાર પરિબળો

★ સ્થૂળતા એટલે કે મેદસ્વિતા માટે જંક ફૂડ, તળેલા ખોરાક, વધુ મીઠાશ અને ફાસ્ટ ફૂડનું વધતુ સેવન એવી અસંતુલિત આહાર આદતો, વ્યાયામ, કસરતનો અભાવ, થાઈરોઈડ અને ડાયાબિટીસ જેવી હોર્મોનલ સમસ્યાઓ, કુટુંબીજનોમાં સ્થૂળતા હોય તો તેની પેઢી દર પેઢી સુધી અસર તથા અનિયમિત અને અપૂરતી ઊંઘ તેમજ માનસિક તણાવ જેવા મુખ્યત

## વડોદરા કોર્પોરેશનની વોર્ડ નંબર-૧ની ઓફિસમાં ગેસ બિલ ભરવાની સુવિધા શરૂ

। વડોદરા, તા.૪ ।

વડોદરા શહેરમાં વોર્ડ નંબર ૧ વિસ્તારના પાઈપલાઈન ગેસના ગ્રાહકોને ગેસ બિલ ભરવા માટે ફતેગંજ અને દાંડિયા બજાર સુધી જવું પડતું હતું, અને ત્યાં ખૂબ લાઈનો લાગતા મુશ્કેલી પડતી હતી, જેથી કોર્પોરેશનની વોર્ડ નંબર ૧ની કચેરીમાં ગેસ બિલ ભરી શકાય તેવી વ્યવસ્થા ચાલુ કરવાની માગણી અંતે પૂરી થઈ છે. આજથી ગેસ બિલ સ્વીકારવાનું ચાલુ કરવામાં આવ્યું છે. વડોદરા કોર્પોરેશનની બનેલી વડોદરા ગેસ લિમિટેડ દ્વારા વોર્ડ નંબર ૧ના નિઝામપુરા, નવા યાર્ડ, છાણીનો ભાગ, સરદારનગર, ટીપી ૧૩, કેનાલ રોડ વગેરે વિસ્તારમાં ઘરેલુ ગેસ પાઈપલાઈનના જોડાણો અપાયા છે. ગેસ ગ્રાહકો જે ઓનલાઈન બિલ ભરતા ન હોય તે કોર્પોરેશનની ફતેગંજ ઓફિસે ગેસ બિલ ભરવા જતા હતા, જ્યાં એક જ ટેબલ હોવાથી ગેસ બિલ ભરવા લોકોની લાઈનો લાગતી હતી. છાણી જકાતનાકા વિસ્તારમાં વોર્ડ ૧ની નવી કચેરી કાર્યરત કરવામાં આવતા વોર્ડ નંબર ૧ના કોંગ્રેસના મહિલા કોર્પોરેટરના કહેવા મુજબ આ ઓફિસમાં ગેસ બિલ ભરી શકાય તેની સુવિધા ઉભી કરવા છેલ્લા એક વર્ષથી રજૂઆત કરવામાં આવી હતી.

### AICC સંગઠન મહાસચિવ કે.સી.વેણુગોપાલે કરી બેઠક

## કોંગ્રેસ અધિવેશનને લઈ ગુજરાતમાં તડામાર તૈયારી શરૂ

। (એજન્સી) અમદાવાદ, તા.૪ ।

ગુજરાતમાં ૬૪ વર્ષ બાદ કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનનું આયોજન થવા જઈ રહ્યું છે. આ પહેલાં છેક ૧૯૬૧માં ભાવનગરમાં કોંગ્રેસનું અધિવેશન યોજાયું હતું. તારીખ ૮-૯ એપ્રિલ ૨૦૨૫ના દિવસ AICC અધિવેશનનું સ્થળ નક્કી કરવા માટે સંગઠન મહાસચિવ કે.સી વેણુગોપાલ અમદાવાદ પહોંચ્યા હતાં. ત્યારબાદ મંગળવારે (૪ માર્ચ) બપોરે ત્રણ વાગ્યે ગુજરાત કોંગ્રેસ કાર્યાલય ખાતે બેઠક યોજી હતી. આ બેઠકમાં ગુજરાતમાં યોજાનારા ૬૪માં અધિવેનશને લઈને નેતાઓને વિવિધ જવાબદારી સોંપવા અંગે ચર્ચા-વિચારણા કરાઈ હતી.કે.સી વેણુગોપાલે આ વિશે જણાવ્યું કે, હું રાષ્ટ્રીય અધિવેશનના સ્થળની પસંદગી માટે ગુજરાત આવ્યો છું. અમે ગુજરાતના ગાંધીજી-સરદારના વારસાને લઈને આગળ વધી રહ્યાં છીએ. હાલ, ગુજરાતમાં કોંગ્રેસ માટે અનેક પડકારો છે, જેનો અમે સ્વીકાર કરીએ છીએ. પડકારોને ઝીલીને કોંગ્રેસ ગુજરાત પર ફોકસ કરશે. નોંધનીય છે કે, AICC અધિવેશનમાં દેશભરના AICC પ્રતિનિધિઓ એકત્રિત થશે. જેમાં બંધારણ તેમજ તેના મૂલ્યો પર થતાં સતત હુમલાઓ અને ભાજપની જનવિરોધી નીતિઓ અંગે ચર્ચા થશે તેમજ પાર્ટીની આગામી કામગીરી અંગે માર્ગદર્શન નક્કી કરવામાં આવશે. કોંગ્રેસ ૩૦ વષથી ગુજરાતમાં છેલ્લાં ૩૦ વષથી હારનો સામનો કરી રહી છે. હાલમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પણ કોંગ્રેસને કારમી હારનો સામનો કરવો પડ્યો હતો. હવે કોંગ્રેસ મિશન-૨૦૨૭ હેઠળ અત્યારથી તૈયારીમાં લાગી ગઈ છે. ૮ એપ્રિલે વિસ્તૃત કોંગ્રેસ વર્કિંગ કમિટીની બેકઠક સાથે અધિવેશન શરૂ થશે. ત્યારબાદ ૯ એપ્રિલના દિવસે AICC પ્રતિનિધિઓની બેઠક યોજાશે. આ બંને બેઠકમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગે અધ્યક્ષતા કરશે તેમજ સંસદીય પક્ષની અધ્યક્ષ સોનિયા ગાંધીજી, લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, કોંગ્રેસ શાસિત રાજ્યોના તમામ મુખ્યમંત્રીઓ, રાષ્ટ્રીય પદાધિકારીઓ, વરિષ્ઠ નેતાઓ અને અન્ય AICC પ્રતિનિધિઓ હાજર રહેશે. આ AICC અધિવેશન બેલગાવીમાં યોજાયેલી વિસ્તૃત CWC બેઠક (નવા સત્યાગ્રહ બેઠક)માં અપાયેલ ઠરાવની ચાલુ પ્રક્રિયા તરીકે યોજાઈ રહ્યું છે, જે ૧૯૨૪માં મહાત્મા ગાંધી દ્વારા અધ્યક્ષપદ સંભાળવામાં આવેલા કોંગ્રેસ અધિવેશનની ૧૦૦મી વષર્ગાંઠની યાદમાં યોજાઈ હતી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહનું ગૃહરાજ્ય ગુજરાત છે. જેથી ગુજરાતની દરેક ચૂંટણી ભાજપ માટે ખૂબ જ મહત્ત્વની હોય છે. આવી સ્થિતિમાં જો કોંગ્રેસે પોતાની સ્થિતિ મજબૂત કરવી હોય તો તેને ગુજરાતમાં ભાજપને નબળું પાડવું પડશે.

## ડેકીમાં મૂકેલા ૨૫ લાખની રોકડ સાથેનું એક્ટિવા ચોરી ગઠિયો ફરાર

### IIM રોડ પરના થર્ડ આઇ વિઝન બિલ્ડિંગના પાર્કિંગનો બનાવ

। અમદાવાદ, તા.૪ ।

કાલિકા ગ્રૂપના સાઈટ બિલ્ડરના ત્યાં કામ કરતો સાઈટ ઈન્ચાર્જ ઘરેથી ૨૫ લાખ રોકડા લઈને નીકળ્યો હતો. તેણે ૨૫ લાખ કંતાનના થેલામાં મૂકીને એક્ટિવાની ડેકીમાં મૂક્યા હતા. સવારથી તે અલગ અલગ જગ્યાએ કામ પતાવીને સાંજે આઈઆઈએમ રોડ પર આવેલા થર્ડ આઈ વિઝન બિલ્ડિંગ ખાતેની ઓફિસે પહોંચ્યો હતો. ત્યાં કામ પતાવીને ઘરે જવા નીકળ્યો ત્યારે એક્ટિવા પાર્કિંગમાંથી ગાયબ હતું. જેથી ત્યાં તપાસ કરતા એક્ટિવા ચોરી થયું હતું. સીસીટીવી કેમેરામાં એક શખ્સ ચોરી કરતો નજરે પડ્યો હતો. આ મામલે પોલીસને જાણ કરાતા ગુજરાત યુનિ. પોલીસે ૨૫ લાખ રોકડા અને એક્ટિવાની ચોરી મામલે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. ભાડજમાં આવેલા અવધ હાઈલેન્ડમાં નિતેશભાઈ પટેલ રહે છે. નિતેશભાઈ કાલિકા ગ્રૂપના સાઈટ બિલ્ડર અમરીશભાઈના ત્યાં ૧૭ વર્ષથી સાઈટ ઈન્ચાર્જ તરીકે નોકરી કરે છે. અમરીશભાઈએ તેમના મિત્ર વિપુલભાઈ શાહ પાસેથી દોઢ માસ પહેલા ૨૫ લાખ નિતેશભાઈને અપાવ્યા હતા. જે પરત આપવાના હોવાથી ગત તા. ૨૮ ફેબ્રુઆરીએ ઘરેથી ૨૫ લાખ ભરેલો કંતાનનો થેલો એક્ટિવાની ડેકીમાં મૂકીને નીકળ્યા હતા. પહેલા તે સાબરમતી કન્સ્ટ્રક્શન સાઈટ પર ગયા હતા. ત્યાંથી નીકળીને એક વ્યક્તિને ચેક આપવા ગયા હતા. બાદમાં સાંજે આઈઆઈએમ રોડ પર આવેલા થર્ડ આઈ વિઝન કોમ્પલેક્સમાં આવેલી ઓફિસમાં ગયા હતા. જ્યાં કોમ્પલેક્સના પાર્કિંગમાં એક્ટિવા પાર્ક કરીને ઓફિસમાં કોસ્ટિંગનું કામ કરીને રાત્રે સાડા દસેક વાગ્યે ઘરે જવા નીકળ્યા હતા. ઘરે જતી વખતે તેમણે પાર્કિંગમાં જોયું તો તેમનું એક્ટિવા ગાયબ હતું. જેથી આસપાસમાં તપાસ કરવા છતાંય એક્ટિવા મળ્યું નહોતું. જેથી કોમ્પલેક્સના સીસીટીવી તપાસ કરતા એક શખ્સ ડુપ્લિકેટ ચાવીથી એક્ટિવા ચોરી કરતો દેખાયો હતો. આમ, એક શખ્સ ૫૫ હજારનું એક્ટિવા અને ૨૫ લાખ ચોરી જતા આ મામલે ગુજરાત યુનિ. પોલીસે ગુનો નોંધી શખ્સની શોધખોળ હાથ ધરી છે.

